
સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

ઓગષ્ટ - ૨૦૦૬



## સુરતમાં વિનાશકારી જલપ્રલય...
## તાપી નદીમાં પૂરનું તાંડવ...

૧૫ ઓગષ્ટ, સ્વતંત્રતાના દિવસે વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ પધારી સુરતમાં વિનાશકારી જલપ્રલયમાં થયેલ અસરગ્રસ્ત વિસ્તારોની મૂલાકાત લઈને સહુ કોઈને આ સંકટમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ આવેલ આપતીને સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરી હતી.




સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી

તંત્રી : સાધુ દિવ્યસ્વરૂપદાસજી ✤ વર્ષ :- ૨, અંક :- ૩, તા. ૨૦-૮-૦૬

સંપાદક :- સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)



:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ - વડતાલ

:: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી


આપ જો 'ઈન્ટરનેટ' સુવિધાથી સુવિદિત હો તો

**આજે જ ક્લીક કરો...**

**www.chintansardhar.com**

આધુનિક યુગમાં 'ઈન્ટરનેટ'ની સુવિધાથી આપ ઘેર બેઠા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આશીર્વાત્મક આજ્ઞાથી સરધાર મંદિર દ્વારા પ્રકાશિત 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' અંકના ઓનલાઈન ગ્રાહક તેમજ ઓનલાઈન અંકને માણી શકશો. અને સાથે સાથે ઓનલાઈન સરધાર મંદિર દ્વારા પ્રસ્તુત પ.પૂ. લાલજી મહારાજની અમૃતવાણી, પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા અન્ય ધુન-કીર્તનની VCD, MP3 & Audio Cassette અને ધાર્મિક પુસ્તકો તેમજ પૂજા-સામગ્રી આદિક સાહિત્ય હવે તમો ઘેર બેઠાં વસાવી શકશો.

## :: લેખો અંગે પત્રવ્યવહાર ::


'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫


## :: લવાજમના દર ::

| | |
|---|---|
| વાર્ષિક લવાજમ | : રૂા. ૮૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ ૧૩૦ U.S.A. |
| | : £ ૧૦૦ U.K. |

## :: અનુક્રમણિકા ::


| | | | |
|---|---|---|---|
| ૧ | દિવ્ય ઉપદેશાત્મક અમૃતધારા | - તુલસીભાઈ માસ્તર - સુરત | ૨ |
| ૨ | કલ્યાણકારી વનવિચરણ યાત્રાની પૂર્ણાહુતિ... | - સાધુ અમૃતસ્વરૂપદાસ | ૫ |
| ૩ | હિંડોરનામેં હોરે હોરે ઝૂલો મહારાજ રે.!. | - સાધુ દિવ્યસ્વરૂપદાસ | ૮ |
| ૪ | ઝૂલે નટવર બાર બારણે, હિંડોળો કીધો વડતાલ... | - શ્રી પ્રવિણચંદ્ર એસ. ઉપાધ્યાય | ૧૦ |
| ૫ | સર્વોપરિ ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના... | - શ્રી પ્રવિણચંદ્ર એસ. ઉપાધ્યાય | ૧૧ |
| ૬ | બલિદાન કદી નિષ્ફળ જતું નથી... | - સાધુ યોગેશ્વરદાસ | ૧૩ |
| ૭ | ગ્રહણ - પર્વ | - સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય) | ૧૬ |
| ૮ | પ્રેંમાનંદનો રે વહાલો... વરસ્યા અમૃત મેહ | - સાધુ નિષ્કામસ્વરૂપદાસ | ૧૯ |
| ૯ | આત્યંતિક કલ્યાણ...આજ્ઞા-ઉપાસના ચિંતન | - સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય) સરધાર | ૨૧ |
| ૧૦ | ધર્મામૃત...સંત પંચવર્તમાન ચિંતન | - સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય) સરધાર | ૨૪ |
| ૧૦ | આખા (પીપલાણા) ગામનો અલૌકિક મહિમા | - પૂજારી શ્રી બિપીનચંદ્ર ગૌરીશંકર મહેતા-આખા | ૨૬ |
| ૧૧ | સત્સંગ શબ્દજ્ઞાન મનોરંજન...બાલ-યુવા સત્સંગ ચિંતન | પાર્ષદ રાજુ ભગત તથા મયુર ભગત - સરધાર | ૨૭ |
| ૧૦ | સત્સંગ સમાચાર પત્રિકા... | | ૨૮ |
| ૧૧ | આગામી આવતા વ્રતો તથા ઉત્સવ-સમૈયાનો નિર્ણય | | ૩૧ |


## :: લવાજમ અંગે ગ્રાહક પત્રવ્યવહાર ::


શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhar.org ◆ E-mail : amrutdhara2003@yahoo.com

: સંપાદક :
તુલસીભાઈ માસ્તર - સુરત



**સર્વાવતારી, સર્વોપરી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના નવમાં વંશજ
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની**

# દિવ્ય ઉપદેશાત્મક અમૃતધારા

વ્હાલા ભક્તો, શાસ્ત્રકારો એમ કહે છે કે મનુષ્યના જીવનની અંદર સારા અને નરસા એમબેય પ્રકારના ગુણો રહેલા છે. જેમધરતીની અંદર તમામ પ્રકારના રસ રહેલાં છે, પણ જેવી બીજની શક્તિ હોય એવા રસને જ ધરતીમાંથી ખેંચીને તેવાં જ ફળ-ફૂલને ખીલાવે છે. તેંમ માણસની અંદર સારા અને નરસાં તમામ પ્રકારનાં ગુણો રહેલા હોય છે. તેમાં જેની જેવી વૃત્તિ હોય છે તેવાં ગુણનું ગ્રહણ કરે છે. વર્ષોથી, યુગોથી જીવાત્માને દૈવી અને આસુરી એમ બે પ્રકારે વહેંચવામાં આવે છે. દૈવી જીવ હોય તેનેજ સહેજે સહેજે ભક્તિનો યોગ થતો હોય છે. શ્રીજી મહારાજે કહ્યું છે કે ધ્રુવ અને પ્રહ્લાદ જેવા ઘણાને ભગવાન ઓળખાણા અને તેઓને ભગવાનનો કેફ રહ્યો, બીજાને કેફી કર્યા અને બીજાને ભગવાન ઓળખાવ્યા.

જે મુમુક્ષુ જીવાત્મા છે તેવા ભગવત્ ભક્તોને ક્યારેય પણ ધર્મને-ભક્તિને માર્ગે ચાલવા બળનો પ્રયોગ કરવો પડતો નથી. અને ફક્ત ઈશારો જ કાફી હોય છે. એક વખત જ્ઞાન ઉપદેશ કરવામાં આવે તો એ એટલી સહજતાથી સમજી લે, ગ્રહણ કરીલે છે.

એક વખત ગઢપુરની અંદર શ્રીજી મહારાજ બિરાજમાન હોયને ભક્તોને પ્રશ્ન પૂછવામાં આવે કે, ભગવાનનાં સ્વરૂપની ઓળખાણ થઈ હોય, આ સત્સંગની ઓળખાણ થઈ હોય, તેમાં જે આસુરી જીવ હોય તે તેનું આસુરીપણું કેમ મુક્તો નથી ? એ શું બતાવે છે ? એ બતાવે છે કે મનુષ્યની જેવી વૃત્તિ છે, જેવી ગુણ ગ્રાહિતા છે તેવું તેને સમજાય છે. આસુરી જીવોને તમે હિતનાં વચન કહો તો પણ તેઓને મનાતા નથી. તેઓ લોકોને છેતરવા માટે ઠગ પ્રવૃત્તિ કરે છે. તેઓ બીજાનું હિત કરતાં નથી.

આસુરી જીવોએ સાધુનાં-જ્ઞાનીનાં વેશમાં મને ખૂબ માખણ ચોપડ્યું છે. પણ મહારાજનાં એવા આશિર્વાદ છે કે મને એવું માખણ ભાવતું નથી. તકલીફ ત્યાં છે. (વ્હાલા ભક્તો હું દુધ દહીંની વાનગી પણ ખાતો નથી.) માણસને પાડવા તેઓ માન આપીને પાડી દે છે. એવું માન મોટપ આપી પણ એમાં અમે લેવાણાં નહીં.

ગઢડામાં શ્રીજી મહારાજે એક વખત પ્રશ્ન પૂછયો કે ભગવાનનાં સ્વરૂપની ઓળખાણ થઈ હોય તો પણ ભગવાનની ભક્તિમાં વિઘ્ન આવી જાય તેનું શું કારણ છે ? શ્રીજી મહારાજ સુંદર રીતે સમજાવે છે કે, તેમાં ચાર વાનાં છે (૧) કામ(૨) ક્રોધ (૩) લોભ અને (૪) ભય આ ચારવાનાએ કરીને ભક્તની દ્રઢતાનું, વિશ્વાસનું અંગ બંધાયેલું હોય છે. તે જ્યારે તુટી જાય

છે ત્યારે ભક્તિમાં વિઘ્ન આવી જાય છે.

કામએટલે વાસના. આ કેવળ દેહ સબંધી જ વાસનાની વાત નથી પણ દુનિયાની કોઈપણ માયિક પદાર્થ સબંધી વાસના બંધાય તેને કામ કહેવાય. તે કામભક્તિ માર્ગમાં વિઘ્ન નાખે તે ભક્તિ ન કરવા દે. કોઈપણ પ્રકારની વાસના હોય તે ભગવાન ભજવા ન દે. એ માર્ગમાં વિઘ્ન જ ઊભું કરે. હા, જો ભગવાનની મૂર્તિની વાસના હોય, ભગવાનની ભક્તિની વાસના હોય-જેને સદ્‌વાસના કીધી તો તેનો હેતુ કંઈક જુદો પણ હોય. જોકે શાસ્ત્રમાં વાસનાને બંધનકારી જ ગણી છે. પણ દુષિત વાસના હોય તે વ્યક્તિને મોક્ષમાર્ગમાંથી પતનનું કારણ બને છે.

પછી નામઆપ્યુ ક્રોધ. વ્હાલા ભક્તો, ક્રોધની અંદર ઘણું સમાવિષ્ટ થાય છે. સૌથી પહેલાં ક્રોધની અંદર માન આદિ રજોગુણનો સમાવેશ થાય છે. માન મોટપ, ઈર્ષા, તૃષ્ણા આ રજોગુણી દુષણો છે તે ક્રોધ સાથે જોડાય છે. અહંકાર પણ માણસને ઘણો નડે છે. જેમાં ભગવાનની મોટપ તેને યાદ ન રહે અને પોતાનાં અહમ્‌ને પોષે. નામ લે ધર્મનું અને કામ કરે પોતાનું.

હવે ત્રીજો લોભ. લોભ એટલે લાલચા. કંઈ મેળવવાની, કંઈ પામવાની ઈચ્છા. બીજાનું અહીત કરીને, કપટ કરીને, બીજાની પાસેથી પડાવવાની વૃતિ હોય તેને લાલચા કીધી, લોભ કીધો. સારી વૃતિથી કંઈ મેળવવાની ઈચ્છા હોય તેને ધગશ કીધી. આ લોભની અંદર લાલચનો સમાવેશ થાય છે. લોભનો અર્થ પોતાના જ અહં-મમત્વને પોષવા બીજાને એટલી હદ સુધી કપટથી પાડવાની વૃતિ હોય તેને લોભ કીધો.

ચોથો ભય. માણસની દઢતા ઘણી વખત ભયને કારણે તુટી જતી હોય છે કે અમારૂં શું થશે ? અમારે ખોટું કરવું છે અને અમે પકડાઈ જઈશું તો શું થશે એવો ભય. વળી, આમા અમારો સ્વાર્થ નહીં સધાય. અને બહોળો સમાજ આમ(સામે પક્ષે) જતો રહેશે એવો ભય એ સત્સંગમાંથી-ભક્તિમાંથી પાડે છે. એવાને સ્વામિનારાયણ ઓળખાણા જ નથી. કારણ કે તેને સ્વામિનારાયણનો વિશ્વાસ જ નથી.

આવા ચાર વાના ઉપર જે વિજય નહી મેળવે તેને વિઘ્ન થશે. આવા યુગના જે દોષ છે તે તરવા માટે આત્મનિષ્ઠાથી તરી શકાય.

શ્રીજી મહારાજે કીધુ કે, મોક્ષ મેળવવો હોય તેને ભગવાનની સર્વોપરી ઉપાસનાની જરૂર પડે છે. ભગવાનનાં ધામમાં જવા માટે ઉપાસનારૂપી વહાણની જરૂર પડે છે. જેમ ગોપીકાઓની ભક્તિ હતી તેવો પ્રેમ, આદર અને શ્રધ્ધાએ સહિત ઉપાસનાં જોઈએ.

શ્રીજી મહારાજે દયા દાખવીને કળયુગની અંદર મોક્ષના સરળ ઉપાયો બતાવ્યા છે.



(૧) પક્ષે કરીને ભગવાનનાં ભક્તનો મોક્ષ થાય છે.

(૨) ભગવાનનાં નામ-સ્મરણ-કિર્તન વિગેરેથી મોક્ષ થાય છે.

પરંતુ ભગવાનને કેન્દ્રમાં રાખીને ભગવાનનો રાજીપો મેળવવો તેજ મોક્ષમાર્ગ છે. ભગવાનની પ્રાપ્તિ છે .

આપણી મહેનત, આપણું લક્ષ ભગવાનને રાજી કરવાનું હોવું જોઇએ. ભગવાને પધરાવેલાં સ્વરૂપોને કેવળ મૂર્તિઓ ન જાણશો. તેને એકાગ્ર ચિત્તે સેવજો, તો નંદ સંતોને જેવું પ્રગટનું સુખ હતું તેવું આપણને સુખ મળશે.

ભગવાન અધમઉધ્ધારણ છે. નીચ, પાપી જીવનું પણ ભગવાન કલ્યાણ કરતા હોય તો પછી આપણું કલ્યાણ કરે તેમાં શું કહેવું. આપણે તો ભગવાનનાં દાસ છીએ. આપણી ઉપર જરૂર ભગવાન કરૂણા દાખવે. આપણી કોઇ જાણે અથવા અજાણે ભૂલ થતી હોયતો મહારાજને પ્રાર્થના કરજો કે, હે મહારાજ ! અમને એવી સદ્બુદ્ધિ આપજો કે એ ભુલોને અમે પુનરાવર્તન ન કરીએ. અમારા જીવનની અંદર અમે આપના બતાવેલા, આપના ચિંધેલા માર્ગ ઉપર ચાલી શકીએ એવી અમને શક્તિ મળે, એવું બળ મળે અને આપનાં ચરણાર્વિંદમાં અમને સ્થાન મળે અને તે માટે અમે કટિબધ્ધ થઇએ એવી અમને શક્તિ આપજો. આવી સાથે મળીને પ્રાર્થના કરશું તો જરૂર ભગવાન સ્વીકારશે.

અમારી ઇચ્છા છે કે, અમારાં પ્રાણ રહે ત્યાં સુધી આ ભક્તોની કથાવાર્તા રૂપે-સદ્ ઉપદેશ રૂપે સેવા કરતા રહીએ, અમારામાં જે  શક્તિ છે તેનો સદ્ઉપયોગ કરીએ. માનવું ન માનવું, ગ્રહણ કરવું ન કરવું એ ભક્તની સ્વતંત્રતા છે. કોઇને પરાણે તો મોક્ષ આપી શકાતો નથી. પણ તમને સદ્ઉપદેશ આપવો એ અમારી ફરજ છે. ભૂખ, તરસ, ટાઢ, તડકો, ઉંઘ, આરામજોયા વિના અમે અમારા કાર્યની અંદર અવિરત મહેનત કરવા માગીએ છીએ. ભગવાન અમને બળ પણ આપે છે અને પ્રેરણા પણ કરે છે. પણ એને જીવનમાં ઉતારવાની જવાબદારી તમારી છે. મને તેનો વિશ્વાસ છે.

વ્હાલા ભક્તો ! મારી ભગવાનનાં ચરણોમાં એવી પ્રાર્થના છે કે દરેક હરિભક્તોને સત્સંગમાર્ગની અંદર, ધર્મ માર્ગની અંદર ઉન્નતિનાં માર્ગે ચાલ્યા કરે, અને ભગવાન તમારા જીવનમાં રહેલા દુ:ખ દારિદ્રો દુર કરે એવી ભગવાન પાસે પ્રાર્થના. સત્સંગી તરીકેની આપણી ઓળખાણ છે - ધર્મ અને ભક્તિ. આત્માનું કલ્યાણ શેમાં છે એ લક્ષમાં રાખજો. મોળી વાત ક્યારેય વિચારશો નહિ. ભગવાનને આશરે બેઠા છીએ. જ્યાં ભગવાન છે ત્યાંજ મોક્ષ છે. ત્યાંજ ધર્મ-ભક્તિ છે. શ્રીજી મહારાજે ઘણી જગ્યાએ વાત કરી છે કે, ‘અમે જે વાત કરીએ છીએ તે તમારા હિત માટે છે. તે તમે ગ્રહણ કરજો.’ એવું ઘણી જગ્યાએ કીધું છે.

આ જીવ માટે ભગવાન ઓળખવા સહેલા નથી. આપણાં ઉપર ભગવાનની કરૂણાછે તેથી આપણને ભગવાન ઓળખાણા છે. તેનાં માટે જે કરવું પડે તે ભક્તો કરજો. ભગવાનને રાજી કરવા જે કરવું પડે તે કરજો. ભગવાન કુરાજી થાય એવું જીવનમાં કંઇ ન કરજો. જીવનમાં ભગવાન રાજી થાય એવું દ્રઢ કરજો.

ભગવાનને એવી પ્રાર્થના કરીએ કે, અમારી મોસમઆર્થિક રીતે સારી રહે, ધર્મ, ભક્તિની પણ સારી રહે એવી પ્રાર્થના કરીએ.

અંતમાં, ભગવાન શ્રી સ્વામિનારાયણ, વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજ, ગઢપુર પતિ ગોપીનાથજી મહારાજ, ધોલેરાવાસી શ્રી મદન મોહનજી મહારાજ, જૂનાગઢવાસી રાધારમણદેવ, વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ, સારંગપુરવાસી શ્રી કષ્ટભંજન દેવ તથા આપણા સૌના ગુરૂ સનાતન ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતુશ્રી, સર્વે સંતોને હરિભક્તોને પોતાના ધર્મમાં રહેવાનું અને ભક્તિ કરવાનું બળ વધે એવી કૃપા વરસાવે એવી પ્રાર્થના સહ....

અસ્તુ મંગલમ્ ॥ ‘મંગળ આશિર્વાદ’)

## આજે જ જુઓ અને તપાસો.  આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે ?

વ્હાલા ભક્તજનો ! ‘શ્રી સ્વામિનારાયણ ચિંતન’ના દરેક અંકમાં સરનામાના લેબલ (મેઈલ બોક્સ) ઉપર આપનો ગ્રાહક નંબર અને આપનું લવાજમપૂરું થવાના મહિના-વર્ષની માહિતી આપવામાં આવે છે. માટે આપના ‘શ્રી સ્વામિનારાયણ ચિંતન’ના કવર પર સરનામાનું લેબલ હંમેશા તપાસતા રહો, અને લવાજમપૂરું થાય તે પહેલાં જ આશરે ૪૦ દિવસ પહેલા આપના નજીકના વિસ્તારમાં ‘ચિંતન’ અંકના ગ્રાહક નોંધણી કરતા કાર્યકર  પાસે આપનો ગ્રાહક નંબર આપીને લવાજમભરવું, જેથી ‘શ્રી સ્વામિનારાયણ ચિંતન’નો એક પણ અંક ચૂકી ન જવાય. અને હા, દર વર્ષે લવાજમભરવાનું યાદ રાખવું પડે તે કરતાં પાંચ વર્ષનું અથવા આજીવન લવાજમએકસાથે પણ ભરી શકાય છે.

સરનામાના લેબલના નીચે આપેલા નમૂના પરથી આપ આપના અંકનું લેબલ તપાસતા રહો અને નવું લવાજમભરવાની પ્રક્રિયા સમયસર કરતા રહો...

End date: 10/20/2030

No.:1
Gadhvi Prafulkumar Jabardanbhai
10/"RamPratap" Gitanagar Main Road.
Rajkot  Ta:  Di: Rajkot-City,
Pin 360002

આ છે આપના અંકના લવાજમ સમાપ્તિની તારીખ

પ્રાસંગિક લીલા ચિંતન

સાધુ અમૃતસ્વરૂપદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
(સરધાર)



# મહાપ્રભુ શ્રી નીલકંઠવર્ણીનું લોજપુરમાં આગમન....
# કલ્યાણકારી વનવિચરણ યાત્રાની પૂર્ણાહુતિ...

*સં.૧૮૫૬ શ્રાવણ વદ - ૬, તા.૨૧-૮-૧૭૯૯ ગુરુવાર*

विक्रमादित्यभूपस्य षट्पञ्चाष्टैकसम्मिते ।
शकस्य वर्तमानेऽब्दे दक्षिणायनगे रवौ ॥३३॥
संवत्सरे च शुक्लाख्ये नभःकृष्णेऽग्निभूतिथौ ।
पुरं लोजाभिधं प्राप काले सङ्गव एव सः ॥३४॥
(શ્રી સત્સંગિજીવન : ૧/૫૦/૩૩-૩૪)

સં.૧૮૫૬ શ્રાવણ વદ - ૬, તા.૨૧-૮-૧૭૯૯ ગુરુવારના રોજ માંગરોળ થઈ વિશ્વના નકશામાં ટપકું પણ ન આવે તેવું આ ગામ અનંતકોટિ બ્રહ્માંડના ધણીને જાણે કે સાદ કરીને બોલાવી રહ્યું છે ! વિરલ પરિવ્રાજકની યાત્રાને વિસામો નહીં, પણ વિરામ આપવા તેની ધરતી જાણે ખોળો પાથરીને બેઠી છે એવું ભારતના વિશાળ પ્રદેશમાં ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારના એક કાંઠા ઉપર આવેલું નાનકડું ગામ લોજપુર એક બિંદુ સમાન પણ ન ગણાય. છતાં તેની ભૂમિના અતિશય પુણ્યના પ્રતાપે તે ધરતીને પૂર્ણ પુરુષોત્તમનારાયણે પોતાનાં ચરણારવિંદથી પવિત્ર બનાવી.

આમ, ૭ વર્ષ, ૧ માસ, ૧૧ દિવસ(કુલ દિવસ ઃ ૨૬૧૨)માં માત્ર ૧૧ થી ૧૮ વર્ષની કિશોરવયમાં તેઓએ વન-પર્વતો સહિતના પ્રદેશોને આવરી લેતી આશરે ૧૨,૫૦૦ કિ.મી.ની યાત્રા પગરખાં વિના, એક કૌપીનભર અને કોઈપણના સાથ-સંગાથ વિના માત્ર વાયુના આહારમાં છ-છ મહિના સુધી માણસનો જ્યાં અવાજ માત્ર ન સંભળાય એવી બર્ફીલી પહાડીઓ પર એકલ પંડે માનસરોવરથી લઈને હિન્દુસ્તાનના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણની સમગ્ર ધરતી પર એ વિરલ પરિવ્રાજકના પદારવિંદ ઘૂમી વળ્યા હતા.

*સં. ૨૦૬૨ શ્રાવણ વદ - ૬, તા. ૧૪-૮-૨૦૦૬ સોમવાર*

માત્ર ૧૮ વર્ષની વયે આશરે ૨૬૧૨ દિવસના આ દીર્ઘ પ્રવાસમાં તેઓએ ભારત, ચીન, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન તથા બર્મા સહિત ૭ દેશોમાં વિચરણ કર્યું હતું.

ભારત દેશનાં ૧૬ રાજ્યોના ૨૫૦થી વધુ ગામોને શહેરોને પાવન કરી મહાપ્રભુ શ્રી નીલકંઠવર્ણી સોરઠનું અતિ ભાગ્યશાળી ગામ લોયેજ (લોજ)માં પધારી સં. ૧૮૫૬, શ્રાવણ વદ-૬ના રોજ વનવિચરણની પૂર્ણાહુતિ કરી.

જ્યારે નીલકંઠ વર્ણીએ લોજપુરની ધરતી પર પગ મૂક્યો, ત્યારે સૂર્યના કિરણોના ધરતી ઉપર ધીરે ધીરે અજવાળાં પથરાતાં હતા. અષાઢી મેઘને પીને ધરતી તૃપ્ત થઈ ગઈ હતી. તેના પેટાળમાં રહેલા રસકસને વલોવીને ખેતરો અને વાડીઓ લીલાછમ બની ગયાં હતા. શ્રાવણનાં સરવડાં તે ઊભા મોલને - જુવારને, લીલાછમ બાજરાના છોડને - ઊંટ પણ ન આંબે એવા ઊંચેરા કરવા ધીમી બુંદે વરસી રહ્યાં હતાં. ગામને ગોંદરે ગાયનું ધણ નિરાંત કરીને બેઠું હતું.

पुराद्बहिस्तत्र स वापिकायामुपाविशद्वर्णिवरो मुहूर्तम् ।
वृन्दावनेन्दुं हृदि चिन्तयानो निजेष्टदेवं नृप! राधिकेशम् ॥३५॥
(શ્રી સત્સંગિજીવન : ૧/૫૦/૩૫)

એવે સમયે નીલકંઠ વર્ણી પશ્ચિમ દિશામાં વાવ હતી તેમાં સ્નાન કરી, તેને કાંઠે વડ હતો. તેની વેદિકા પર મૃગચર્મ પાથરી નિત્યવિધિથી પરવારી

સ્વસ્તિક આસને ધ્યાનમગ્ન બની તે વાવના કાંઠા ઉપર વડ નીચે મોટી શિલા ઉપર બેઠા હતા.

સવારનો કૂણો કૂણો તડકો શ્રાવણના વાતાવરણમાં આહ્‌લાદક લાગતો હતો. મીઠી નીંદરમાંથી જાગીને પનિહારીઓ માથે તાંબાની હેલ્યું લઈને વાવમાં પાણી ભરવા આવવા લાગી. પનિહારિઓની નજર એકાએક નીલકંઠ વર્ણી ઉપર પડી, વર્ણીને જોતાં જ ચિત્રમાં ચીતરી હોય તેમ સ્તબ્ધ થઈ ગઈ. કોઈના માથે જળભર્યું બેડું હતું, કાખમાં ગાગર હતી તો પણ તેમનો ભારને ન ગણકારીને જાણે ધરતી સાથે તેમના પગ ચોંટી ગયા હોય તેમ તે બધી ત્યાં સ્થિર થઈ ગઈ. આટલી કૃશ કાયા છતાં આવું દેદીપ્યમાન મુખારવિંદ ! અંતરના ભાવોને જગાડતી, આકર્ષતી, આ મોહકતા, આ તપસ્વીમાં ક્યાંથી ? લાજના છેડાને સંકોરીને નીલકંઠ વર્ણીને નીરખી નીરખીને જોતી આ પનિહારીઓ આ મોહક કિશોરના વૈરાગ્યથી દ્રવી ગઈ.

**કેમ લીધો હશે વૈરાગ, એતો અચરજ દીસે અથાગ ।**
**પુત્રરત્ન ખોયું જેણે એવું, તેની માતાને દુઃખ હશે કેવું ॥**

(શ્રીહરિલીલામૃત : ૪/૧/૧૧)

આવો રૂડો, રૂપાળો, કોડિલા કાન જેવો દિકરો જેને કૂખે જન્મ્યો હશે તે મા કેટલી ભાગ્યશાળી હશે ! એ તો બરાબર પણ આવો જેનો સુપુત્ર સંસાર છોડી વિતરાગી બની ગયો હશે તે મા-બાપ હવે કેવા દુઃખી થતા હશે ? તેમને થયું કે કાં ભાભીએ મેણું માર્યું હશે કે કાં સ્વજનથી રિસાઈને ઘેરથી નીકળી ગયા હશે ! ધીરે ધીરે બધી પનિહારીઓ નીલકંઠ વર્ણી સમક્ષ આવીને ઊભી રહી. નીલકંઠ વર્ણી ધ્યાનમગ્ન જ હતા. પોતાની વાતોના અવાજે કે તાંબાના બેડાના રણકારે જ્યારે વૈરાગી કિશોર જાગ્રત ન થયા ત્યારે સૌ નિરાશ થઈ વાવમાં પાણી ભરવા જવા લાગી પણ છતાં તેમના પગ તો અહીં જ ઊભા રહેવા મથી રહ્યા હતા.

तेषां सुखानन्दनामा साधुः स्नानार्थमागतः ।
तत्राद्राक्षीद्ध्यानिष्ठं वर्णिनं तमलौकिकम् ॥२॥

(શ્રી સત્સંગિજીવન : ૧/૫૧/૨)

એટલામાં ત્યાંના આશ્રમના સુખાનંદ નામના સાધુ સ્નાનાર્થે આવ્યા. આ સાધુએ પણ આ બાળયોગીને જોયા. તેમને પણ એ અદ્‌ભૂત લાગ્યા. તેમની વૃત્તિઓ આ બાળયોગીના સ્વરૂપમાં ખેંચાઈ ગઈ. તેમને આશ્ચર્ય થયું. તેમના ગુરુના સ્વરૂપમાં પણ તેમની વૃત્તિનો આ પ્રકારનો નિરોધ કદી થયો ન હતો, તો તેમનાથી પણ વિશેષ ચમત્કારી આ વિભૂતિ કોણ હશે ? છે તો નાના બાળ પણ ઓજસ અપૂર્વ છે. સુખાનંદ સ્વામી આ બાળયોગીને નમસ્કાર કરીને કહેવા લાગ્યા :

ततस्तपस्विप्रवरं तं नमस्कृत्य सोऽब्रवीत् ।
कुत आगम्यते वर्णिन्कुत्र वा गम्यते त्वया ॥३॥

(શ્રી સત્સંગિજીવન : ૧/૫૧/૩)

"હે બાળબ્રહ્મચારી ! આપ ક્યાંથી પધારો છો ? આપનું શુભ નામ ? માતા-પિતાનું નામ ? શાથી વૈરાગ્ય ગ્રહણ કર્યો ? આપના ગુરુ કોણ ? આ બધું જાણવાની મને ઉત્કંઠા થઈ છે."

તેમના પ્રશ્નો સાંભળીને નીલકંઠ વર્ણી હસ્યા. એ હાસ્ય મોહક હતું. તેમણે કહ્યું : "સાધુરામ ! ત્યાગીને ન્યાત, જાત, દેશ કે સગાં-સંબંધી હોતાં નથી, જે ભવબંધનથી મુકાવે તે જ માતા-પિતા અને તે જ ગુરુ ! અમે એવા ગુરુની શોધમાં નીકળ્યા છીએ."

સુખાનંદ સ્વામીને આ વાણી સાંભળી આનંદ થયો. તેમને લાગ્યું કે બ્રહ્મચારી નાના છે પણ જ્ઞાની છે. કોઈ ઠેકાણે બંધાય તેવા નથી. તેમણે હાથ જોડી ફરી પૂછ્યું : "બ્રહ્મચારીજી ! આપની વાત સાચી છે પણ જગતની રીતે પૂછવાનો ધર્મ છે એટલે પૂછું છું."

મહાપ્રભુ નીલકંઠ વર્ણીએ સાધુને ખરેખર મુમુક્ષુ જાણ્યા. તેમણે પોતાનું વૃતાંત ટૂંકમાં કહી સંભળાવ્યું. પછી નીલકંઠ વર્ણી સુખાનંદ સ્વામીને પૂછે છે :

**यदृच्छयात्राऽऽगतोऽस्मि कस्त्वं शिष्योऽसि कस्य च ॥४॥**

(શ્રી સત્સંગિજીવન : ૧/૫૧/૪)

"સાધુરામ ! આપનું શુભ નામ તથા આપ કોના શિષ્ય છો, તમે કયા સંપ્રદાયના સાધુ છો તે કહો."

ત્યારે સુખાનંદ સ્વામી કહે : "મારું નામ 'સુખાનંદ સ્વામી' છે. અમારા ગુરુ ઉદ્ધવાવતાર અને આ પૃથ્વી પર ઈશ્વરપણાથી પ્રસિદ્ધ રામાનંદ સ્વામી રામાનુજી દીક્ષાના પરંપરાગત આચાર્ય છે. તેમનો અહીં આશ્રમ છે અને પચાસ સંતો તે આશ્રમમાં અત્યારે રહે છે."

"ગુરુ રામાનંદ સ્વામી હાલ અહીં છે ?" નીલકંઠ વર્ણીએ ઉત્કંઠાથી પૂછ્યું.

"ના, હાલ તો ગુરુવર્ય કચ્છમાં છે, પરંતુ તેમના મુખ્ય શિષ્ય મુક્તાનંદ સ્વામી અહીં છે. તે બહુ જ સાધુતાવાળા, સમર્થ અને ગુણિયલ સંત છે." એટલું કહીને સુખાનંદ સ્વામી અટક્યા. પછી તેમણે કહ્યું : "આપ અમારા આશ્રમમાં પધારો. આપના જેવા સંતના દર્શન આશ્રમના સૌ સંતોને થશે. સૌ કૃતાર્થ થશે. અમારો આશ્રમ પાવન થશે. અમારા સર્વના અગ્રેસર એવા મુક્તાનંદ સ્વામી પણ બહુ જ રાજી થશે."

વર્ણીને આ વાણી ગમી. તેમાં વિવેક હતો, નમ્રતા હતી, તેમાં સાધુતાની મહેક હતી. નીલકંઠ વર્ણીને આ સાધુ ગમ્યા, પણ છતાં ગામમાં જવું તેમને રુચ્યું નહિ. નીલકંઠ વર્ણીએ કહ્યું :

ग्रामं पुरं वापि मुने ! प्रविशामि न कर्हिचित् ।
वृक्षं नवं नवं नित्यं वनेष्वधिवसन्नहम् ॥१२॥

(શ્રી સત્સંગિજીવન : ૧/૫૧/૧૨)

"હે મુને ! અમે વસતિમાં કદી જતા નથી. જ્યાં જ્યાં ફર્યા છીએ ત્યાં નિત્યે નવા ઝાડ નીચે જ મુકામ કર્યો છે."

સુખાનંદ સ્વામી આ સાંભળી નિરાશ થઈ ગયા. તેમણે ફરી કહ્યું : "હે બ્રહ્મચારીજી ! આપ અલૌકિક વિભૂતિ છો. આપનાં દર્શન દેવોને પણ દુર્લભ છે. આપનાં દર્શનથી અમારા આશ્રમના સાધુઓની સાધનાની સમાપ્તિ થશે. આપ કૃપા કરો, નહિ તો આપનું વૃતાંત સાંભળી મુક્તાનંદ સ્વામી આદિક સાધુઓ અહીં આપના દર્શનાર્થે આવશે. હું તો એટલા માટે આપને આશ્રમમાં પધારવાનું કહેતો હતો કે, મુક્તાનંદ સ્વામીને પગમાં વાળાનું દર્દ છે તેથી ચલાતું નથી. પણ કાંઈ વાંધો નહિ, સ્વામી તો પણ આપના દર્શન માટે આવશે."

સુખાનંદ સ્વામીના વચનો સાંભળી નીલકંઠ વર્ણીને મુક્તાનંદ સ્વામીને તથા અન્ય સાધુઓને મળવાની ઈચ્છા થઈ. આવા સાધુઓના ગુરુ રામાનંદ સ્વામી કેવા હશે તે જાણવાની પણ જિજ્ઞાસા થઈ. તેઓ ઊઠ્યા અને સુખાનંદ સ્વામીને કહ્યું : "ચાલો, સાધુરામ ! સ્વામીને અહીં સુધી આવવાની તકલીફ ન અપાય. હું



મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણી
અને સદ્. મુક્તાનંદ સ્વામીનો
લોજપુરમાં પ્રથમ મેળાપ

પણ તમારી સાથે અત્યારે જ તેઓના દર્શન માટે આવું છું.''

સુખાનંદ સ્વામીના આનંદનો પાર ન રહ્યો.

બંને ઉતાવળી ચાલે આશ્રમમાં આવી પહોંચ્યા. દરવાજે જ સૌમ્યમૂર્તિ મુક્તાનંદ સ્વામીનાં દર્શન થયાં. વર્ણીને નમસ્કાર કર્યા. નીલકંઠ વર્ણીએ અનુમાન કર્યું કે આ જ મુક્તાનંદ સ્વામી હશે. તેમણે તેમની આંખમાં બ્રહ્માંડને ભરી દેતો પ્રેમ જોયો. દેહમાં તપ, ત્યાગની છટા જોઈ. તેમની મોહક કાન્તિમાં તેમણે બ્રહ્મચર્યની આભા જોઈ. વિનય અને નમ્રતાની મૂર્તિ સમાન મુક્તાનંદ સ્વામી,વર્ણીનો હાથ પકડી તેમને પ્રેમથી અંદર લાવ્યા ત્યારે નીલકંઠ વર્ણીને લાગ્યું કે ભારતભરના સાધુસમાજમાં જે સાધુતાનાં દર્શન તેમણે નહોતાં કર્યાં તે સાધુતા અહીં આ સાધુમાં તેમને દેખાઈ.

મુક્તાનંદ સ્વામીએ બેસવા માટે આસન પાથરી આપ્યું. પરંતુ વર્ણી તો પૃથ્વી ઉપર બેસી ગયા અને કહે : ''સારી પૃથ્વી અમારું આસન છે. આસનથી દેહનું સન્માન શા માટે ?''

નીલકંઠ વર્ણીના શબ્દોના ચમકારા મુક્તાનંદ સ્વામીની અંતર્વૃત્તિને જાગ્રત કરી ગયા. સુખાનંદ સ્વામીએ વર્ણીની બધી જ હકીકત કહી. વર્ણીએ પણ પોતાના વનવિચરણમાં મળેલા સાધુઓના પોતાની સાથેના વર્તન પ્રકારથી અહીં કંઈક વિશેષ ભાવપૂર્ણ વર્તનનો અનુભવ કર્યો.

એટલામાં ત્યાં આશ્રમના બીજા સાધુઓ આવવા લાગ્યા. તેમને સૌને નીલકંઠ વર્ણીની આ તપોમય સૌમ્ય વિભૂતિ આકર્ષવા લાગી.

जाज्वल्यमानं तपसा मनोनयननन्दनम् ।

पश्यन्तः शान्तमूर्तिं बहुधा ते व्यतर्कयन् ॥१६॥

अहो! तपस्विनो दृष्टा बहवो योगिनो भुवि ।

ईदृशस्तु न कोऽप्यैक्षि न श्रुतोऽप्यत्र साम्प्रतम् ॥१७॥

(શ્રી સત્સંગિજીવન : ૧/૫૧/૧૬-૧૭)

મન અને નેત્રને આનંદ ઉપજાવનાર તપના તેજથી દેદીપ્યમાન અને સૌમ્યમૂર્તિ નીલકંઠ વર્ણીનાં દર્શન કરી અનેક પ્રકારના તર્ક-વિતર્ક કરવા લાગ્યા. અહો ! આશ્ચર્યની વાત એ છે કે આપણે ધરતી ઉપર અનેક તપસ્વીઓ અને યોગીઓ જોયા છે પણ આ વર્ણીના જેવા કોઈ જોયા કે સાંભળ્યા પણ નથી ! આ બ્રહ્મચારીનું ઉગ્ર તપ ક્યાં ? અને બાળલીલાને ઉચિત એમની વય ક્યાં ? તેથી આ કોઈ સાધારણ મનુષ્ય તો નથી જ પરંતુ મનુષ્યરૂપમાં કોઈ દેવતા હોય તેમ લાગે છે. મનુષ્યસ્વરૂપ ધારણ કરનારા આ બાળયોગીરૂપે સાક્ષાત્ સૂર્યનારાયણ તો નથી પધાર્યા ને ? અથવા ચંદ્ર, અગ્નિ કે સનત્કુમારો તો નથી પધાર્યા ને ? અથવા તો શ્વેતદ્વીપવાસી નિરન્નમુક્ત તો નથી પધાર્યા ને ? અથવા તો મૂર્તિમાન તપ જ આ નીલકંઠસ્વરૂપે નથી પધાર્યું ને ? બ્રહ્મચારીના રૂપમાં આ તપોનિધિ ગમે તે હોય પણ આજે આ તપોનિધિનાં આપણને દર્શન થયાં એ આપણા મહદ્ ભાગ્યની વાત છે. એમની સેવા કરવાથી ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી આપણા ઉપર પ્રસન્ન થશે.

આ પ્રમાણે પરસ્પર ચર્ચા કરતા સંતો નીલકંઠ વર્ણીની સેવા કરવા લાગ્યા. મુક્તાનંદ સ્વામીએ પણ વર્ણીનું સ્વાગત કરી આતિથ્ય સત્કાર કર્યો. વર્ણીરાજ પણ પોતાની અલૌકિક બુદ્ધિથી તે સંતોને 'આ હળાહળ કળિયુગમાં પણ જીતેન્દ્રિય અને સદ્ વર્તનશીલ છે' એમ જાણ્યા. અને તેથી તેઓ પોતાને સમાગમ કરવા યોગ્ય છે, એમ માનવા લાગ્યા.

સાધુ દિવ્યસ્વરૂપદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
(સરધાર)



*અષાઢી બીજથી શરૂ થતી હિંડોળા ઉત્સવની પરંપરા એટલે ભક્તિની વૃદ્ધિ કરનારી દિવ્ય પરંપરા.!.*

# હિંડોરનામેં હોરે હોરે ઝૂલો મહારાજ રે.!.

शुचौ मासि प्रतिपदि द्वितीयायां च वा तिथौ ।
वृषराशेश्चन्द्रबले स्थाप्या दोला स्वलङ्कृता ॥१७॥
सायाह्ने प्रत्यहं कृष्णं बालं तत्र निधारयेत् ।
नीराजयित्वा द्वे नाड्यौ भक्त आन्दोलयेत्ततः ॥१८॥

(શ્રી સત્સંગિજીવન : ૪/૬૧/૧૭-૧૮)

આપણાં શાસ્ત્રમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પ્રમાણે કરેલા પ્રેરણાત્મક વિધાન મુજબ સંપ્રદાયમાં દર વર્ષે અષાઢ-શ્રાવણ માસની મોસમમાં હિંડોળાનો ઉત્સવ ઊજવાય છે. અષાઢ વદ પ્રતિપદા કે બીજથી તે શ્રાવણ વદ બીજ સુધી મંદિરોમાં ભાત ભાતના હિંડોળા થાય છે. ભક્તો શણગારેલા હિંડોળામાં ઠાકોરજી પધરાવી સાયંકાળે આરતી બાદ હિંડોળાના પદો ભક્તિભાવપૂર્વક ઝીલે અને ઝીલાવે છે.

તેમાં પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં હિંડોળા ઉત્સવમાં એક નવી જ ભાત પાડી છે. ઉત્તમ ઘાટના અને નવીન રચનાઓના હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવામાં આવે છે. સૂકામેવાના હિંડોળા, અલગ-અલગ ફૂલના હિંડોળા, શાકભાજીના હિંડોળા, પવિત્રાના હિંડોળા, હીરના હિંડોળા, કઠોળના હિંડોળા, અગરબત્તીના હિંડોળા, મીણબત્તીના હિંડોળા, જરીના હિંડોળા વગેરે અવ-નવા હિંડોળા બનાવી ભક્તો ઠાકોરજીને હિંડોળે હિંચકાવીને દિવ્ય આનંદની અનુભૂતિ કરે છે.

હિંડોળાની વિવિધ રચના કરવાનો ઉમંગ પૂર્ણ કરવા સંતો-ભક્તોને ઉજાગરા કરવા પડે, શ્રમ ઉઠાવવો પડે છે તે હિંડોળામાં ઠાકોરજી બિરાજમાન થતાં જ વસૂલ થાય છે.

પરસ્પર પ્રેમભક્તિની દોરીથી ઝૂલતા આવા હિંડોળાનાં સુખ શ્રીજીમહારાજે સૌપ્રથમ ડભાણ ગામે હિંચકો બાંધીને ઝૂલ્યા છે. જેની નોંધ લેતા સદ્. નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણીના ૬૩માં પ્રકરણમાં કહે છે :

**'પછી બાંધ્યો હિંડોળો બારણે, સુંદર વડે સોયામણે ।**
**તિયાં વિરાજ્યા નાથજી, જોઈ જન જાય ભામણે ॥'**

પછી તો શ્રીજી મહારાજે વડતાલ, સુરત, અમદાવાદ, મછિયાવ, માનકૂવા, ગઢડા, બામરોલી, કરજીસણ, સારંગપુર

*"શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં હિંડોળા ઉત્સવમાં એક નવી જ ભાત પાડી છે. ઉત્તમ ઘાટના અને નવીન રચનાઓના હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવામાં આવે છે."*

વગેરે અનેક જગ્યાએ હિંડોળાના સુખ આપ્યાં છે. રંગોત્સવ, ફૂલદોલ, જન્માષ્ટમી જેવા અનેક ઉત્સવ પ્રસંગે હિંડોળે ઝૂલીને ભક્તજનોને આનંદ આપ્યો છે.

ભક્તોને લાડ લડાવવાનો કેટલો ઉમંગ અને ઉત્સાહ શ્રીજીમહારાજને હતો તેનો સાક્ષી વડતાલનો બાર બારણાનો હિંડોળો મોજુદ છે. અડધી રાત્રે પણ ભક્તોને સુખ આપવા શ્રીજીમહારાજ તૈયાર થઈ જતા. જેની નોંધ પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે શ્રીહરિલીલામૃત ગ્રંથના કળશ-૭ના વિશ્રામ ૪૮માં કરી છે :

**'સંતે વિનતી કરી હરિ પાસ, અહો નાથ અજર અવિનાશ;**
**કૃષ્ણજન્મ સમો થાય જ્યારે, તમે આવી અમારે ઉતારે;**
**હિંડોળામાં ઝૂલો હરિરાય, પૂરો એવી અમારી ઈચ્છાય;**
**સુણી શ્રીહરિએ માની વાત, પછી જ્યારે ગઈ અર્ધરાત;**
**જ્ઞાનબાગે આવ્યા ગિરધારી, ઝૂલ્યા હિંડોળે વિશ્વવિહારી.'**

ભગવાન શ્રીહરિ કેવળ હિંડોળે બિરાજીને જ પૂરું કરતા નહીં, પણ હિંડોળે ઝૂલતાં-ઝૂલતાં, ભક્તોના ભાવ જાણી. તેઓની પૂજા અંગીકાર કરીને સૌને મનોવાંછિત સુખ આપતા.

આ સુખને જેમણે માણ્યું અને પ્રત્યક્ષ અનુભવ્યું છે એવા સદ્. નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણીના ૬૭માં પ્રકરણમાં તે સુખની વાત કરતા લખે છે :

**'સંતને આપી આગન્યા, કરો પૂજા તમે પ્રીત્યશું;**
**કેસર ચંદન કુસુમમાળા, ધૂપ દીપ આરતી રીત્યશું.**
**સંત સુંદર સાજ લઈ, કરી પૂજા પરમાનંદની;**
**કૈંક હાર પહેર્યા કંઠમાં, અને કૈંક બાંધિયા બાંય;**
**કૈંક ચરણે બાંધિયા, એમ ફૂલી રહ્યા ફૂલમાંય.**
**આપી સુખ એમ અતિ ઘણું, પછી ચાલિયા ભગવાન.'**

હજારો ભક્તજનોના મનોરથો પૂરા કરીને શ્રીજીમહારાજ અલૌકિક સુખ હિંડોળે હિંચકતા થકા આપતા. કોઈને પણ આ પૂજનના અવસરનો લાભ લેવાનું ચૂકવા દેતા નહીં. જેની નોંધ સદ્. નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણીના ૭૩માં પ્રકરણમાં કરતા લખે છે :

**'રુડો રચ્યો મળી મુનિરાજ, એવે હિંડોળે બેઠા મહારાજ;**
**મળ્યા જન ત્યાં અતિ અપાર, લઈ ઊભા છે ફૂલના હાર;**
**પણ પ્રભુને કેમ અપાય, અતિ ભિડ્ય પાસે ન જવાય;**
**તેના મનોરથ પૂરા કીધા, હાથ છડી વડ્યે હાર લીધા.'**

ભક્તચિંતામણીના આ ૭૩માં પ્રકરણમાં ગ્રંથકર્તા સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ જાણે કે વિશ્વકર્મા હોય ને શું તેમ તેમણે વડતાલ જ્ઞાનબાગમાં પોતાની આવડત-સૂઝ બુદ્ધિ અને કાર્ય દક્ષતા અને કુશળતાએ બાર બારણાનો અદ્ભૂત હિંડોળો ફૂલદોલ ઉત્સવ ઉપર તૈયાર કરી ભગવાન શ્રીહરિને હૈયાના હેતે હિંચકાવ્યા હતા. આ પ્રસંગની નોંધ સ્વામીએ કિર્તનમાં પણ કરી છે :

**'લાગે વૈકુંઠથી રૂડું વરતાલ, હિંડોળે હરિ ઝૂલતા રે,**
**ફૂલદોલનો ઉત્સવ રસાળ, હિંડોળે હરિ ઝૂલતા રે.**
**બાર બાર બારણાનો હિંડોળો શોભતો,**
**કરી નિષ્કુળાનંદે કમાલ, હિંડોળે હરિ ઝૂલતા રે.'**

સદ્. આધારાનંદ સ્વામીએ પણ શ્રીહરિચરિત્રામૃતસાગરમાં શ્રીજીમહારાજની આવી સુખદાયી લીલાની સ્મૃતિ કરતાં લખેલું છે : ''ચાર ઘડી દિવસ રહેતા રામદાસજીએ શ્રીહરિને હિંડોળે બેસવા કહ્યું. તેથી હરિભક્તોના જયજયકાર સાથે શ્રીહરિ હિંડોળે ઉત્તરમુખે બેઠા. વાજિંત્ર વાગવા લાગ્યાં. સંતોને પૂજા કરવા શ્રીહરિએ બોલાવ્યા. સંતો શેર શેર ગુલાલ લઈને શ્રીહરિ આગળ ધરતા. શ્રીહરિ તેમાં પગ મૂકતા. એમ સંતોએ ગુલાલથી પૂજા કરી અને એક એક સાકરનો ગાંગડો શ્રીહરિને આપતા. શ્રીહરિ તે બધાયની સાકર જમતા. પછી આરતી ધૂન થઈ રહી. હરિભક્તો ફૂલના હાર લાવતા, તે ચાલતે હિંડોળે શ્રીહરિ ઘણી ચાતુરીથી લેતા. વેગથી ચાલતા હિંડોળા પર શ્રીહરિ ઊભા રહેતા. જમણા હાથે થાંભલો ગ્રહણ કરી ડાબો હાથ છૂટો રાખતા અને હાર લેતા. હારથી હિંડોળો ભરાઈ ગયો. ક્યારેક હાર હાથમાં રાખેલી છડીથી લેતા. ક્યારેક બે હાથથી પકડીને એક પગથી હાર લેતા. એમ દોઢ પહોર રાત્રિ સુધી હાર લીધા પછી બંધ કર્યું.''

હિંડોળામાં બિરાજી જે અલૌકિક અને દિવ્ય સુખ શ્રીજીમહારાજ આપતા તેનો વધુ એક અંદાજ સદ્. નિષ્કુળાનંદ સ્વામીની આ પંક્તિ દ્વારા જણાય છે :

**'ચરણ ચરચિ ચંદને, છાપિ છાતિ મુનિવૃંદની.'**

(ભક્તચિંતામણી : પ્ર. ૬૬)

હિંડોળામાં બેઠાં બેઠાં સંતોની છાતીમાં ચરણારવિંદ આપી મહારાજ ઉત્સવની સ્મૃતિને જાણે હૈયામાં જ જડી દેતા !

આ સુખમાં ગરકાવ સંતો-ભક્તો સ્થિર કેમ રહી શકે ? હિંડોળે બિરાજેલા શ્રીજીમહારાજની ફરતે આનંદમાં ગરકાવ તેઓ રાસ રમતા ને નૃત્ય પણ કરતા :

**'પછી સંત હિંડોળાને ફરતા, ફર્યા ફેરને ગર્બિ ઉચરતા;**
**રાસમંડળ સરસ જણાય, તેની શોભા ન વરણી શકાય.'**
**'પછી અલબેલા આગળે જન, કરી નૃત્ય ને કરે પ્રસન્ન'**

આમ, શ્રીજીમહારાજે અનેક જગ્યાએ હિંડોળે ઝૂલીને સંતો-ભક્તોને બહુ જ દિવ્ય સુખની અનુભૂતિ કરાવી હતી. શ્રીજીમહારાજે કરેલી અગણિત દિવ્યલીલાઓનું સ્મૃતિચિહ્ન એટલે હિંડોળો... આપણે પણ એ સ્મૃતિની સાથે 'હિંડોળા પર્વ'માં ઠાકોરજીને ઝૂલાવતાં-ઝૂલાવતાં, જન્મમરણના ઝૂલામાંથી મુક્ત થવા, ચાલો આપણે પણ ગાઈએ : 'હિંડોરનામેં હોરે હોરે ઝૂલો મહારાજ રે.!.'

શ્રી પ્રવિણચંદ્ર એસ. ઉપાધ્યાય
(શિક્ષક-બોટાદ)

# ઝૂલે નટવર બાર બારણે, હિંડોળો કીધો વડતાલ...

**રાગ :- શાયર મેઘાણી શું તવપાણી, આતમવાણી એંધાણી...**

હિંડોળા હિંચકા નવરંગી આંબા લીમડા વડલા ડાળ, ખાટ પાટ હાલરડે ઝૂલે, ભક્તિ ધર્મના નૌત્તમ બાળ;
ઘોડિયે પારણે જાય વારણે, નિષ્કુળાનંદ સ્વામી કરી કમાલ, ઝૂલાવ્યા નટવર બાર બારણે, હિંડોળો કીધો વડતાલ.
કાષ્ટ લક્કડ પર સોનાચાંદી, વિશ્વકર્માના વારસદાર, કૃતિ કંડારે હરદમ હેતે, હૈયાનો અર્પે શણગાર;
કુસુમો કોર ફૂલડા ફોરે, ચણે મોતીડા જુઓ મરાળ, ઝૂલે નટવર બાર બારણે, હિંડોળો કીધો વડતાલ.
પ્રાણવંતી પુતળિયો ઊભી, ચમર ઢોળે ધર્મકુમાર; કમાન કંડારી અણમૂલી, ગજપર શીર બેઠા આધાર.
છડી પુકારે રવિ-શશી નમણાં, દીદાર વંદે ગોકુળ ગ્વાલ; રસિયો ઝૂલે હિંડોળામાં, અષાઢ શ્રાવણમાં વડતાલ.
હસ્તી ઊભા ચાર ખૂણા પર, ઘોડી બે પર બે પર હાર; થાંભલી સામે બંને બાજુ, દાંડી ઝૂલાનો આધાર.
હંસ હલાવે મયુર પુકારે, મેઘ ગર્જના વારંવાર; બાર બારણે દર્શન દીધા, શણગારો જુજવા વડતાલ.
શીશમ સાગે નવનીત લાગે, કડા કનકના સહુ શણગાર; હેમ પાલખી દાંડી ચારે, મશરૂ ગાદલીઓ ઓછાડ.
મખમલ નવરંગી નજરાણું, જામો શ્વેત શોભે સુરવાલ; ઝૂલે નટવર બાર બારણે, હિંડોળો કીધો વડતાલ.
મેઘ ધનુષ્યના મોંઘા રંગો, જાત જાત નવલા શણગાર; જંગલ ઝાડી નદિયું નહેરા, ઋષિમુનિ આશ્રમ અણસાર.
હિમાલય સર સરિતા વહેતા, ઝરણા જળના રસિકવિહાર; ઝૂલે નટવર બાર બારણે, હિંડોળો કીધો વડતાલ.
કેસર કાજુ ચારે બાજુ, હીરા માણેક મોતી પ્રવાલ; રત્નો વિધવિધ અણમૂલ, મોંઘા જવાહરો અર્પે સુ ઉજાલ.
સુવર્ણમાં કરી નકશી મોંઘી, વ્યંજન ભરી ઊભી રસ થાળ; ઝૂલે નટવર બાર બારણે, હિંડોળો કીધો વડતાલ.
હરિવર હીંચે, ભક્તો સીંચે, હીરની દોરી ગ્રહી કર માહ્ય; રેશમ રસ્સી ફૂમકા વાળી, હીલો હરખી હરખે ગાય.
મશરુ ગાદી સંત સુહાગી, પુનમ ફાગી ઉજળે ભાલ; ઝૂલે નટવર બાર બારણે, હિંડોળો કીધો વડતાલ.
હીર રેશમના ફૂલના ફળના, નાણાં શાકના નવાનવા; સમય બતાવે વાસણ વિધવિધ, અરીસા સૂકા મેવાના.
બદામ કાજુ દ્રાક્ષ લીલવા, ભાત ભાતના વરવોતાલ; ઝૂલે નટવર બાર બારણે, હિંડોળો કીધો વડતાલ.
વડલે લીમડે રજ્જુ બાંધે, ડાળે હીંચકાઓ સોહાય; હિંડોળે ઝૂલે હરિવર ખાંતે, અષાઢ વદ બીજે રેલાય.
સપ્ત રંગ શોભીતો સારો, મનહર શરદ તણો શણગાર; બાર બારણે નટવર રાજે, હિંડોળો માચ્યો વડતાલ.
બે ડાળીની વચ્ચે હીંચકો, રસ્સી રજ્જુ આવે જાય; આંદોલન પરિસરમાં પડઘા, ચોપાસે પથરાતા ક્યાંય.
ફૂલડામાં ગરકાવ ફુલેલો, ગુઢો રેટો ખેશ ખુશાલ; બાર બારણે નટવર રાજે, હિંડોળો માચ્યો વડતાલ.
હીરની દોરી અત્તર ફોરી, હીંચે ઓરી આઘી જાય; હીલો ગાવે બ્રહ્મમુનિ ને, આરતી આનંદ સ્વામી ગાય.
ઉતારે અંગ અંગને ધારી, સોળ રતીને ઉપર વાલ; બાર બારણે નટવર રાજે, હિંડોળો માચ્યો વડતાલ.
હસતા હસતા તાળી દેતા, વાતો કરતા ઝૂલે અંગ; રસબસ રાતો ગાતો વાતો, અચ્યુત હૈયા રંગ અભંગ.
સ્વસ્તિક સાથીડા સરવાળો, કેસર કાજુ રસની ધાર; બાર બારણે ઝૂલે નૌત્તમ, આજ હિંડોળો વાહ વડતાલ.
વર્ષા રેલે શરદ સહેલે, ફાગણ હોરી ફૂલનો દોલ; ગાવે ઉત્સવીયા મનમાતા, ઝાંઝ પખાજનો ભારે મહોલ.
શ્રાવણ વરસે સરવડાને, ધરણી ઉતર્યા રંગ વહાલ; બાર બારણે રાજે રસિયો, વૈકુંઠથી વહાલુ વડતાલ.
ડભાણ આંબે વડતાલે ને, બામરોલીમાં ધર્મકુમાર; વલાસણે હિંડોળે બિરાજ્યા, ગઢડે ગણાવું કેટલીવાર.
બાર બારણાના હિંડોળે, બોટાદ સારંગપુર સુખપાલ; માંચ્યો હિંડોળો સ્વામીએ, બાર બારણાનો વડતાલ.
હિંડોળા તો વિધવિધ ભાતે, બે ગાદી મંદિરમાં થાય; શિખર બધ્ધ જ્યાં હરિ બિરાજ્યા, પાર ન આવે મહિમા ક્યાંય.
વરણાગી બડભાગી દર્શન, ઉપાધ્યાય વેદ ચારેય ન્યાલ; આજ પ્રતિવર્ષ ઉત્સવ માણો, પ્રવિણ થઈએ નીરખી નિહાલ.
રંગભૂમિને રણભૂમિમાં, હિંડોળા વીર સપૂત તણા; ગુણાતીત સહુ સંત કેસરી, એણે રાખી કોઈ ન મણા.
પરમહંસોએ હોડે મૂક્યા, માથા સાટે ખાધો માલ; રાજ અમુલખ ઉત્સવ માણો, હિંડોળો હર મંદિર હાલ.

શ્રી પ્રવિણચંદ્ર એસ. ઉપાધ્યાય
(શિક્ષક-બોટાદ)




# સર્વોપરિ ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના...

## રાગ :- જે ગમે તે જગત ગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદના સોળ ચિહ્નને હૃદયમાં ધારવાથી જે જે ફળ થાય છે તેને ભક્તિથી ભીંજેલા હૃદયવાળા રસિક ભક્તરાજ કવિએ જે શાસ્ત્રમાં દર્શાવેલા ચરણ ચિંતનના માહાત્મ્યને પોતાની અનુભાવાત્મક ઊર્મિઓથી જન જન પ્રત્યે પહોંચાડવા પોતાની કાવ્ય કુશળતાથી જ તરંગિત બનેલી કડીઓ દ્વારા અત્રે વહાવ્યું છે તે ખરેખર ધન્યાવાદને પાત્ર છે, જેથી આવા અનુભવાત્મક કાવ્યરસથી ભગવાન શ્રીહરિના ચરણારવિંદ સોળે ચિહ્ન સહિત હૃદયમાં ઊતરે છે અને શાંતિનો અનુભવ થાય છે.

આ કાવ્યમાં સૌપ્રથમ ભક્તરાજ કવિએ સોળ ચિહ્ન યુક્ત પદારવિંદવાળા ભગવાન શ્રી પુરુષોત્તમ નારાયણનો અપાર મહિમા વર્ણન કર્યો છે. ત્યારબાદ એ ભગવાનના ચરણારવિંદના સેવનથી કોણ કોણ ભક્તો કેવા કેવા સુખને પામ્યા તેનું વર્ણન કરેલું છે. ભગવાનના ચરણારવિંદના ચિહ્નને માળાના મણકાની સમાન ભગવાનનાં સ્વરૂપમાં ભક્તનાં મનને અવિરતપણે જોડી આપનાર કહેલા છે. તેમજ એ રીતે ભગવત્સ્વરૂપમાં જોડાયેલ ભક્તની નિષ્કામ છતાં અગાધ ભક્તિને ખૂબજ ધન્યતા બક્ષેલી છે. તેમજ અંતમાં એક એક ચિહ્નના ધ્યાનની ફળશ્રુતિનું પણ વર્ણન કરેલું છે. આવા આપણા શ્રી સ્વામિનારાયણ ચિંતન અંકના હેતુને પણ સાકારિત કરતા એક ભક્તકવિના ભાવસભર કાવ્યને અત્રે રજૂ કરતાં આનંદ થાય છે.

- તંત્રીસ્થાનેથી....

સર્વ મંગલ સદા આશ્રિત જન તણા, ચરણારવિંદ જોડ શ્રીજીસુભગ સારી;
મૂર્તિ નિહાળીને ઓળઘોળ બને બધા, આવ્યા સુખ દેવા અભય નરને નારી.
અનિરદેશથી જીવ હિતાવહ લાવિયા, સંદેશો સંસ્કૃતિ અનુપ સરણી;
સર્વોપરિ ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના, કંઈક પ્રાર્થના પછી આવ્યા ધરણી.

પચાસ વર્ષ દોઢ પહોર દિવસ ચડતા સુધી, આરજૂ વૈરાટ બ્રહ્મા ઉચ્ચારી;
સનકાદિક દેવ મુનિ, શિવ સમાધિ કરી, કોટિ બ્રહ્માંડ દેવ વર્ષોવારી.
આવ્યા ન આવિયા ચરણ આ લોકમાં, કોડ ને લાડ પૂરા કરવા કરણી;
સર્વોપરિ ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના, કંઈક પ્રાર્થના પછી આવ્યા ધરણી.

ચરણારવિંદ પાડી આપવાની વાંસદા કરી, પ્રથા સહુ પહેલ ધરમપુર પધાર્યા;
સંપ્રદાય સિમા ચિહ્ન આજ ઉજળું બધું, રાજીપો દાખવી સંત ભક્ત તાર્યા.
સોળ ચિહ્ન શોભતી જોડ જુગલ ચરણની, જાય ન એ મૂર્તિની વાત વરણી;
સર્વોપરિ ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના, કંઈક પ્રાર્થના પછી આવ્યા ધરણી.
ચોફાળ પછેડી પરે, ચલાખે સેજમાં, કુંકુ વરણા બેઉ ચરણ છાપ્યા;
ચંદન નખ-શિખ હરિભક્ત કરિયા હરિ, છાતીમાં ચરણ અરવિંદ સ્થાપ્યા.
ધરવી ધરવી પછી, લાડુ લીએ એકતો, મસ્તકે દોઉં મૂકે હાથલહાણી;
સર્વોપરિ ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના, કંઈક પ્રાર્થના પછી આવ્યા ધરણી.

કાષ્ટ પથ્થર પરે આરસ પહાણમાં, કોતરી કંડારી સલાટ કીધા;
ગામગામે અને ઠામ ઠામે જહાં, ચાર્યમાં સોળે બધે વીધે વીધા.
ઊર્ધ્વરેખા સહિત ઉપડતી દીદાર હે, વારી વારી જાઉં એની પરણી;
સર્વોપરિ ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના,
કંઈક પ્રાર્થના પછી આવ્યા ધરણી.

હરિ અવતરણ થયું, અડવાણે બહુ ઘૂમ્યા, ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમે વિચર્યા;
રમણરેતી કરી, પૃથ્વી પાવની બધી, પરમહંસ ઉપાસના ભાવ ઉચર્યા.
યાવત્ ચંદ્ર દિવાકર સર્વ અક્ષત સદા, ચરણારવિંદો શ્લોક અસ્ખલિત ઝરણી;
સર્વોપરિ ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના, કંઈક પ્રાર્થના પછી આવ્યા ધરણી.

પથ પરંપરા ન'તી અંધશ્રદ્ધા ઘેલછા, સિદ્ધાંત દાર્શનિક હતો તત્ત્વ ન્યારું;
ઉપાસના સર્વેશની પ્રતિપાદિત કરી, માથા દિધા ઈષ્ટની પ્રાપ્તિ સારું.
શુદ્ધ સર્વોપરી ઈષ્ટ હૃદયમાં સદા, આવી બિરાજે મારું નાણું ચલણી;
સર્વોપરિ ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના, કંઈક પ્રાર્થના પછી આવ્યા ધરણી.

વામ-દક્ષિણ કુલ સાત-નવ સોળ છે, ચિહ્ન ચરણારવિંદે ઊર્ધ્વરેખા;
અષ્ટકોણ-સ્વસ્તિક-જાંબુ-જવ શુભ છે, વજ્ર-અંકુશ-કેતુ-પદ્મ નોખા.
ધનુષ્ય ને મીન-ગોપદ-કળશ-ત્રિકોણ જે, અંર્ધચંદ્ર-વ્યોમ વરસે પલળી ધરણી;
અવતારી ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના, કંઈક પ્રાર્થના પછી આવ્યા ધરણી.

રસ રૂપ કૂપ, અમૃત ઉદધિ ભર્યો, અરૂણ કોમળ સબરસ જનેતા;
ચાલ નૌતમ અતિ ગજગતિ ધીરને, આવી દર્શન વારી જાય વેત્તા.
અંગૂઠે તિલ જમણા નખે ચિહ્ન હા, નિકેતન બહુ મુખી શાંતિ કરણી;
અવતારી ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના, કંઈક પ્રાર્થના પછી આવ્યા ધરણી.

પદારવિંદ જુઓ, જુગલ જોડ આ જક્તમાં, મો'રછાપ આપી છે આવી જગતે;
વર્ણવી વાત શું શારદા કહી શકે ? શેષ સહસ્ત્ર મુખે વાણી વદતે.
મોડ બંધા અમે, અભય થ્યા ભક્ત સહુ, ક્યા મુખે વાતને દાખું વરણી;
અવતારી ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના, કંઈક પ્રાર્થના પછી આવ્યા ધરણી.

હથેળો મેળવ્યો, હરિવર હાથમાં, ચરણને મૂર્તિનું ધ્યાન ધારું;
સોળે ચિહ્ને સહિત શોભતી રમ્ય છે, છબી હરિતણી ના હું વિસારું.
ઊર્ધ્વરેખા વામ-દક્ષિણ પગે આગવી, સાર સંસારની નાવ તરણી;
અવતારી ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના, કંઈક પ્રાર્થના પછી આવ્યા ધરણી.

ચરણનું સુખ લીધું, નામ કહું ભક્તએ, વર્ણવું ગાથા હું કુસુમ છોળે;
અંતર આનંદ ભર્યો જાય કો'ને કહ્યો, સિંધુ અમૃત ચડે મન હિલોળે.
સ્વામિનારાયણે અભૂત વાત અર્પીને, શીખવી રીતભાત ન્યાલ કરણી;
અવતારી ઈષ્ટવિણ ષોડષ ચિહ્ન હોય ના, કંઈક પ્રાર્થના પછી આવ્યા ધરણી.

માંચા-સુરા-સોમલા, અલૈયા-જીવા વળી, ખાચર દાદા તણી વાત ઉજળી;
વસ્તા ખાચર, પટગીર કુંડળ કહું, પંચાળા જીણાભાઈ અડકી વીજળી.
પર્વત,ગોરધન શેઠ માંગરોળ તણા, ડોસા વાણિયાએ ઓઢી ઉપરણી;
માળા મણકા સમા ચરણારવિંદ સેવતા, ભક્તિ નિષ્કામ કરી અલખ ધરણી.

મૂળજી-કૃષ્ણજી, પટેલ સામત વંદુ, ગલુજી નામ ઈતિહાસ બોલે;
મયારામ ભટ્ટ, દીનાનાથ પંડિત ભયા, છાનામાના ગયા સગરામ મહોલે.
દામોદર, વિષ્ણુદાસ, વચનામૃતમાં વધ્યા, ભાલચંદ્ર શેઠ સત્સંગી નીસરણી;
માળા મણકા સમા ચરણારવિંદ સેવતા, ભક્તિ નિષ્કામ કરી અલખ ધરણી.

બીરદાવું કાશીદાસ મોટા વિખ્યાત છે, હિમરાજ શાહ પરમ વૈષ્ણવ પાકા;
સુંદરજી દિવાન જે, ભૂજના કહું કથી, કડુ કલ્યાણદાસ ભાઈ કાકા.
ઉકાખાચર સઘન સેવાનું અંગ એ, નાથભક્ત બુદ્ધિની ઉત્તમ ગરણી;
માળા મણકા સમા ચરણારવિંદ સેવતા, ભક્તિ નિષ્કામ કરી અલખ ધરણી.

ગઢાળી શેઠ આંબા ઉજમ લાવીને, પૂંજાભાઈ ડોડિયા જોગિયા નાજા;
કાળુ વાવડિયાને કેમ કરીને ભૂલું, રાણા રાજગર ભાઈ તાજા માજા.
દુબળી ભટ્ટ કલ્યાણ રોકડ કર્યું, દોકડા તેર અર્પી કીધી ઉજાણી;
માળા મણકા સમા ચરણારવિંદ સેવતા, ભક્તિ નિષ્કામ કરી અલખ ધરણી.

શેઠ શિવલાલભાઈ, ભક્ત દેવજી કહું, આણંદજી સંઘેડિયા અવલ રંગી;
વાંજા કમળશી ખરા, સંત સેવા આગવા, ભક્તિ નવધા કરે નિત્ય ઉમંગી.
અરદેશર, ભગુજી નામ વહીએ લખ્યા, અગ્રણ્ય ગૃહસ્થ કીધા નામ વરણી;
માળા મણકા સમા ચરણારવિંદ સેવતા, ભક્તિ નિષ્કામ કરી અલખ ધરણી.

ભાઈ ભક્તો શિરોમાન્ય શિરોમણિ, જીવુબા-લાડુબા હરજી સેવા;
મન-કર્મ-વચને હરિદાસમાં હેત શું, ખાધા નિશદિન અમૃત મીઠા મેવા.
રાજબા-રાયબા-પાંચુબા સ્નેહની, મૂર્તિ પૂર્તિ કરી પ્રેમ પરણી;
માળા મણકા સમા ચરણારવિંદ સેવતા, ભક્તિ નિષ્કામ કરી અલખ ધરણી.

વજીબા-ઝમકુબા-જતનબા કહું કશી, મીણબાઈ-લાધીબાઈ કમર બાંધી;
કુશળ કુંવરબાઈ રાણી ધરમપુર તણા, જીવનમાં આવી ના ક્યારે આંધી.
ગંગામાં, જેતલપુર ગણિકાએ દળ્યું, સ્નેહે ગ્રંથે કરી છે આકારણી;
માળા મણકા સમા ચરણારવિંદ સેવતા, ભક્તિ નિષ્કામ કરી અલખ ધરણી.

**ભગવાન શ્રીહરિના ચરણારવિંદના સુખ પ્રદાતા સોળ ચિહ્નો :**

આવરણ અષ્ટભેદી ગમન અક્ષર કરે, યોગ અષ્ટાંગના ફળને આપે;
અષ્ટસિદ્ધિ મહી ક્યાંય લોભે નહિ, ત્રિવિધના દુઃખ ના રંચ વ્યાપે.
અષ્ટકોણને જથારથ અર્થ આ, દક્ષિણ ચરણારવિંદે પ્રથમ ભારી;
સોળ ચિહ્ન ચિંતવે, ધ્યાન નિશદિન ધરે, પાપ પ્રજળી ઊઠે કષ્ટ કારી.

ધ્યાન સ્વસ્તિક કરે, આપદા ને હરે, આત્યંતિક મોક્ષ કલ્યાણ કુંચી;
બ્રહ્મ-પરબ્રહ્મનું જ્ઞાન તે ઉદ્‌ભવે, યોગ-ક્ષેમ વહન કરે ભક્તિ ઊંચી.
જવ-જાંબુથી બંધાય ના વિષયમાં, ખાટી છાશ પીવે ના પછી જગત ક્યારી;
સોળ ચિહ્ન ચિંતવે, ધ્યાન નિશદિન ધરે, પાપ પ્રજળી ઊઠે કષ્ટ કારી.

ઊર્ધ્વરેખા સદા ઊર્ધ્વગામી કરે, મચ્છ મહાસુખ દે ત્રિકોણ સારી;
ગૌપદ ચરણમાં દુઃખ આવે નહિ, ધનુષ્ય રક્ષણ કળશ અંબુજ વારી.
વ્યોમનું ધ્યાન સંતાપ હૈયાના હરે, અર્ધચંદ્ર બીજ સુખ અર્પનારી;
સોળ ચિહ્ન ચિંતવે, ધ્યાન નિશદિન ધરે, પાપ પ્રજળી ઊઠે કષ્ટ કારી.

મીન જળ જીવન જેમ, શ્રીજી બનીને રહે, અંકુશ ધ્યાન મનવિરામ પામે;
ધ્વજ ફરકે સદા સત્યનો જીવનમાં, વજ્ર આત્મા બને એકજ ભામે.
પદ્મ પરિમલ પ્રસારે સુગંધિત કરે, જીવન સંગ્રામની સકલબારી;
સોળ ચિહ્ન ચિંતવે, ધ્યાન નિશદિન ધરે, પાપ પ્રજળી ઊઠે કષ્ટ કારી.

# ભારતીય આર્યસંસ્કૃતિના. રક્ષણ માટે આપેલું બલિદાન કદી નિષ્ફળ જતું નથી...

સાધુ યોગેશ્વરદાસ, ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી વડતાલ (હાલ- સરધાર)

આપણે હંમેશા માટે યાદ રાખીએ
કે જ્યાં સત્ત્વ હશે ત્યાં સંખ્યાના બળની કશી જરૂર નથી. જ્યાં સત્ત્વ નથી ત્યાં સંખ્યાના વિરાટ બળની કોઈ કિંમત પણ નથી. શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ પાંડવપક્ષે હતા, તેમનું કેટલુંક વિરાટ સૈન્ય કૌરવપક્ષે ગયું એવું વ્યાસમુનિ કહે છે; પરંતુ તો પણ વિજય તો પાંડવોનો થયો. આ નાની ઘટનામાં સત્ત્વને સો સો હાર પહેરાવાયા છે, એ વાત કોઈ ન ભૂલશો : જીવનપર્યંત યાદ રાખ્યા જેવી આ વાત છે.

સત્ત્વ વિનાના સંખ્યાબળને પોતાનું બળ માન્યું છે તે બહુ મોટો ભ્રમછે. ગમે તેવું સંખ્યાબળ પણ સત્ત્વ વગરનું સંપ્રદાયનું તારક નથી. પરંતુ વહેલા કે મોડા નિશ્ચિતપણે મારક જ છે.

દૂધ શુદ્ધ હોય તો થોડુંક પણ ઘણું છે અને પાણીના ભેળવાળું પુષ્કળ હોય તો પણ નકામું છે.

સંખ્યાના બળ તરફ હમેશાં ન જુઓ, હમેશાં તો સત્ત્વ તરફ જ નજર કરો. સત્ત્વ સાથે ઝઝુમતા માણસોને સફળતા મળવામાં કોઈ શંકા રહેતી નથી.

એક અપેક્ષાએ ગુણોમાં શ્રેષ્ઠ ગુણ સત્ત્વગુણ છે. માણસમાં બીજા ગુણોની ખામી હજુ ચલાવી લેવાય, પરંતુ જો તેનામાં સત્ત્વ જ ન હોય તો તેને માણસ જ ન કહેવાય.

સત્ત્વવિહિણો, નમાલો,નિર્વીર્ય, નબળો એવો માણસ ખરેખર તો માણસ જ ન કહેવાય.

જેનામાં શૌર્ય હોય, આગ હોય, થનગનાટ હોય, પડકાર હોય તેને માણસ કહેવાય.

માણસ એટલે સત્ત્વવાન...!

માણસ તે છે જે શૌર્યથી ધગધગતો છે, માણસ તે કહેવાય કે જે અન્યાયની સામે બળવો કરે, બળી જાય અને મરી પણ જાય.

હા, જરૂર મરીને અમર થાય, સોક્રેટીસ મરીને અમર થઈ ગયા.

જેના જીવનની ચાદર એકાદ પણ ડાઘ વગરની હોય એ માણસમાં સત્ત્વની મસ્તી હોય, એના મગજમાં ઉપાસનાની રાઈ હોય, એ અત્યંત નીડર અને અડોલ હોય. હા....ખુશામત ખોરોને અને અહંકારીઓને આવા માથું ઊંચુ રાખીને ફરનારા માણસો ગમતા નથી. પરંતુ એ તો એ લોકોની દીનતા...! હીનતા...! ને ઈર્ષ્યા જ છે. બાકી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં તો આવા જ શૂરવીર નરરત્નોની જરૂર છે. જગતમાં જે કાંઈ નાના-મોટા સારા કામ થયા અને થાય છે તે આવા પવિત્ર અને શૂરવીર માણસોથી જ થયા અને થાય છે.

આ હળાહળ કળિકાળ ચાલે છે, તમને ખબર છે....? અહિં તો સોક્રેટીસ, લિંકનોને, ગાંધીજીઓને, માર્ટીન લ્યુથરોને ખતમકરે છે. પરંતુ વાસ્તવમાં એ આર્યસંસ્કૃતિનું રક્ષણ કરનાર લોકો મરીને અમર જ બનતા હોય છે.

આ કદરદાનોનો સમાજ નથી, પરંતુ વહાલા બંધુજનો, ભક્તો...! જેની પાસે ભગવાન શ્રી સ્વામિનારાયણની બાંધેલ આજ્ઞા-ઉપાસના છે તે લોકોમાં ખુમારી ઠસોઠસ ભરેલી હોય છે. આ વિશિષ્ટતા બીજા માણસોથી ખમાતી નથી. ઈર્ષ્યા અને નિંદા દ્વારા તે ખમીરવંતા આત્માનો નિશ્ચિતપણે ભોગ લેવાય છે. પણ સબુર...! સત્ત્વવાન શૂર સ્વરૂપ વીરપુરુષે પોતાના કામથી જરાય પાછા હટવું નહિ, ના...ના... એક ડગ પણ નહિ. 'હાથી ચલે હજાર....' એ નીતિ અપનાવવી.

**'યા હોમકરીને પડો, ફત્તેહ છે આગે'**

ઘણા વર્ષો પૂર્વે ભારતની અંદર બૌદ્ધ સંસ્કૃતિનો પ્રચાર વ્યાપક બની રહ્યો હતો. વૈદિક ધર્મનું ખંડન કરી અવૈદિકનો પ્રચાર-પ્રસાર હરણફાળ વધતો જતો હતો. ત્યારે એક વૈદિકધર્મપ્રિયનું હૈયું આ વાત ખમી શક્યું નહિ.

આ હળાહળ કળિકાળ ચાલે છે, તમને ખબર છે....? અહિં તો સોક્રેટીસ, લિંકનોને, ગાંધીજીઓને, માર્ટીન લ્યુથરોને ખતમકરે છે. પરંતુ વાસ્તવમાં એ આર્યસંસ્કૃતિનું રક્ષણ કરનાર લોકો મરીને અમર જ બનતા હોય છે.

કુમારિલ ભટ્ટ નામના બ્રાહ્મણ પંડિત કે જેઓ મીમાંસા દર્શનના પ્રણેતા છે. એ બૌદ્ધો દ્વારા થતી વૈદિકધર્મની વિકૃતિને જોઈ કકળી ઊઠ્યા. વૈદિકધર્મના પ્રખર હિમાયતી કુમારિલ ભટ્ટનો આત્મા અકળાઈ ઊઠે છે, વૈદિકધર્મનું વિકૃત સ્વરૂપ એનાથી જોયું જતું નથી. બૌદ્ધદર્શનનો પ્રતિકાર કરવા માટે સંકલ્પ કરે છે.

કુમારિલ બૌદ્ધ શાસ્ત્રનો અભ્યાસ કરવા લાગ્યા. આ કુમારિલ વૈદિકધર્મના અનુયાયી હતા. વૈદિક ધર્મની રક્ષા માટે પ્રાણની ન્યોચ્છાવરી કરવાની ખેવના ધરાવનાર હતા. એમણે બૌદ્ધશાસ્ત્રનો અભ્યાસ કરીને શાસ્ત્રોની નબળી કડીઓ પકડી લીધી. ત્યારબાદ બૌદ્ધ બની ગયેલા રાજાઓ પાસે જઈને એણે વાદ કરવા માટે આહ્વાનો આપ્યા. રાજાઓની ખુશામત કરવા કાજે બૌદ્ધ પંડિતોમાં રૂપાંતરિત થઈ ગયેલા બ્રાહ્મણ પંડિતો સાથે વાદ કરીને કુમારિલ ભટ્ટે ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો. વૈદિક ધર્મની શાન બઢાવવા કાજે એમણે તનતોડ પ્રયત્ન શરુ કર્યો. પરંતુ કમનસીબી એ બની કે રાજાઓ કહેવા લાગ્યા કે, કુમારિલ ! વાદ-વિવાદમાં તમો ભલે જીતી ગયા, યુક્તિઓ ભલે તમારી પાસે વધારે રહી પરંતુ અમે બૌદ્ધ ધર્મને જ સ્વીકારીશું.

આ સાંભળીને કુમારિલને આંતરવેદના વધી જાય છે.

ઠેર ઠેર વાદ-વિવાદો કરીને, વિજય પ્રાપ્ત કરીને એ બૌદ્ધ સમ્મત ધર્મનો છેદ ઊડાડીને વૈદિક ધર્મની સ્થાપના કરે છે. છતાંય એમને એના કાર્યમાં સફળતા સાંપડતી નથી. રાજાઓ અને પ્રજાઓ બૌદ્ધ ધર્મનો ત્યાગ કરવા તૈયાર નથી. અંતે કુમારિલ એક યુવાનની શોધમાં નીકળે છે. જે યુવાન કુમારિલના મિશન(જીવનધ્યેય)ના દોરને આગળ ધપાવે અને વૈદિક ધર્મની વિચારધારાને વિશ્વમાં પ્રસરાવી બૌદ્ધ ધર્મની વિકૃત વિચારધારાને તોડી નાખે.

કુમારિલને એક વ્યક્તિની જ જરૂર છે, એમને ઘણા ખપતા નથી. એક પણ વીર સપૂત એમને મળી જાય એટલે પોતે આત્મસંતોષ માણી લેવા તૈયાર છે.

જેને કેસરીયા જ કરવા છે એને ઘણાની જરૂર નથી. ઘણાની જરૂર તો યુદ્ધમાં લડીને વિજય મેળવવાની ખેવનાવાળાને હોય. કેસરીયા કરનારાઓ લઘુમતી કે બહુમતીનો વિચાર કરતા નથી. ધર્મની સંરક્ષા કાજે એ લોકો બહુમતીના કુખ્યાત તૂતનો વિચાર સુદ્ધા કરતા નથી.

જેને બલિદાન જ દેવું છે, જેને જીવન અર્પણ જ કરવું છે એને ઘણાની જરૂર શી ? ભારતીય સંસ્કૃતિના રક્ષણ માટે આપેલા બલિદાન કોઈના નિષ્ફળ ગયા નથી.

જીજીબાઈ એક જ હતા. સ્વામી કોંડદેવ એક જ હતા, જેણે જીજીબાઈના પેટે અવતરેલા શિવાજીને 'શિવાજી' બનાવવાનું કાર્ય કર્યું હતું ! શિવાજી એક જ હતા. અને તે શિવાજીને શૂરવીર બનાવવામાં પ્રચંડ પ્રેરણા સ્રોત બનેલો રામાયણનો અરણ્યકાંડ પણ એક જ હતો. બધું જ એક ! છતાંય એ એક એકનો સરવાળો જ વૈદિક ધર્મના ધ્વજને ઊંચે આકાશમાં લહેરાવે છે.

કુમારિલ એકની શોધમાં, એને એક ખપે છે; મર્દાનગીભર્યો શૂરવીર અને ધર્મ રક્ષા માટે પ્રાણ આપનાર જવામર્દ !

અંતે કુમારિલ વૈદિક ધર્મના દોરને ખોદતી બૌદ્ધ ધર્મની માન્યતાના પ્રચંડ પ્રચારથી દુઃખી થઈને ત્રાસી જઈને એક ગામની બહાર મોટી તુષ(ફોતરા)ની ગંજી ઊભી કરાવે છે, ઘઉંના છોતરાના ઢગલા ઉપર જઈને કુમારિલ બેસે છે, નીચેથી એ ગંજી ધીરે ધીરે સળગાવાઈ છે, ધીમે ધીમે આખી ગંજીમાં દાહકતા ઉત્પન્ન થવા માંડે છે, ઉપર બેઠેલા કુમારિલનો દેહ પણ તપી રહ્યો છે, શાંત અને ધીરે ધીરે સળગતો એ અગ્નિ કુમારિલને બે-ચાર કલાકમાં ભડથું કરી નાંખતો નથી પરંતુ દિવસોના દિવસો જાય છે અને કુમારિલ શેકાતા જાય છે.

એમના હૃદયમાં એક જ તમન્ના છે કે ધર્મની થઈ રહેલી આ ક્રૂર હાંસીની અવિસ્મરણીય અસર કોઈક દિવસ મને જોતા કોઈના હૈયાને અડી જશે. હું સળગી રહ્યો છું એ જોઈને કોઈ મને પૂછશે કે તમે કેમ બળી રહ્યા છો ? ત્યારે મારી આંતરવ્યથા હું એમને કહીશ. આમ, મારું આ મૃત્યુ નિહાળતા કોઈકનો સચેત આત્મા જાગશે અને ધર્મને બચાવશે.

કુમારિલ બલિદાન દેવા તૈયાર થઈ ગયા છે. એમનું એ બલિદાન એળે જતું નથી. એ જે કોઈ યુવાનની શોધમાં છે એ યુવાન એને એક દિવસ મળી જાય છે.

બધા લોકો એમને જોવા જાય છે, પરંતુ કોઈ પૂછતું નથી કે, પંડિતજી ! તમે કેમબળી મરો છો ? દૂર દૂર એક યુવાન ઊભો હતો. એ જઈ રહેલા લોકોને પૂછે કે, 'ભાઈઓ ! તમે લોકો ક્યાં જઈ રહ્યા છો ?' ત્યારે લોકો જવાબ આપે છે : 'એક મહાન પંડિત બળી મરે છે, એમને જોવા જઈએ છીએ.' ત્યારે યુવાને પૂછ્યું : 'એ કેમબળી મરે છે ?' લોકો કહે : 'એ અમોએ પૂછ્યું નથી.'

એ યુવાન લોકોની સાથે સાથે કુમારિલના દહનસ્થળે આવીને દગ્ધ બનેલા કુમારિલને જોતા જ એ અકળાઈ ઊઠે છે. ઉતાવળે ઉતાવળે એ કુમારિલને પૂછે છે કે, 'ઓ મહાપંડિત ! તમે કેમ આમ મરી રહ્યા છો ? આ તમારી બળતી-ઝળતી કાયા મારાથી જોઈ જતી નથી.' ત્યારે આંનદિત બની ગયેલા કુમારિલ મનોમન બોલી ઊઠ્યા : 'મારા આંતરનાદને સાંભળનાર યુવાન આજે મને મળ્યો ખરો ! મારું મૃત્યુ પણ હવે મંગળ બની જશે.'

કુમારિલ યુવાનને કહે : 'ભાઈ ! તું મારી આ બળતી-ઝળતી કાયા જોઈ શકતો નથી, પરંતુ મારી અને તારી બંનેની વૈદિક

ધર્મરૂપી માતા બળી રહી છે ત્યારે એની બળતી-ઝળતી કાયા તું જોઈ શકે છે ? ઓ નવયુવાન ! મારી કાયા બળતી-ઝળતી જોવાતી ન હોય તો તું વૈદિક ધર્મના ખેંચાઈ રહેલા ચીરની રક્ષા કરવાના શપથ લે. બૌદ્ધ ધર્મ સનાતન વૈદિક ધર્મને ઊડાડી રહ્યો છે, એને પરાસ્ત કરી અહિંથી હાંકી કાઢવાનો સંકલ્પ કર. હું વૈદિક ધર્મના થઈ રહેલા વિનાશને જોઈ શક્તો નથી એથી જ મારી કાયાને જલાવી દઉં છું.'

કુમારિલના ઉપરોક્ત વચનો સાંભળી પેલા નવયુવાનનું હૃદય કંપી ઊઠે છે, કુમારિલની મનોવેદનાને યથાર્થ રીતે પરખી જાય છે. અને તે જ ઘડીએ હાથમાં જળ લઈને સોગંદ લે છે : 'ઓ મહાપંડિત ! તમારી આ વૈદિક ધર્મ સંસ્કૃતિને મારા લાખ લાખ વંદન છે. હું આ હાથમાં જળ લઈને શપથ સ્વીકારું છું કે મારા શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી હું સત્ય સનાતન વૈદિક ધર્મની રક્ષા કાજે પ્રયત્ન આદરીશ, મારા જાનની ફેંસાની કરી દઈશ, તમે નિશ્ચિંત બની જાઓ.'

યુવાનના એ શબ્દો સાંભળીને આનંદવિભોર બની ગયેલા પંડિત કુમારિલ ત્યારે મૃત્યુને સ્વીકારે છે. દગ્ધ એમની કાયામાંથી પ્રાણ પંખેરું ઊડી જાય છે. પોતાના 'મિશન'ને આગળ ધપાવનાર શૂરવીર જવામર્દ પોતાને મળી ગયો એનો એમને આત્મસંતોષ હતો.

મૃત્યુના છેલ્લા દિવસે તેનું બલિદાન સફળ થયું. કારણ કે, તેને 'શંકર' નામનો નવયુવાન મળી ગયો, જે શંકર જ ભવિષ્યમાં આદ્ય શંકરાચાર્ય બન્યા હતા. જેમણે સંપૂર્ણ ભારતમાં વ્યાપી ગયેલા બૌદ્ધ ધર્મના નાસ્તિક મતવાદને પોતાના વ્યક્તિગત જીવન અને પાંડિત્યની પૂર્ણપ્રતિભા સાથે ઠેર ઠેર વિદ્વત્પરિષદો-મહાસભાઓ યોજીને વૈદિક પ્રમાણવચનોથી એવો તો ધક્કો માર્યો કે ભારત દેશની ભૂમિમાંથી સદાયને માટે વિદાય લઈને બૌદ્ધ સંમત નાસ્તિકવાદ સમુદ્રને શરણે પહોંચી ગયો. જેથી સમગ્ર ભારતમાં વૈદિક ધર્મનો પ્રચાર થયો.

બલિદાન કદી નિષ્ફળ ન જાય.

જો સત્ત્વ જીવતું રહે તો ગુમાવેલું બધું પાછું મેળવી શકાય.

હારની બાજી જીતમાં પલટાવી શકાય, બાઈબલમાં લખાયું છે કે, 'ઈસુએ બાર સત્ત્વશાળી માણસોનું એક ગ્રુપ એક વહાણમાં મુકી રાખ્યું છે, તે એટલા માટે કે પ્રલયમાં તમામમાણસો મરી ગયા બાદ એ બાર માણસો નવી સૃષ્ટિનું સર્જન કરશે.'

આ વાતની સત્યાસત્યતા ઉપર આપણે અહીં કોઈ વિચારણા કરવાની જરૂર નથી પરંતુ સારભૂત તાર એ ખેંચવો ઘટે છે કે 'સત્ત્વ હોય તો બધું પુનઃ જીવાડી શકાય' એટલુંજ સમજવા યોગ્ય છે.

સત્ત્વને સામગ્રીની (શસ્ત્રોની) જરૂર પડતી નથી. એ એકલું જ ધસી જઈને કાર્યમાં જ્વલંત સફળતા પામી શકે છે.

એટલે જ કહ્યું છે : 'सर्वं सत्त्वे प्रतिष्ठितम् ।'

વળી કહ્યું છે :

'क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोप करणे'

ધર્મ તો માનવને સત્ત્વપૂર્ણ બનાવે, સત્ત્વહીન કદાપિ બનાવતો નથી. માટે જીવનમાં આસ્તિક એવા આર્યધર્મની તાતી જરૂર છે, નિષ્ઠુર કે નાસ્તિક ધર્મથી કોઈ પણ જીવાત્માનું કલ્યાણ ક્યારેય પણ શક્ય નથી, જ.

તાડના ઝાડની જેમનિર્માલ્ય રીતે સેંકડો વર્ષ સુધી જીવ્યા કરવું એ કરતા તળાવના કમળનું પોયણું ત્રણ દિવસનું જ કેમન બનવું ? જે જીવે છે, ચમક્યા કરે છે, હસે છે અને તુરંત વિદાય લઈ લે છે......इत्यलं सुज्ञेषु किंबहुना આ સૂક્તિને યાદ કરીને અત્રે વિરમીએ,

અસ્તુ...જય શ્રી સ્વામિનારાયણ.

## સર્વે ટ્રેનયાત્રામાં જોડાવનાર યાત્રિક ભક્તજનોને નમ્ર નિવેદન

વ્હાલા ભક્તજનો ! પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર આયોજીત પૂર્વ-ઉત્તર ભારતની શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા તા. ૧૯-૮-૦૬ શ્રાવણ વદ-૧૧ના રોજ ઉપડવાની હતી. તે ટ્રેનયાત્રા સુરત શહેરમાં તાપી નદીના પૂરમાં થયેલ તબાહીના કારણે રદ કરીને થોડા સમય માટે ટ્રેનયાત્રાનો કાર્યક્રમ પાછળ લીધેલ છે. જેની સર્વે યાત્રામાં જોડાવનાર યાત્રિક ભક્તજનોએ નોંધ લેવી. આગામી ટ્રેનયાત્રાનો કાર્યક્રમ નીચે મુજબ છે.

## શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ યાત્રા ટ્રેન

| -: પ્રારંભ :- | :: ટીકીટ દર :: | -: પૂર્ણાહુતી :- |
|---|---|---|
| તા. ૨-૧૧-૦૬ | રૂા. ૧૦,૦૦૦/- કુલ દિવસ - ૧૯ | તા. ૨૦-૧૧-૦૬ |
| કારતક સુદ - ૧૧ (દેવદિવાળી) | | કારતક - ૩૦ (સોમવતી અમાસ) |

**:: દર્શનીય તીર્થસ્થળો ::**

રાજકોટ, ઉજ્જૈન, મથુરા, ગોકુળ, વૃંદાવન, હરિદ્વાર, ઋષિકેશ, અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, કાશી/બનારસ, ગયાજી, બોદ્ધગયા, ગંગાસાગર, કપિલાશ્રમ, કલકત્તા, જગન્નાથપુરી, ભૂવનેશ્વર, કોનાર્ક, નંદનકાન, ચંદ્રભાગા બીચ.

ધાર્મિક પર્વ ચિંતન

સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)
સરધાર

# દેહ, ગેહ, ધન અને મનની શુદ્ધિ કરનારો સમયકાળ એટલે...

# ગ્રહણ - પર્વ

વ્હાલા ભક્તજનો ! આવતા મહિને ભાદરવા સુદ - ૧૫ તથા અમાસના દિવસે ચંદ્ર અને સૂર્યનું ગ્રહણ હોવાથી તે વિષેની માહિતી સમજવા માટે પ્રયત્ન કરીએ. તેમાં સૌપ્રથમ શ્રીજી મહારાજે 'સત્સંગિજીવન'માં જે પ્રમાણે ગ્રહણ વિષે તેનું પાલન તથા સ્નાનાદિ નિયમો કહ્યા છે તેને જાણીને તેનું પાલન કરવા માટે તા. ૭-૯-૦૬ના દિવસે તત્પર થઈ રહીએ તે માટે સૌપ્રથમભગવાન શ્રી સ્વામિનારાયણના ગ્રહણ વિષયક અભિપ્રાયને જાણીને, ત્યારબાદ ભારતીય સંસ્કૃતિના ઋષિઓએ આ ગ્રહણ સમી વૈજ્ઞાનિક-પ્રાકૃતિક ઘટનામાં પણ જે અધ્યાત્મસંકેતો જોયા છે તેનું પણ મહત્ત્વ જાણવા પ્રયત્ન કરીશું.

સત્સંગિજીવનના પંચમપ્રકરણના ૧૯માં અધ્યાયમાં ભગવાન શ્રીહરિ શિયાણી ગામના શિવરામવિપ્રને ઉદ્દેશીને આ પ્રમાણે કહે છે :

હે વિપ્ર ! આ રીતે બે પ્રકારનું જન્મ-મરણનું સૂતક મેં સંક્ષેપથી કહ્યું. આ પ્રકરણમાં ત્રીજું સૂતક રાહુનું (ઉપરાગ-સંબંધી) જાણવું. રાહુનાં દર્શન થતાં, બ્રાહ્મણાદિ સર્વ વર્ણોને પણ સૂતક છે. તે માટે દરેક ભક્તજન ગ્રહણના આરંભમાં ઠંડા પાણીથી સ્નાન કરી જપાદિ કરે. રાંધેલા અન્નનો ત્યાગ કરે. અથાણું, દૂધ, છાશ, દહીં, ઘી અને તેલથી પકવેલાં પદાર્થ, તથા માણમાં રહેલું જળ, તિલ અને દર્ભોથી યુક્ત કરવું, જેથી દોષ લાગતો નથી. (અહીં જળમાં જે દોષાભાવ કહ્યો તે તો આપત્કાળમાં અથવા ગંગાજળમાં જાણવો, કેમકે સ્મૃત્યંતરમાં તેનો નિષેધ કર્યો છે.) બાળકો અને વૃધ્ધો સિવાયનાએ **સૂર્યગ્રહણમાં ઉપરાગના પહેલા ચાર યામ(બાર કલાક), ચન્દ્રગ્રહણમાં ત્રણ યામ(નવ કલાક) પહેલા ભોજન કરવું નહિ.** ગ્રસિત સૂર્યનો ઉદય થવાનો હોય, તો પૂર્વ રાત્રિમાં ભોજન કરવું નહિ. ચન્દ્ર ગ્રસિત ઉદય પામવાનો હોય, તો પ્રથમદિવસે-આગલે દિ'-ભોજન કરે નહિ. સૂર્ય, ગ્રસેલો આથમે તો અહોરાત્ર ઉપવાસ કરે, બીજે દિવસે સૂર્યનાં દર્શન કરીને પછી ભોજન કરે. ચંદ્ર ગ્રસિત આથમે તો મોક્ષનો નિર્ણય જાણીને સ્નાન-હોમાદિ કરે. ફરી ચન્દ્રનો ઉદય થાય, ત્યારે ભોજન કરે. સૂર્ય અને ચંદ્રનાં ગ્રહણથી પહેલાં એક યામ(ત્રણ કલાક) બાળક, વૃદ્ધ અને રોગાતુર પણ ભોજનનો ત્યાગ કરે જ. જે પુરુષ અજ્ઞાનથી ભોજન કરે છે તે તો ત્રણ દિવસના ઉપવાસથી શુદ્ધ થાય. **'પ્રાજાપત્યવ્રત'**થી શુદ્ધ થાય. જો રવિવારે સૂર્યગ્રહણ અને સોમવારે ચંદ્રગ્રહણ થાય, તો **'ચુડામણિયોગ'** કહેવાય. તે યોગ પુણ્યની વૃદ્ધિ કરનારો થાય છે. બીજા વારોમાં સૂર્ય અને ચન્દ્રગ્રહણમાં જે પુણ્ય કહેલું છે, તે પુણ્ય ચુડામણિયોગમાં કરોડગણું કહેલું છે. ગ્રહણના આરંભમાં સ્નાન કહેલું છે. ગ્રસ્ત થાય ત્યારે હોમતથા દેવનું પૂજન કહેલું છે. મુકાવાની તૈયારી હોય ત્યારે દાન કહેલું છે તથા મુક્ત થાય ત્યારે સ્નાનનું વિધાન છે. **જે પુરુષ ગ્રહણના સૂતકમાં, સૂર્ય અને ચન્દ્ર મુક્ત થાય ત્યારે સ્નાન નથી કરતો, તે પુરુષ જ્યાં સુધી બીજું ગ્રહણ થાય ત્યાં સુધી સૂતકી રહે છે.** ઉષ્ણ જળથી શીતલ જળ પવિત્ર છે. બીજાએ લાવેલા જળથી પોતે લાવેલું જળ પુણ્ય આપનારું છે. કૂવામાંથી કાઢેલા જળ કરતાં, તળાવનું જળ પવિત્ર છે. ભૂમિમાં રહેલાં જળ કરતાં પર્વતથી નીકળેલા નિર્ઝરનું જળ પવિત્ર છે. તેથી મહા સરોવરનું જળ પવિત્ર છે, તેનાથી સામાન્ય નદીનું જળ પુણ્યકારી છે, તેથી મહાનદીનું-પુણ્યકારી પવિત્ર છે અને તેથી સમુદ્રનું જળ અધિક પુણ્યકારી છે. પોતાના આત્માની શુદ્ધિ, ઉપરાગ આશૌચની નિવૃત્તિ નિમિત્તે શુદ્ધિ માટે જે સમયે જે જળ મળે તેનાથી સ્નાન કરવું. અને **ગાય, પૃથ્વી, સુવર્ણ, તલ વગેરેનું દાન યથાશક્તિ આપવું.** પૃથ્વી આપનારો સામન્ત-નરેશોનો રાજા થાય છે. અન્ન આપનારો સુખી થાય, ચાંદી આપનારો પૃથ્વીમાં કીર્તિમાન અને રૂપવાન થાય. દીપ આપનારો તિમિરાદિ રોગે રહિત નેત્રવાળો થાય, ગાયનો દાતા સ્વર્ગને પામે, સુવર્ણદાતા દીર્ઘાયુષ્યવાળો થાય, તલ આપનારો સત્પુત્રાદિ પ્રજાવાળો થાય છે. ઉપસ્કરે સહિત ગૃહ આપનારો, સ્વર્ગલોકમાં અતિ ઊંચા મહેલવાળો થાય. વસ્ત્ર આપનારો ચન્દ્રલોકને ભજનારો થાય. ઘોડો આપનારો વિમાનાદિ દિવ્ય વાહનવાળો થાય. બલિવર્દને આપનારો લક્ષ્મીવાન થાય. શિબિકા વાહન અને પલંગ આપનારો પણ ગુણવતી પત્નીવાળો થાય. માટે પોતાની શક્તિ પ્રમાણે શ્રદ્ધાથી જ દાન આપે. જે શ્રદ્ધાથી પ્રતિગ્રહણ કરે છે

અને જે શ્રદ્ધાથી આપે છે, તે બન્ને સ્વર્ગને ભજનારા થાય. શ્રદ્ધા વિના તો તે દાન ફલશૂન્ય જ થાય. **જે પુરુષ સૂર્ય-ચન્દ્રના ગ્રહણ સમયે, યથાવિધિ શ્રાદ્ધ કરે, તે પુરુષને સમગ્ર પૃથ્વીનું દાન આપ્યા બરોબર પુણ્ય થાય છે.** ચન્દ્રગ્રહણની રાત્રિએ શ્રાદ્ધનો દોષ નથી. ગ્રહણાદિ સૂતકવાળાને પણ ગ્રહણમાં શ્રાદ્ધાદિ ક્રિયા કહેલી છે. આ પ્રમાણે મેં ગૃહસ્થાશ્રમમાં રહેલાઓને સુખ આપનારો સદાચારનો વિધિ તમોને યથાર્થ નિરૂપણ કરી બતાવ્યો છે.

હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! આ લોકમાં જે પુરુષ મેં કહેલા આ સદાચારનું શ્રી વિષ્ણુની ભક્તિ સહિત હંમેશા આચરણ કરે, તે અતિશય શુદ્ધ કીર્તિને પામે અને દેહના અવસાનમાં ગોલોક પદ(અક્ષરાદિક ધામ)ને પામે.

ગ્રહણ : આપણા ઋષિમુનિઓની દૃષ્ટિએ...

દેવ-દાનવ યુદ્ધ પુરાણોમાં મહત્ત્વપૂર્ણ વર્ણ્ય વિષય છે. આવા જ એક મહાયુદ્ધ સાથે ગ્રહણની કથા સંકળાયેલી છે. દેવો-દાનવો એકબીજાના પ્રાણ હરી લેવા આતુર હતા એવા મહાયુદ્ધમાં સમુદ્રમંથનનો પ્રસંગ ઉપસ્થિત થયો. મંદરાચલ પર્વતને રવૈયો બનાવી વાસુકિ નાગના નેતરાં રચી તેના મુખ તરફ દાનવો અને પૂંછડી તરફ દેવોએ રહીને નેતરાં તાણવાં શરૂ કર્યાં. આ મંથનના પરિણામે ચૌદ રત્નો નીકળ્યા, જેમાં સમુદ્રમાંથી છેલ્લે નીકળ્યો 'અમૃતકુંભ!'

આ અમૃતકુંભ પામીને દાનવો પણ અમૃતત્વ ઝંખતા હતા, પરંતુ મોહિની સ્વરૂપે પધારી ભગવાને તેમને મોહવશ કરી મૂક્યા. અમૃતકળશ હાથમાં રાખી ભગવાને દેવોને અમૃત આપવાનું શરૂ કર્યું, રાહુ નામે એક દાનવ સૂર્ય અને ચંદ્રની વચ્ચે બેસી ગયો. તેણે અમૃત પીધું પણ ગળાની નીચે ઉતરે તે પહેલાં સૂર્ય અને ચંદ્રે ભગવાન વિષ્ણુને કહી દીધું કે આ તો દાનવ છે. ભગવાને સુદર્શન ચક્રથી તેનો શિરચ્છેદ કર્યો.

આ પછી મસ્તકમાંથી 'રાહુ' નામના દાનવનો જન્મથયો. જે શિરવિહીન અવસ્થામાં ઘૂમવા લાગ્યો. રાહુ તેનું ધડ કેતું બંનેને સૂર્ય અને ચંદ્ર સાથે દ્વેષ વધતો જ ગયો. અને તે બંને આજે પણ વખતો-વખત સૂર્ય અને ચંદ્રને ગ્રસતા રહે છે. આ ઘટનાને **'સૂર્યગ્રહણ'** કે **'ચંદ્રગ્રહણ'** કહેવામાં આવે છે.

આ પૌરાણિક પ્રસંગ ઊજવવાનું શ્રેષ્ઠ સ્થળ 'ગ્રહણે તુ કાશી!' કહીને પવિત્ર તીર્થસ્થાનમાં જ વિશેષપણે નિરૂપવામાં આવ્યું છે. આ દિવસ પણ વ્રતની જેમઊજવવાનું હિન્દુ પ્રણાલીમાં કહેવામાં આવ્યું છે. અગાઉ કહેવામાં આવ્યું છે તેમગ્રહણનો સ્પર્શ થાય તે પછીથી તે **'ગ્રહણ'** મુક્ત ન થાય ત્યાં સુધી અન્નજળ પૂર્ણપણે વર્જ્ય ગણાયું છે.

સૂર્ય કે ચંદ્ર પર થતી પ્રાકૃતિક અસરોથી વિશિષ્ટ પ્રકારના હાનિકારક કિરણોનો ઉત્સર્ગ મોટા પ્રમાણમાં થાય છે. આથી જ સીધું જ **આંખ દ્વારા ગ્રહણ જોવું પણ નુકસાનકારક** સિદ્ધ થાય છે. ખાસ પ્રકારના ગોગલ્સ ચશ્મા વગેરેનો ઉપયોગ અવકાશ-વિજ્ઞાનના વિજ્ઞાનીઓ દ્વારા અનિવાર્યપણે થતો રહે છે.

આ જ કિરણોની વિપરીત અસર તાજાં રાંધેલા કે વાસી અન્ન ઉપર થાય છે. આથી જ ગ્રહણના સ્પર્શ દરમ્યાન કાંઈ પણ ખાવાની કે પીવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

આપણે જાણીએ છીએ કે પૃથ્વી પરની સમગ્ર જીવસૃષ્ટિ સૂર્યને કારણે છે. વૃક્ષ, વનસ્પતિ, મહાસાગરો, શિયાળો-ઉનાળો-ચોમાસું જેવી ઋતુઓ તેમજ શુદ્ધ ઓક્સિજન વગેરે પણ સૂર્યના તેજ, તાપને જ આભારી છે. આવી જીવસૃષ્ટિને હાનિકર્તા તમામજીવજંતુ, વિષાણું વગેરેને મારી નાખવાની શક્તિ સૂર્યપ્રકાશમાં છે. સૂર્યગ્રહણ સમયે એ તાપ પૃથ્વી પર આવતાં અટકી જાય, અને રોગના વાયરસ પ્રત્યેક ક્ષણે અબજોની સંખ્યામાં વધી જાય. આ જ કારણે ગ્રહણના સ્પર્શવાળું રાંધેલું અનાજ કે ચોખ્ખું જણાતું પાણી પણ દૂષિત થયેલું હોય છે અને તેને સ્વીકારવાનું નિષિદ્ધ ગણાયેલું છે.

ચંદ્ર ઔષધમાત્રનું પોષણ કરે છે, આથી ચંદ્રગ્રહણ વખતે પણ ઉપરોક્ત પ્રક્રિયા જ કારણભૂત બની રહે છે. વૈજ્ઞાનિક ડૉ. થોર્ટન કહે છે કે ગ્રહણના સમય દરમ્યાન લીધેલા ભોજનની, પેટની અંદરના કુમળા અવયવો ઉપર ખૂબ વિષાકન (વિપરીત) અસર થાય છે. આથી જ 'ગોદડાગ્રહણ' ન કરવાની ગ્રામીણ બોલીમાં અપાતી સલાહ અનુસાર એ સમયે સૂવાનું પણ વર્જ્ય ગણાતું આવ્યું છે. આ સમયને એકમાત્ર ભજન કરવા માટે જ અનુકૂળ ગણવામાં આવ્યો છે.

આ દિવસે લોકો માટલા વગેરે પણ ખાલી કરી દે છે. અનાજ વગેરે ઉપર 'દર્ભ'ની સળી મૂકે છે. આ અંગે પં.માધવાચાર્ય શાસ્ત્રીનું કથન એવું છે કે : 'શાસ્ત્રોમાં 'કૃશ' અર્થાત્ દર્ભનો ખૂબ મહિમા કહ્યો છે. '**दर्भो य उग्र औषधिस्तं ते** बध्नामि आयुषे ।' અર્થાત્ દર્ભ તત્કાળ ફળ આપનાર મહાઔષધિ છે. અંતરિક્ષમાં વ્યાપ્ત વિદ્યુતપ્રવાહથી માનવ શરીર સદૈવ વ્યાપ્ત હોય છે. દર્ભ એક નોન કન્ડક્ટર (અપવિત્રતાને અટકાવનાર) પદાર્થ છે. આથી તે વિદ્યુત પ્રવાહના સંક્રમણને ખાલી રાખે છે. તેની ઉપર વાતાવરણનો પ્રભાવ નથી પડતો.

આ પ્રકારના ઘાસ અંગેની પુરાણકથા કહે છે કે યજ્ઞમૂર્તિ વરાહ ભગવાને શરીર

ધુણાવતાં જે રુંવાડા ખર્યાં તે દર્ભ અને કાસ નામે લીલા રંગના ઘાસ રૂપે ઊગ્યા. આથી તે પવિત્ર ગણાય છે અને ગ્રહણ વખતે ખાદ્ય પદાર્થો અભડાય નહીં તેવી માન્યતાને લીધે દરેક વસ્તુમાં દર્ભની સળી મૂકવામાં આવે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગ્રહણના પર્વને ઉત્સવનું રૂપ આપી એટલા કલાકો દરમ્યાન સંતો-ભક્તોની સાથે મળી ભજન-ભક્તિ અને કથાવાર્તા આદિથી ગ્રહણ મુક્તિ સાથે ગ્રહણાન્તે સ્નાન-દાન-પૂજાદિથી અધ્યાત્મ-વિકાસનો સમન્વય સાધવાની તક આપેલી છે.

ગ્રહણ-મુક્તિ પછી ગૃહસ્થ સ્ત્રી-પુરુષો વગેરેને દાન કરવા માટે અને ત્યાગીઓને સ્નાન-પૂજા કરવા માટે આજ્ઞા આપવામાં આવી છે.

આથી જ શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં લખે છે :

'रवेरिन्दोश्चोपरागे जायमानेऽपरा:क्रिया: ।
हित्वाशु शुचिभि: सर्वै: कार्य: कृष्णमनोर्जप: ॥
जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् ।
देयं दानं गृहीजनै: शक्त्याऽन्यैस्त्वर्च्य ईश्वर: ॥'

(શિક્ષાપત્રી : શ્લોક - ૮૬/૮૭)

**અર્થ** : 'સૂર્ય અને ચંદ્રના ગ્રહણ સમયે અમારા સર્વે સત્સંગીઓએ સર્વ ક્રિયાનો તત્કાળ ત્યાગ કરી પવિત્ર થઈ ભગવાનના મંત્રનો જપ કરવો, અને ગ્રહણ મુક્ત થયા પછી સવસ્ત્ર સ્નાન કરી ગૃહસ્થોએ દાન કરવું અને ત્યાગીઓએ ભગવાનની પૂજા કરવી.'

આ પ્રમાણે ભગવાનના અનન્ય ભક્ત સત્સંગીઓ તથા સંતો ગ્રહણ પર્વને એક ઉત્સવની માફક ઊજવે છે. સ્નાન બાદ પૂજા સમયે સંતો નવી યજ્ઞોપવીત ધારણ કરે છે. જો સમુદ્રસ્નાન, નદી સ્નાન કે સરોવર સ્નાનની અનુકૂળતા હોય તો તે શ્રેષ્ઠ સ્નાન ગણાય છે.

શાસ્ત્રમાં ત્રણ પ્રકારના કર્મ કહ્યા છે : નિત્ય, નૈમિત્તિક અને કામ્ય. તેમાં નહાવું, ધોવું, પૂજા-પાઠ વગેરે ક્રિયાઓ નિત્યકર્મ ગણાય છે. ગ્રહણ વખતે સ્નાન, પૂજા, દાન એ નૈમિત્તિક કર્મો કહેવાય છે, અને કોઈ કામનાથી કર્મ થતાં હોય - મહાપૂજા વગેરે - તો તે કામ્ય કર્મ કહેવાય છે.

આ દાન અને પૂજાવિધિ પાછળ ભગવાન શ્રીહરિનો જ એક આભાર માનવાનો હેતુ છુપાયેલો છે.

**વૈજ્ઞાનિક દૃષ્ટિએ** સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચંદ્રના આવવાથી કે સૂર્ય અને ચંદ્ર વચ્ચે પૃથ્વીના આવવાથી સૂર્ય કે ચંદ્રનું ઘેરાવું અથવા ગ્રસાવું તે ગ્રહણ કહેવાય છે. પશ્ચિમતરફથી આવતાં આવતાં ચંદ્ર સૂર્યની પશ્ચિમકોરની આડે આવે છે અને તેમથતાં સૂર્યનું તે દિશામાં ગ્રહણ થવા માંડે છે. તે વખતે ગ્રહણનો સ્પર્શ થયો એમકહેવાય છે. સૂર્યગ્રહણનો સ્પર્શ સૂર્યબિંબની પશ્ચિમતરફથી થાય છે અને સૂર્યની પૂર્વ બાજુએ ચંદ્ર સૂર્યને મોકળો કરે છે, એટલે ગ્રહણ છૂટે છે. તે વખતે ગ્રહણનો મોક્ષ થયો એમકહેવાય છે. આ પ્રમાણે જ ભૂછાયાની પશ્ચિમતરફથી આવીને ચંદ્ર પૂર્વ તરફ જાય છે. આને લીધે ચંદ્રનો પૂર્વ ભાગ પહેલો ઢંકાય છે અને પશ્ચિમભાગ છેવટે છાયામાંથી બહાર નીકળે છે. એથી ચંદ્રગ્રહણનો સ્પર્શ બિંબની પૂર્વ તરફથી થાય છે ને મોક્ષ પશ્ચિમતરફથી થાય છે. બિંબનો જેટલો ભાગ આચ્છાદિત થાય તેટલો 'ગ્રાસ' થયો તેમકહે છે. સ્પર્શથી મોક્ષ સુધીમાં જેટલો કાળ જાય તેટલા સમયને 'પૂર્વકાળ' કહે છે. આ કાળના મધ્યને શુમારે સૌથી મોટો ગ્રાસ થાય છે. તે વખતે ગ્રહણનું મધ્ય થયું એમકહે છે. રાહુ સૂર્યને ખાઈ જાય છે એવી મૂળ કલ્પના હતી. તે ઉપરથી ગ્રાસ એ સંજ્ઞા પ્રચારમાં આવી હોવી જોઈએ. ચંદ્ર નીચમાં અને સૂર્ય ઉચ્ચમાં હોતા સૂર્યબિંબથી ચંદ્રબિંબ બહુ જ મોટું દેખાય છે. આવે વખતે ગ્રહણ થાય ત્યારે તે ખગ્રાસ થાય છે. સૂર્યબિંબથી ચંદ્રબિંબ નાનું હોય છે ત્યારે કંકણ ગ્રહણ થાય છે. ખગ્રાસ વખતે ચંદ્રની છાયાનો વ્યાસ બહુ તો ૧૮૦ માઈલ હોય છે. આથી એટલી પહોળાઈ જેટલો પૃથ્વીનો પૂર્વ-પશ્ચિમપટ્ટો છાયામાં આવે છે, માત્ર તેટલી જ જગ્યામાં ખગ્રાસ ગ્રહણ થાય છે. કંકણ ગ્રહણમાં તે કંકણ દેખાતા ભાગનો પટ્ટો શુમારે ૧૦૦ માઈલ પહોળો હોય છે. આ પટ્ટાની ઉત્તરે અને દક્ષિણે તે જ ગ્રહણ, ખંડિતમાત્ર દેખાય છે. કોઈ એક ચોક્કસ સ્થળમાં ખગ્રાસ અથવા કંકણ સૂર્યગ્રહણ ઘણે વર્ષે દેખાય છે. ખગ્રાસ સૂર્યગ્રહણમાં સૂર્ય પૂરેપૂરો ઢંકાયેલો બહુ તો આઠ મિનિટ હોય છે અને કંકણ ગ્રહણ બહુ તો માત્ર ૩૧ પળ દેખાય છે. અવસ્થા અથવા સ્થિતિભેદ પ્રમાણે સવ્ય, અપસવ્ય વગેરે ગ્રહણના દસ પ્રકાર માનેલા છે.

વ્હાલા ભક્તજનો ! અંતમાં આપણે પણ આ ગ્રહણ પર્વની સમૂલ વિગતિથી વાકેફ થઈને ટૂંક સમયમાં આગામી બંને ગ્રહણની માહિતીને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દ્વારા પ્રસિદ્ધ કરાયેલા શાસ્ત્રસંમત 'નિર્ણય' દ્વારા જાણીને તે નિમિત્તે આપણા ઘર, પદાર્થ તથા દેહાદિકની શુદ્ધિ જાળવીને તથા ગ્રહણકાળે જપ અને ગ્રહણાંતે દાન-પૂજાદિનો શુભ સંકલ્પ કરીને ગ્રહણને એક પર્વ-ઉત્સવની માફક ઊજવીને કૃતાર્થ બનીએ.

અસ્તુ... જય શ્રી સ્વામિનારાયણ.

સાધુ નિષ્કામસ્વરૂપદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ- સરધાર)

# પ્રેંમાનંદનો રે વહાલો... વરસ્યા અમૃત મેહ

**પ્રાસંગિક નિવેદન :-** વ્હાલા ભક્તજનો ! સદ્. આધારાનંદ સ્વામી દ્વારા રચિત 'શ્રીહરિચરિત્રામૃતસાગર'ના સારરૂપ આ લેખમાળામાં અનેક મુમુક્ષુઓને અસંખ્ય કલ્યાણકારી ગુણો જાણવા પૂર્વક તેમની જીવનદોરી રૂપ બને તે રીતે આ લેખમાળા સંતો દ્વારા સંશોધન પૂર્વક તૈયાર કરવામાં આવી છે. કારણ કે સદ્. આધારાનંદ સ્વામીએ આત્યંતિક કલ્યાણ માટેના બધાજ પાસાઓને ખૂબ જ સુંદર રીતે વણી લઈ ગ્રંથને એવી અદ્‌ભૂત રીતે રચ્યો છે કે તે વાંચનાર સંતોને કે મુમુક્ષુઓને સહેજે બધી જ રીતે ગમે તેવો એ ગ્રંથ છે. એવા આધ્યાત્મિક અને ઉચ્ચસ્તરીય ગ્રંથના સારરૂપ આ લેખમાળાને સહુ કોઈ ભક્તજનો વાંચીને જીવન ઉપયોગી બનાવે તેવી અપેક્ષા સહ... જય શ્રી સ્વામિનારાયણ

## શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૫

શ્રી હરિ (જીવાખાચરને) કહે :- સમજુ થઈને જગતમાં અતિ લુબ્ધ રહે તેને જ અમે છોડી દઈએ છીએ.

(તરંગ ૧)

મુક્તમુનિ કહે :- ઉપરથી ત્યાગ અને નિશ્ચય બતાવે પણ અંદર કપટ હોય તે જ્યારે ત્યારે જણાયા વિના રહે નહિ. એવા જનોમાં જે ચોંટે તેને તેઓ શ્રી હરિની મોટાઈ દેખાડીને સંતની તુચ્છતા બતાવે છે અને પોતાનું માહાત્મ્ય કહે છે. ઉપરથી સારા દેખાય પણ તેનું કલ્યાણ થવું બહુ કઠણ છે. કોઈ એક સંતનો મહિમા કહીને બીજા સંતનું બગાડે તે પણ કસૂર (અસુર) છે.

(તરંગ ૨)

એક જ વાત ક્યારેક વૈર વધારે છે, ક્યારેક વૈર મટાડે છે. બ્રહ્મગતિને પણ પમાડે છે. તેનું કારણ વાત કરવાની આવડત છે.

શ્રી હરિ મુક્તમુનિને કહે :- અમને જે ગુણ ગમે છે તે તમારામાં છે. મનનું ધાર્યું કરે ત્યાં સુધી જીવપણું મટતું નથી. ઈશ્વરનું ધાર્યું કરે ત્યારે ઈશ્વર જેવા બને છે. સત્સંગ તો સૌ કરે છે પણ જેવો ખપ હોય તે પ્રમાણે અંગ વૃદ્ધિ પામે છે.

(તરંગ ૫)


મહારાજ (મુક્તમુનિને) કહે :- રામાનંદ સ્વામીનો પ્રતિષ્ઠિત શિષ્ય (બોદો કમાનગર, સરધાર) હોય તેને જો પ્રસિદ્ધ કરીએ તો બીજાઓ પાપ કરતા થર થર કંપે, માટે એને ખપ હશે તો કહીશું તેમકરશે. ખપ વિનાનો હોય તે તો મડદા જેવો કહેવાય. તેને રાખીએ તો સત્સંગમાં ગંધાય. સત્સંગમાં તેનાથી સમાસ પણ શું થવાનો છે ?

શ્રીહરિ કહે :- અમારો જેને વિશ્વાસ છે તેનો હાથ અમે છોડતા નથી .

(તરંગ ૧૦)

શ્રીહરિ કહે :- સત્સંગ તો બધા કરે છે પણ જેનાથી બુદ્ધિ શુદ્ધ થાય તે જ સાચો સત્સંગ છે. ભગવાન વિનાનાં જેટલા સુખ છે તે બધા દુઃખનું મૂળ છે. એમજે સમજે તેને અમે સંત કહીએ છીએ.

(તરંગ ૧૧)



ભાગ્ય વિનાના જનો ભેગાં રહેતા હોય તો પણ તેમને ગાયના સ્તન ઉપર રહેનારી ઈતરડીને દૂધનો સ્વાદ નહિ પણ રૂધિરનો જ સ્વાદ હોય છે, તેમગુણને બદલે અવગુણ જ દેખાય છે. એવા જનો તે સત્સંગમાં કુસંગ

સમાન છે. ખળ પુરુષો દશ વીશના ગુણ કહે અને બીજાના અવગુણ કહે, ન્યૂનતા દેખાડે, કોઈનું નામન લે અને વાતની એવી યુક્તિ કરે કે સામાને પોતાનો ગુણ આવે, બધાયથી તેનું વર્તન અધિક હોય જેથી તેને કોઈ ઓળખી શકે નહિ. અમારા વચનથી પાછો વર્તે તેને બધા જાણી શકે પણ તે તો અધિક વર્તે તેથી દરેકને અંતરમા તેનો ભાવ આવે. એવા ખળની માયામાં તો ભગવાન પણ મોહ હોય એવો દેખાવ કરે છે. શાલ્વ રાજા શ્રીકૃષ્ણની પાસે માયા રચીને બનાવટી વસુદેવ લાવ્યો અને તેનું માથુ કાપી નાખ્યું ત્યારે શ્રીકૃષ્ણ શોક કરવા લાગ્યા. પણ પછી અંતરદષ્ટિથી સમજી લીધું. એમસંતના વચન અનેક ભવની પીડા મટાડે એવા નિર્મળ છે, તેમા દોષ દેખાડે તે શાલ્વ કરતા પણ વધુ માયાવી છે.

તેમનો (સંતોનો) દ્રોહ કરે ને એક બાજુ વચન માને તે પાપીમાં પાપી છે. સંતની તુચ્છતા કહેનારો તે નીચમાં નીચ છે.

શ્રીહરિએ ડુંગરજી આદિક ભક્તોને કહ્યું કે નાના સંત હોય તો પણ તેના દાસ થઈને રહેવુ. સંત સાથે અભિમાન ન રાખવું. થોડો અગ્નિ પણ બ્રહ્માંડનો નાશ કરી નાખે છે.

(તરંગ ૧૩)

શ્રીહરિ સંતોને કહેવા લાગ્યા કે :- એક બીજાનો મહિમા સમજવો. ભેગા રહેવાથી મહિમા ઓછો થાય તેમન કરવું. ગોપ ગોપીઓ ઉદ્ધવજીને વ્રજમાં રાખી તેમનું બહુ માહાત્મ્ય સમજ્યાં. શ્રીકૃષ્ણ વિયોગના દુઃખથી કેટલીક ગોપીઓ રોષ કરીને ગમે તેમબોલતી, તો પણ ઉદ્ધવજીને તે વચન અમૃત જેવા લાગતા અને પોતાને ન્યૂન માની ગોપીઓનો મહિમા વધુ સમજતા. ગોપીઓને પણ ઉદ્ધવજીની ધીરજ જોઈ ભાવ વધ્યો અને પછી પરમરહસ્યરૂપ ભગવાનનાં ચરિત્રો બોલવા લાગી. માટે એક એક ગુણ સાધુનો શીખવો. ગુણ શીખવા એ સંતની રીત છે.

ફક્ત મોક્ષનો જ સ્વાર્થ હોય એવા થોડા હોય છે. મોક્ષના પદથી પણ સેવાને અધિક માનીને સેવા કરતા હોય તે અનાદિ મુક્ત છે. સ્વાર્થથી સેવા કરે છે તે આધુનિક જાણવા. સ્વાર્થ વિના સંત જાણીને કોઈ સેવા કરે તોય જે એમકહે કે "તેણે શું કર્યું છે? મને દુઃખ દીધું છે" તેને કૃતઘ્ની જાણવો.

(તરંગ ૧૬)

શ્રીહરિએ દરેક સત્સંગીઓને પત્ર લખીને જણાવ્યું કે :- ગુરુએ હિતની વાત બતાવવી જોઈએ. શિષ્યો હિતની વાતમાં દુઃખ લગાડે નહિ. આ લોક પરલોકનું સુખ બતાવે તે સાચા ગુરુ છે. "...પરલોક સુધારવો એ જ મનુષ્યદેહનું ફળ છે."

પ્રભુ ભજતો હોય તેને ડારો દે તે જમદૂત કરતા વધુ હત્યારો છે. તેને હિરણ્યકશિપુ અને રાવણના કુળનો છે એમમનમાં સમજવું, પણ મોઢે કહેવું નહિ. નહિ તો ઉપાધિ થાય છે. સત્સંગ વિના પાપ ટળતા નથી. પણ ઘરમાં ઉપાધિ હોય તેણે બહાર ન જતાં ઘેર રહીને સત્સંગ કરવો, પણ સત્સંગ છોડવો નહિ. ઘરમાં જેને બીજાની ઉપાધિ ન હોય તેને દર્શન કરવા આવવું, પણ ગાંઠનું ખાવું. હરિભક્તનું અન્ન ક્યારેય ખાવું નહિ. સગા સબંધી ન હોય તેનું ખાવું નહિ. વિવેકી પુરુષો તીર્થમાં જાય છે ત્યારે ઘેર પાછા આવે છે ત્યાં સુધી ગાંઠનું ખર્ચ કરે છે. અમારો આ નિયમસર્વે રાખજો. જો ખર્ચી ન મળે તો ઘેર બેઠા ભજન કરવું અને જ્યારે અમે તથા સંત તમારે ગામઆવીએ ત્યારે દર્શન કરવા. આસ-પાસના ગામમાં અમે આવ્યા હોઈએ ત્યારે દર્શન કરીને પાછા વળી જવું. અને કોઈ ધનવાન હરિભક્ત હોય તે શ્રદ્ધાએ કરીને જમાડે તો ધનથી દુર્બળ હોય તેણે એકવાર જમવું, દર્શનનું ફળ જમાડનારને મળે છે.

(તરંગ ૧૯)

શ્રીહરિ બ્રહ્મમુનિને કહે :- વચનમાં રહેવાથી દુઃખી થયા એમન માનવું. વચનમાં અસુખ માને તેની સમજણમાં ફેર છે. જીવ માત્રનો એવો સ્વભાવ છે કે પોતાને ગમતું હોય તે કરે. પોતાને ગમતી આજ્ઞા હોય તો સુખ માને. જેટલું વચનમાં દુઃખ માને છે તેટલો ખપમાં વાંધો છે. જેને જેની સાથે સ્વાર્થ હોય તે તેની મરજી પ્રમાણે વર્તે.

(તરંગ ૨૨)

વેદ શાસ્ત્ર ભણે પરંતુ સંત સમાગમવિના જીવનું અનાદિ અજ્ઞાન ટળતું નથી અને જ્ઞાન થતું નથી.

(તરંગ ૨૭)

તીર્થ (મંદિર)ના અધિકારી (કોઠારી તેમજ સંતો વગેરે) એ જેવું માણસ હોય તેવું સન્માન કરવું. સન્માન કરે તો તે સાંભળીને બીજા અનંત જીવો દર્શને આવે તેનું ફળ અધિકારીને મળે છે.

(તરંગ ૩૦)

શ્રીહરિ કહે :- શુદ્ધ વર્તન વિના ચાર આશ્રમઅને ચારેય વર્ણમાં મોક્ષ સંભવતો નથી. શુદ્ધ ગુરુ મળ્યા વિના શુદ્ધ વર્તન થતું નથી. વિષયમાં રાગ હોય અને તે ધર્મ-ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનનો બોધ કરે, આત્મનિષ્ઠા દેખાડે, નારીને રાક્ષસી કહે, પિંડ બ્રહ્માંડને ખોટા કહે, ઉપરથી બહુ ત્યાગ રાખે, શરીર સૂકવી નાખે, વિષયની નિંદા કરે, છતાં પણ તેના મોક્ષમાં કાચું છે.

(તરંગ ૩૩)

શ્રીહરિ કહે :- પાપ માત્રનું, મૂળ દેહ છે. તેનું જતન કરે તો પ્રભુ ભૂલી જવાય છે અને વિષયમાં સુખ અધિક મનાય છે.

શ્રીહરિની મૂર્તિ અંતરમાં ધારી દેહને કષ્ટ દે તો હરિ સહાય કરે છે.

તપમાં રૂચિ રાખે તો વિષયનો અનાદર થાય.

(તરંગ ૩૬)

ક્રમશઃ

પ્રકરણ - ૫


જેમને ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વપ્નમાં દર્શન થઈને આ ગ્રંથ રચવાની આજ્ઞા કરી છે એવા ભૂજ મંદિરના સ.ગુ. સ્વામી શ્રી નંદકિશોરદાસજી રચિત

# આત્યંતિક કલ્યાણ

સંતો અભયદાન આપવા દેશાંતરમાં વિચર્યા પછી પૂર્ણ પુરુષોત્તમશ્રી સહજાનંદ સ્વામીએ વિચાર્યું : 'મારે તો અનંત જીવોનો ઉદ્ધાર કરવાનો છે-ગમે તેવો જીવ, ગમે તે ભાવે, ગમે તે નિમિત્તે મારા સંબંધને પામે તો એનો પણ ઉદ્ધાર કરવો છે; માટે પ્રથમગામે ગામે અન્નક્ષેત્ર બંધાવું-સદાવ્રત સ્થાપું, કે જેથી ગમે તેવો અન્નાર્થી મનુષ્ય અમારું અન્ન જમે તેનો પણ ઉદ્ધાર થાય.' કયા કયા ગામમાં સદાવ્રત સ્થાપ્યાં તેનું વર્ણન અનાદિમુક્ત સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ કર્યું છે :-

"લોજ, માંગરોળ, અગત્રાઈ રે, સદાવ્રત માણાવદ્રમાંહી રે;
મેઘપુર, ધોરાજી, સાંકળી રે, અન્ન આપે ભાડેરમાં વળી રે;
જામવાળી ને નવેનગર રે, બ્રાહ્મણ ભેખ ત્યાં ભોજન કરે રે;
ફણેણીને જાણો જેતપર રે, જમે જન સરધાર સુંદર રે;
કોટડું, ગઢડું, કારિયાણી રે, જમી બોલે જે-જે જનવાણી રે;
માણેકવાડે ને મેથાણમાંહી રે, જેતલપુર, શ્રીનગર ત્યાંહી રે;
એ આદિ ગામે આપે અન્ન રે, જેહ જમે તે થાય પાવન રે..."[1]

આ પ્રમાણે સદાવ્રત ચાલુ કર્યા છતાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના મનમાં થયું કે અન્નાર્થી કેટલાં હશે-કોઈક આવે ને કોઈક સદાવ્રત લેવા ન પણ આવે; માટે 'યજ્ઞો' કરાવું તો એ યજ્ઞોમાં જે જે યજ્ઞપ્રસાદ જમે તે તે બધાંનો ઉદ્ધાર થાય. ચારે વર્ણનાં લાખો મનુષ્યો ડભાણ તથા જેતલપુરના યજ્ઞોમાં જમ્યાં.



"જે જે જમ્યાં એ જાતનું
અન્ન રે,
પામ્યાં પરમપ્રાપ્તિ
પાવન રે."

આ પ્રમાણે અનેક જીવોને પોતાનો સંબંધ થાય તેવી રીતે ક્રિયા કરી શ્રી સ્વામિનારાયણ ભગવાને અનેક જીવોનો ઉદ્ધાર કર્યો. જીવના 'વાંક-ગુના' સામું ન જોતાં, પોતાના બિરદ સામું જોઈ જીવોનું કલ્યાણ કર્યું. તે કહ્યું છે :-

"કેના જોયા નહિ ગુના-વાંક રે,
એવો આજ વાળ્યો આડો આંક રે."

વળી પરમાત્માએ વિચાર્યું, 'પૂર્વે મત્સ્યાદિક અવતાર થયા તે તો નિમિત્ત પૂરતા થયા. જે કાર્ય કરવા આવેલા, તે કાર્ય સમાપ્ત થતાં અંતર્ધાન થઈ ગયા. દૃષ્ટાંત તરીકે, મત્સ્યાવતારમાં જળમાં જ વિચર્યા-કોઈ મનુષ્ય એમને મળી શકે નહિ કે એમનો આશ્રય કરી શકે નહિ. કૂર્માવતાર થયો, તેમણે 'દેવ-દાનવને સમજાવ્યા'; પણ કોઈ મુમુક્ષુ એમની સેવા કે એમનો સમગમ કરી શકે એવું તો રાખ્યું જ નહિ. વરાહ ભગવન થયા, તેમણે પૃથ્વીનું કામકર્યું, પણ કોઈ મુમુક્ષુ એમને સેવી શક્યા નહિ. નૃસિંહ ભગવાને ભયાનક રૂપ ધારણ કરી પ્રહ્‌લાદજીનું કામકર્યું, પણ તેમને ઓળખી તેમની કોઈ ભક્તિ-ઉપાસના કરે તેવું રાખ્યું નહિ. બળિરાજાને બાંધી છેવટે એને વશ થઈ વામનજી ભગવાને દેવોનું કામકર્યું; પરંતુ તેમનો આશ્રય કરી કોઈ આત્યંતિક કલ્યાણ ન પામ્યા. પરશુરામભગવાને નક્ષત્રિય પૃથ્વી કરી, પણ તેમાં સમાસ કોને થયો ? એમને સેવી કયા મુમુક્ષુએ પોતાનું કલ્યાણ સાધ્યું ? ભગવાન રામચંદ્રજીએ અસુરોનો નાશ કર્યો પણ રાજા રૂપે વિચર્યા તે-

'રાંકે રાજાને કેમપૂજાય
રે ?'

એ અવતારમાં પણ પોતાના ભક્તો તેમનું યથાર્થ સુખ ન લઈ શકયા. કૃષ્ણાવતારમાં તો અઢળક ઢળ્યા. પોતાના ભક્તોને લાડ લડાવ્યા ને ઘણું સુખ આપ્યું; પરંતુ તે ક્યાં સુધી ? દ્વારિકાના રાજાધિરાજ થયા ન હતા ત્યાંસુધી. તે કહ્યું છે :-

"કૃષ્ણાવતારમાં ક્રીડા કરી રે,

૧. નિષ્કુળાનંદકાવ્ય પુરુષોત્તમપ્રકાશ પ્રકાર ૯

બહુ તાર્યાં એ અવતાર ધરી રે;
તે છે વાત પુરાણે પ્રસિદ્ધ રે, લખી વ્યાસજીએ બહુવિધ રે.
દીધાં સેવકને સુખભારી રે, સેવી સુખ પામ્યાં નર-નારી રે;
પણ એમના એમન રહ્યા રે, પછી રાજ-અધિરાજ થયા રે.
ત્યારે સહુને મળ્યાનું સુખ રે, ન રહ્યું, થયું દાસને દુઃખ રે."[૧૫]

બુદ્ધ અને કલકિ-એ બે અવતારો પણ કાર્ય-કારણે પ્રયોજન પૂરતા આ પૃથ્વી પર અનુક્રમે થયા ને થશે, પણ-

"તે તો કરી લિયે જ્યારે કામરે, પાછા પધારે પોતાને ધામરે."

પરંતુ આ વખતે શ્રી સ્વામિનારાયણ ભગવાન જે ઉપર વર્ણવેલા સર્વ અવતારોના અવતારી છે તેમણે અનંત જીવોને સ્વયં તથા પોતાના મુક્તો દ્વારા સુખ આપી આત્યંતિક કલ્યાણનું સદાવ્રત કાયમખુલ્લું મૂક્યું છે. તે કહ્યું છે :-

"માટે સર્વે રીતે સુખકારી રે, તે તો પુરુષોત્તમઅવતારી રે;
તેહ પોતે પધાર્યા છે આજરે, અક્ષરધામના ધામી મહારાજરે.
માટે સર્વે રીતે સેવ્યા જેવા રે, આજેઅલબેલો થયા છે એવા રે.
સહુ જનની પૂરવા હામરે, આવ્યા આપે કહું ઘનશ્યામરે."[૧૬]

શ્રીસ્વામિનારાયણ ભગવાને સ્વયં પોતાનો પ્રાદુર્ભાવ-હેતુ આ પ્રમાણે જણાવ્યો છે :-

"દૂસરા અવતાર હૈ સો તો કાર્ય-કારણ અવતાર હુઆ હૈ; ઔર હમારા યહ અવતાર હૈ સો તો જીવોંકુ બ્રહ્મરૂપ કરકે આત્યંતિક મુક્તિ દેનેકે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમજો હમ, વહ મનુષ્ય જૈસે બને હૈં"[૧૭]

અનંત જીવોને બ્રહ્મરૂપ કરી તેમનું આત્યંતિક કલ્યાણ કરવું તે માટે શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આ પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ છે; પરંતુ પૂર્વે રામકૃષ્ણાદિ અવતારો થયા તે તો જે કાર્ય નિમિત્તે દેહનું ધારણ કર્યું હોય તે કાર્ય થઈ રહે એટલે આ પૃથ્વીમાંથી અંતર્ધાન થઈ જાય છે. પૂર્વે અવતારો થઈ ગયા તેમણે અસુરોનો નાશ કર્યો; પણ શ્રીસ્વામિનારાયણ ભગવાને તો અસુરોમાં રહેલા આસુરભાવનો નાશ કરી નાખ્યો. એમનો (શ્રીસ્વામિનારાયણ ભગવાનનો) પ્રાદુર્ભાવ તો જીવોનું અનાદિ અજ્ઞાન ટાળી, કારણ શરીરની વાસના બાળી તેમનું આત્યંતિક કલ્યાણ કરવા માટે છે; શ્રીસ્વામિનારાયણ ભગવાનના છ પ્રાદુર્ભાવ હેતુ કહેલા છે :-

"પોતાના એકાંતિક ભક્તોને સુખ આપવા તથા તેમના મનોરથ પૂર્ણ કરી તેમને લાડ લડાવવાનો પ્રથમહેતુ : આનો વિસ્તાર શ્રીહરિજીએ શ્રીમુખે કરેલો છે :- 'ભગવાનને અવતાર ધર્યાનું એ જ પ્રયોજન છે જે ભગવાનને વિષે અતિશય પ્રીતિવાળા જે ભક્ત તેની ભક્તિને અધીન થઈ, તે ભક્તને સુખ દેવાને અર્થે જેવી તે ભક્તની ઈચ્છા હોય તેવા રૂપનું ધારણ કરે છે-પછી જેવા જેવા પોતાના ભક્તના મનોરથ હોય તે સર્વે પૂરા કરે છે; અને તે ભક્ત સ્થૂલ ભાવે યુક્ત છે ને દેહધારી છે માટે ભગવાન પણ સ્થૂલ ભાવને ધારણ કરીને દેહધારી જેવા થાય છે ને પોતાના ભક્તને લાડ લડાવે છે અને પોતાનું સામર્થ્ય છુપાડીને તે ભક્ત સંગાથે પુત્રભાવે વર્તે છે, સખાભાવે વર્તે છે, મિત્રભાવે વર્તે છે અથવા સગાસંબંધીને ભાવે વર્તે છે તેણે કરીને એ ભક્તને ભગવાનની ઝાઝી મર્યાદા રહેતી નથી; પછી જેવી એ ભક્તની ઈચ્છા હોય તેવી રીતે લાડ લડાવે છે. માટે પોતાના પ્રેમી ભક્તના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે.'''[૧૮]

**બીજો હેતુ** :- 'અધર્મીઓથી તથા અસુરોથી કષ્ટ પામતાં ભક્તિ માતા તથા ધર્મ પિતાનું રક્ષણ કરવું અને તેમનું-ધર્મે સહિત ભક્તિનું-આ પૃથ્વી પર પ્રવર્તન કરવું.'

**ત્રીજો હેતુ** :- 'પોતાના સ્વરૂપનું સર્વોપરી જ્ઞાન તથા પોતાના સ્વરૂપની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવી મુમુક્ષુઓને પોતાના મુક્તો ભેગા ભેળવવા.'

**ચોથો હેતુ** :- 'પોતાના અવતારોને તથા અવતારોના ભક્તોને આ પૃથ્વી ઉપર મનુષ્યરૂપ ધરાવીને પોતાના સ્વરૂપનું જ્ઞાન તથા ઉપાસના સમજાવીને તે સર્વેને પોતાના અક્ષરધામમાં લઈ જવા.'

**પાંચમો હેતુ** :- 'એકાંતિકધર્મનું સ્થાપન કરવું, દુષ્ટ જનમાં રહેલી દુષ્ટતા-આસુરી સંપદનો નાશ કરવો અને સત્પુરુષનું રક્ષણ કરવું.'

**છઠ્ઠો હેતુ** :- 'પોતાના ને પોતાના મુક્તોના દર્શન સ્પર્શાદિ સંબંધે કરીને જીવોમાં મુમુક્ષતા ઉત્પન્ન કરી અંતે એકાંતિકભાવને પમાડી મુમુક્ષુઓને મુક્ત કરી તેમનું આત્યંતિક કલ્યાણ કરવું.'

આ બ્રહ્માંડના વૈરાજનારાયણના પચાસ વર્ષ ને દોઢ પહોર દિવસ ગયો તેમાં અનંત અવતાર થઈ ગયા પણ અવતારી સ્વયં પુરુષોત્તમભગવાન પોતાનું અક્ષરધામ, ચૈતન્યમૂર્તિ પાર્ષદ અને પોતાનાં સર્વ ઐશ્વર્ય સહિત આ વખતે જ પધાર્યા છે. એ પૂર્ણ પુરુષોત્તમપરમાત્મા આ પૃથ્વી પર શરૂઆતમાં પધારે, વચમાં પ્રાદુર્ભાવ પામે કે ગમે તે સમયે કૃપા કરી આ લોકમાં પોતાનાં દર્શન દે; પરંતુ એ તો સર્વ અવતારના કારણ અવતારી જ છે. અનાદિમુક્ત સ૦ ગુ૦ નિષ્કુળાનંદ સ્વામીએ અવતાર ચિંતામણિ ગ્રંથમાં ભગવાનના એકત્રીસ અવતાર વર્ણવ્યા ને છેવટે કહ્યું :-

(૧) નિષ્કુળાનંદકાવ્ય પુરુષોત્તમપ્રકાશ પ્રકાર ૧૦
(૨) નિષ્કુળાનંદકાવ્ય પુરુષોત્તમપ્રકાશ પ્રકાર ૧૦
(૩) શ્રીજીમહારાજની પ્રસાદીના જૂના ખરડા ઉપરથી
(૪) વચનામૃત કારિયાણી ૫

'અહીં તો એકત્રીસ કહ્યા છે, ઝાઝા બીજા ગ્રંથોમાં રહ્યા છે.'

પરંતુ અગણિત અવતાર થયા ને થશે, પણ સર્વેના કારણ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. તે કહ્યું છે :-

"આદ્ય મધ્ય અંત્યે અવતાર, થયા અગણિત થાશે અપાર;
પણ સર્વેના કારણ જેહ, તે તો સ્વામી સહજાનંદ એહ."

ભગવાનના અવતાર દસ છે કે ચોવીસ છે કે એકત્રીસ છે એવો કોઈ સંખ્યા-નિયમનથી. તે કહ્યું છે :-

अवतारा ह्यसंख्येया हरेः सत्त्वनिधेर्द्विजाः ।
यथा विदासिनः कुल्याः सरसः स्युः सहस्त्रशः ॥

"હે શૌનકાદિ બ્રાહ્મણો, જેમઅખૂટ સરોવરમાંથી હજારો ઝરણાં નીકળે છે, તેમજ સત્ત્વગુણના નિધિ એવા શ્રીહરિમાંથી પણ અસંખ્ય અવતારો થાય છે:"[1] ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે મુચુકુંદ પ્રત્યે કહ્યું છે :-

जन्मकर्माभिधानानि संति मेऽङ्ग सहस्त्रशः ।
न शक्यंतेऽनुसंख्यातुमनन्तत्त्वान्मयापि हि ॥

"હે રાજન્, મારાં જન્મ, કર્મ તથા નામો હજારો છે. તે અનંત ને અપાર હોવાથી મારાથી પણ તે ગણી શકાય તેમનથી."[2]

क्कचिद्रजांसि विममे पार्थिवान्युरुजन्मभिः ।
गुणकर्माभिधानानि न मे जन्मानि कर्हिचित् ॥

"કોઈ પુરુષ ઘણા જન્મોએ, પૃથ્વીના રજઃકણ કવચિત્ ગણી શકે; પરંતુ મારાં ગુણ, કર્મ, નામતથા જન્મને કદી પણ ગણી શકે નહિ."[3]

त्रयोपपन्नानि जन्मकर्माणि मे नृप ।
अनुक्रमन्तो नैवान्तं गच्छन्ति परमर्षयः ॥

"હે રાજન્, ત્રણ કાળમાં થનારા મારા જન્મોને તથા કર્મોને મોટા મોટા ઋષિઓ ગણ્યા કરે છે તો પણ તેના પારને પામતા જ નથી."[4]

આ સ્થળે અવાંતર નોંધ લેવા જેવી એ છે કે વ્યાસનારાયણે શ્રીમદ્ ભાગવતના પ્રથમસ્કંધના ત્રીજા અધ્યાયમાં અવતારોની ગણનામાં શ્રીકૃષ્ણ ભગવાનને પરમાત્માના વીસમા અવતાર ગણ્યા ને છેવટે તે પછીના શ્લોકોમાં ચોખવટ કરી કે ઉપર જે અવતારોની ગણના મેં કરી તે બધા અવતારો-પુરુષના અંશ ને કળા અવતારો છે; પણ શ્રીકૃષ્ણ ભગવાનની જો કે ગણના તે અવતારો સાથે કરી છે છતાં તેઓ તો સાક્ષાત્ ભગવાન છે-પુરુષ છે. તે કહ્યું છેઃ-

एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान स्वयम् ॥

ઉપર ગણાવેલા સર્વે અવતારો પુરુષના-મહાપુરુષના અંશને કળા અવતારો છે; પરંતુ શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન છે."[5] શ્રીસ્વામિનારાયણ ભગવાને આ સંબંધમાં જણાવ્યું છે : "પુરુષોત્તમપરબ્રહ્મ પરમાત્મા, મહાપુરુષરૂપે વૈરાજનારાયણને વિષે વિરાજે છે ત્યારે તે દ્વારા અવતારો થાય છે : આવા અક્ષરાત્મક બ્રહ્મરૂપ પુરુષ ઘણાક છે ને તે પુરુષોત્તમનારાયણના ચરણની ઉપાસના કરે છે;.....એ પુરુષ (મહા) ને જ શાસ્ત્રમાં પુરુષોત્તમકરીને કહે છે."[6] આ ઉપરથી એવું સ્પષ્ટ થાય છે કે અનંત અવતારો થઈ ગયા ને અનંત અવતારો થશે; પરંતુ એ સર્વેના કારણ, આધાર ને નિયંતા-એ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. એમની ઉપાસના-ભક્તિ કરતાં-કરતાં એ અવતારો જીવોનું કલ્યાણ કરવાનું સામર્થ્ય પામ્યા છે. શ્રીહરિજી પણ કહે છે :- "પૂર્વે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે એમ સમજે."[7] શ્રીસ્વામિનારાયણ ભગવાને આપેલા ઐશ્વર્ય વડે સર્વ અવતારોએ આશ્ચર્ય જણાવ્યું છે, જણાવે છે ને જણાવશે એટલે એ સર્વ આશ્ચર્ય શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં જ છે એવું સમજવું એ મુખ્ય સિદ્ધાંતની એકાંતિકની સમજણ છે. આ સર્વ અવતારો શ્રીસ્વામિનારાયણ ભગવાનમાંથી પરંપરાએ પ્રાદુર્ભાવ પામી તેમનામાં લીન થાય છે. અગત્રાઈ (કાઠિયાવાડ-સૌરાષ્ટ્ર)માં સિદ્ધદશાવાળા પર્વતભાઈ નામે એકભક્ત શ્રીસ્વામિનારાયણ ભગવાનના સમકાલીન હતા. એ નિરાવરણ દૃષ્ટિવાળા હતા, છતાં એક દિવસ એમને વિચાર આવ્યો :-

(૧) શ્રીમદ્ ભાગવત પ્રથમસ્કંધ અધ્યાય ૩ શ્લોક ૨૬
(૨) શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ અધ્યાય ૫૧ શ્લોક ૩૮
(૩) શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ અધ્યાય ૫૧ શ્લોક ૩૯
(૪) શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ અધ્યાય ૫૧ શ્લોક ૪૦
(૫) શ્રીમદ્ ભાગવત પ્રથમસ્કંધ અધ્યાય ૩ શ્લોક ૨૮
(૬) વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૧
(૭) વચનામૃત ગઢડા પ્રથમપ્રકરણ ૨૭

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયમાં પ્રવર્તાવેલ સંતોના પંચવર્તમાન એટલે

# ધર્મામૃત

(૧) નિર્લોભ (૨) નિષ્કામ (૩) નિઃસ્વાદ (૪) નિઃસ્નેહ (૫) નિર્માન તથા એકાંતિક ધર્મ

## અધ્યાય : ૫ - નિર્માન વર્તમાન

**શ્રી હરિએ માન નામના દોષનું નિરૂપણ અને તેના જયના ઉપાયોનું વર્ણન કરેલું છે.**

શ્રી નારાયણમુનિ બોલ્યા - હે મુને ! આ લોકમાં માનના કારણથી ક્રોધ નામનો મહાન દોષ પ્રવર્તે છે. (હાલમાં માન જેનું મૂળ-કારણ છે એવા ક્રોધ નામના દોષને કહે છે,) જે ક્રોધ, દાન, વ્રત, તપ અને નિયમોને તત્કાલ જ બાળીને ભસ્મીભૂત કરે છે. (૧) ક્રોધથી બોલવા યોગ્ય અને ન બોલવા યોગ્ય વચનના વિવેકનો નાશ થાય છે. મર્યાદાનું ઉલ્લંઘન કરે છે, અવધ્યનો વધ કરે છે. પોતાના શરીરનો પણ નાશ કરે છે જ, આમાં સંશય નથી. (૨) જે ક્રોધથી પોતાનાં સંબંધીજનો, પોતાના ગુરુ પિતાદિ અને સાધુપુરુષોનો ઘાત થાય છે. ક્રોધથી શાસ્ત્રમાં નિષિદ્ધ ક્રિયાઓનું પણ આચરણ થાય છે. બીજાના મર્મસ્થળને ભેદનારાં વચનો પણ બોલાય છે. (૩) તે પ્રમાણે માનથી ક્રોધ થાય છે તેમજ માનથી ક્રોધની સાથે રહેનારી ઈર્ષ્યા પણ થાય છે, જે ઈર્ષ્યાથી અલ્પ ગુણવાળાઓને મહાગુણવાળાઓની સાથે સમાનપણાની ઈચ્છા (બરોબરિયાપણું) થાય છે. (૪) આત્માને જાણનારાઓને પણ માનથી દેહમાં અહંબુદ્ધિ થાય છે, માનથી કઠોર ભાષણ, દયારહિતપણું, દંભ, ગર્વ, મત્સર (કોઈનો ઉત્કર્ષ સહન ના કરી શકે) તે થાય છે. (૫) મનુષ્યોને માનથી અન્યાયમાં ન્યાયબુદ્ધિ થાય તથા ન્યાયમાં અન્યાયબુદ્ધિ થાય, સાધુમાં અસાધુબુદ્ધિ થાય અને અસાધુમાં સાધુબુદ્ધિ થાય છે. (૬) વયોવૃદ્ધાદિકના અપમાનમાં-દોષોને જાણનારા પુરુષોને પણ માનથી વયોવૃદ્ધ, તપોવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ પુરુષો અને આત્મા, પરમાત્માના સ્વરૂપ જાણનારાઓના અપમાનમાં પ્રવૃત્તિ થાય છે, જ. (૭) માનથી પોતાને વિષે અપૂજ્યમાં તથા કંઈ પણ કરવામાં સમર્થ ના હોય, તો પણ હું પૂજ્ય છું, હું ઈશ્વર છું, એવી બુદ્ધિ થાય છે મનુષ્યોને માનથી સાધુઓની સાથે દુરાગ્રહજન્ય વાણીનો કલેશ થાય છે. અને તેમની સાથે પોતે ગુણોથી સમાન નથી, તો પણ સર્વ પ્રકારે સમાનપણાની માન્યતા થાય છે અને અનમ્રતા થાય છે. (૮) પુરુષોને માનથી મોટાઓની આગળ પગ ઉપર પગ ચઢાવીને બેસાય છે. દેવોને પણ નમસ્કાર થતો નથી ધર્મ-જ્ઞાનાદિ ગુણોથી મહાન પુરુષોનો માનથી પક્ષ રખાતો નથી. (૯) માનથી પોતાને વિષે સત્પુરુષોની અપ્રસન્નતા થાય છે. એમાં સંશય નથી. એ આદિક માનને આશરીને રહેલાં અનેક મહાન દોષો છે. (૧૦) માટે પરમાત્માની પ્રસન્નતાને ઈચ્છનાર ત્યાગી માનનો ત્યાગ કરે. માનનો ત્યાગ કરવાથી મુક્તો અને મુમુક્ષુઓને સર્વોત્તમસુખ પ્રાપ્ત થાય. (૧૧) હરિશ્ચંદ્ર-કુશિક-યુધિષ્ઠિર વગેરે રાજાઓ માનથી વિકારને નહિ પામીને બીજા રાજાઓને અતિદુર્લભ ગતિને પામ્યા. (૧૨) હવે માનને જીતવાના ઉપાયોરૂપી ઉત્તમગુણો કહીએ છીએ, જે ગુણોથી આ માનરૂપી શત્રુ ત્યાગીઓએ થોડા સમયમાં જિતાય છે. (૧૩) સાંખ્ય વિચારથી - તત્વોની સાથે પ્રકૃતિપુરુષના સ્વરૂપના લક્ષણના વિચારથી દેહ અને જીવાત્માના સ્વરૂપનો સારી રીતે નિશ્ચય કરીને 'દેહથી ભિન્ન હું ક્ષેત્રજ્ઞ છું,' આ પ્રકારની બુદ્ધિથી માનનો ત્યાગ કરવો. (૧૪) ત્યાગીઓએ અથવા ગૃહસ્થોએ કહેલાં મર્મસ્થળને ભેદનારાં પણ વાક્યો ત્યાગી સહન જ કરે અને તિરસ્કારો પણ સહન જ કરે. (૧૫) વય-જ્ઞાન-તપ અષ્ટાંગ યોગ અને ભક્તિયોગથી પોતાના સમાન ત્યાગીનું પણ મનુષ્યોએ મોટું સન્માન કર્યે સતે ઈર્ષ્યાથી ક્ષોભ પામે નહિ. (૧૬) જો કોઈ ત્યાગી અથવા ગૃહસ્થ ભોજનની પંક્તિમાં સારું ભોજ્યપદાર્થ પોતાનાથી નાના ત્યાગીને આપે અને પોતાને રસે રહિત ભોજ્યપદાર્થ આપે તો તે વિષમતાના દર્શનથી ક્રોધ પામે નહિ. (૧૭) જો ગુરુ વિદ્યાધર્માદિ ગુણોથી પોતાના સમાન ત્યાગીને પોતાના પૂજ્યપણાના અધિકારપણું આપે. 'મારી આજ્ઞાથી આ પણ સર્વ ગૃહસ્થો અને ત્યાગીઓએ પૂજ્ય' આ પ્રકારે તેમને મહાન પદવી આપે અને પોતાને તો કનિષ્ઠ પદવી આપે. પોતાને તો તેમની આજ્ઞામાં સ્થાપે, ત્યારે અન્તરમાં ખેદ પામે નહિ. (૧૮) જે ત્યાગી સર્વ પ્રકારે માન અને ઈર્ષ્યાનો ત્યાગ કરીને સાધુ પુરુષોનું સેવન કરે, તેને જ ભગવાનનો ભક્ત ત્યાગી સાધુ કહેલો છે. (૧૯) પૂર્વે જે સાધુ પુરુષો મહાન પદવીને પામેલા છે તે સાધુઓ માનના ત્યાગથી અને મહાનુભાવ સાધુઓમાં વિનયથી જ પામેલાં છે. (૨૦) આ પાપરૂપ માન ગૃહસ્થોને પણ રાખવા યોગ્ય નથી જ. કારણ કે જે માનથી દુર્યોધન - રાવણ શિશુપાલ વગેરે, બાન્ધવોએ સહિત વિનાશ પામ્યા છે. (૨૧) આવા વિચારથી ત્યાગી જનોએ સર્વ પ્રકારે માનનો ત્યાગ કરવો, બ્રહ્મચર્યાદિ પોતાના નિયમસમુદાયના પાલન

કરવામાં તો ક્યારેય પણ માનનો ત્યાગ કરવો નહિ. (૨૨) નિયમના પાલન વિના બીજે તો માનનો ત્યાગ કરીને ત્યાગી સાધુ, અજ્ઞાનીજનો ધૂળ - કાંકરા વગેરેથી પીડા પમાડે, તો પણ ચિત્તમાં ક્ષોભ પામે નહિ. (૨૩) બીજા જનોએ આક્રોશ-વચનોથી તિરસ્કાર કરાયેલો તથા ધોલ વગેરેથી તાડન કરેલો ત્યાગી, પીડા કરનારા જનોને તિરસ્કાર તથા તાડન કરે નહિ, ગાળો વગેરે દુર્વચન બોલવું નહિ કોઈની સાથે વાણીનો ક્લેશ કરવો નહિ. (૨૪) ક્યારેય પણ અસત્ય ભાષણ બોલવું નહિ. અને પારકાને દુઃખ પ્રાપ્ત થાય તેવું સત્યવચન બોલવું નહિ. દેહ - મન અને વાણીથી કોઈનો દ્રોહ કરવો નહિ. (૨૫) ત્યાગી, પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે લીલા તૃણને પણ ક્યારેય છેદે નહિ. બીજા ત્યાગી સાધુને અથવા ગૃહસ્થને અથવા કોઈપણ જનને સૂકા ઘાસથી પણ ભય પમાડે નહિ. (૨૬) કોઈ પુરુષમાં અથવા કોઈ સ્ત્રીમાં પણ મિથ્યાપવાદ આરોપણ કરવો નહિ. લૂલાં-લંગડા-કાણા વગેરે અંગથી રહિતને તેવા વ્યંગ શબ્દથી બોલાવવાં નહિ. (૨૭) હે મુને ! પહેલાંના પરમહંસ ઋષભદેવના પુત્ર જડભરત જેમનિર્માનીપણે વર્તતા હતા. તે પ્રકારે જ ત્યાગી સાધુએ વર્તવું. (૨૮) ત્યાગીએ દરરોજ પૃથ્વીની માફક ક્ષમાશીલતા રાખવી. શિવાદિ દેવો-ગુરુઓ અને સત્શાસ્ત્રોની નિન્દા કરવી નહિ. (૨૯) કેટલાક ત્યાગીજનો (શુષ્ક વેદાન્તીજનો) કેવલ આત્મનિષ્ઠાના અભિમાનથી ગાઢ દેહાભિમાની હોવા છતાં પણ અમો આત્મા છીએ' એમમિથ્યાભૂત આત્માના અભિમાનથી સ્વધર્મની ક્રિયાઓનો ત્યાગ કરે છે. તેમમારા આશ્રિત ત્યાગીએ કોઈપણ ધર્મક્રિયાનો ત્યાગ ન કરવો. (૩૦) હે મુને ! ત્યાગી બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને પોતાનો નિત્યવિધિ કરે. તે નિત્યવિધિ તો તમારા પૂછવાથી મેં પહેલાં ગઢપુરમાં જ અન્નકૂટોત્સવમાં તમને કહ્યો છે. (૩૧) રોગાદિ આપત્કાળ વિના દિવસે તથા સૂર્યના અસ્ત સમયે શયન કરવું નહિ; સૂર્યોદય પહેલાં બે ઘડી રાત્રિ હોય, તે સમયે શયન કરવું નહિ. (૩૨) વિષ્ણુની કથા, શ્રવણ તથા કીર્તન, ધ્યાન, વંદન, પૂજન, દાસ્ય, સખાભાવ અને આત્મનિવેદનાત્મક નવ પ્રકારની ભક્તિ વિના ત્યાગીએ ક્યારેય પણ વ્યર્થ કાળ કાઢવો નહિ. (૩૩) ત્યાગીએ શ્રીકૃષ્ણનાં વ્રતોત્સવો-પૂર્વે કહેલા વાર્ષિક વ્રતોના ઉત્સવો, શક્તિ પ્રમાણે કરવા અને દરરોજ આદરથી સત્શાસ્ત્રનો અભ્યાસ કરવો. (૩૪) એ નિયમોમાં જે જે નિયમનો ભંગ થાય તેનું પ્રાયશ્ચિત્ત ત્યાગીએ આળસે રહિત થઈને કરવું. (૩૫) પોતાના અંગથી ધોલ-લાત વગેરે પ્રહારના કારણભૂત હાથ-પગ વગેરે અંગથી અથવા લાકડી વગેરેથી પણ કોઈ મનુષ્યને તાડન એક વાર કર્યું હોય, તોપણ સામાન્યપણે એક દિવસ ઉપવાસ કરે. (૩૬) હે મુને ! ત્યાગીએ તાડન કરાયેલા મનુષ્યને સોજો થાય અથવા તાડન કરાયેલા મનુષ્યના શરીરથી લોહી નિસરે, તો પ્રહાર કરનાર ત્યાગી ચાર દિવસ સુધી ઉપવાસ કરે. (૩૭) પ્રહાર કરેલા મનુષ્યના અંગભંગમાં તો સર્વ વ્રતોમાં શ્રેષ્ઠ બાર દિવસના ઉપવાસના સ્વરૂપવાળું પારાક નામનું વ્રત કરે. અને જેટલી સંખ્યામાં ગાળો આપી હોય તેટલા દિવસ ઉપવાસ કરે. (૩૮) જ્યારે ત્યાગી સાધુ ક્રોધથી યુક્ત શરીરવાળા થઈને મર્મસ્થળને ભેદનારાં વચન બોલે ત્યારે તો એક દિવસ અહોરાત્રિ ઉપવાસ કરે. (૩૯) જંતુના મારવાના પ્રાયશ્ચિત્તમાં જે વિશેષ છે તે વિશેષ તો ધર્મશાસ્ત્રથી વિસ્તારપૂર્વક જાણવો. અહીં તો તેની એક દિશમાત્ર સૂચવીએ છીએ. (૪૦) જો ત્યાગી માંકડ, માખી ,લીખ, પતંગિયુ અથવા તેની સમાન બીજા કોઈ જંતુની ક્યારેક બુદ્ધિપૂર્વક હિંસા કરે. તો અષ્ટાક્ષર મંત્રને એકસો આઠ વાર જપે, એનાથી અતિસૂક્ષ્મપ્રાણીઓની હત્યામાં તો પરમાત્માના નામનું પંદર વાર શ્રીકૃષ્ણના નામનું ઉચ્ચારણ કરે. (૪૧-૪૨) ચકલી - ઉંદર - ભ્રમર વગેરે સ્થૂલ જન્તુની હિંસા અજ્ઞાનપૂર્વક થાય, તો એક ઉપવાસ કરે. (૪૩) આ પ્રકારે જંતુઓમાં ન્યૂન અથવા અધિક ભાવનો નિશ્ચય કરી પછી ત્યાગી પુરુષ યથાયોગ્ય હિંસાનિમિત્તે પ્રાયશ્ચિત્તરૂપ ઉપવાસ વધારે. (૪૪) સૂર્યોદય સમયે, દિવસે, અને સૂર્યાસ્ત સમયે જો પ્રમાદથી નિદ્રા કરે તો એક ઉપવાસ કરે. દરેકમાં એક ઉપવાસ જાણવો. (રોગાદિ આપ્તકાળ વિના સૂએ તો પ્રાયશ્ચિત્ત જાણવું.) (૪૫) હે મુને ! આ ત્યાગીઓમાં જે આત્મનિવેદી, પ્રાપ્ત છે મહાદીક્ષા જેમને એવા ત્યાગીઓ હોય તે આત્મનિવેદીના વિશેષ ધર્મ તમોને કહું છું. (૪૬) રૂપની વિક્તિ-ઉંમરની વિક્તિની સાથે સ્ત્રીનું મુખ અજ્ઞાનથી જોવાયું હોય, તો પણ આત્મનિવેદી સાધુએ ઉપવાસ કરવો. (૪૭) બીજે ગામજતાં માર્ગમાં, મલોત્સર્ગ કરવા જતાં, સ્નાન સમયે, અન્ન માગવામાં, અબુદ્ધિપૂર્વક સ્ત્રીનું મુખ જોવાય જાય અર્થાત્ રૂપની વિક્તિસહિત સ્ત્રીમુખ જોવાયું હોય તોપણ આત્મનિવેદી સાધુઓને ઉપવાસ નથી. (૪૮) આત્મનિવેદીઓએ શ્રીકૃષ્ણ પરમાત્માને અર્પણ કર્યા વગર ફળ પત્ર ભક્ષણ કરવું નહિ, અથવા જળ પણ ન પીવું. આ આત્મનિવેદીઓને અધિક માનેલું છે. (૪૯) બાળકો- વૃદ્ધ અને રોગી, પથિક, હરિમંદિરને માટે કાર્ય કરનારા, બેય પ્રકારના સાધુઓને પણ એક વખત ભોજન તથા દિવસે શયનનો ત્યાગ કરવાનો નિયમનથી. (બે વાર ભોજન કરે તથા દિવસે સૂએ તેનો દોષ નથી.) (૫૦) આ પ્રકારે માનના જયના ઉપાયો મેં તમને યથાર્થપણે કહ્યા. આ માનના જયના ઉપાયો, નિર્માની સંતોના સમાગમઅને વિષ્ણુની ભક્તિએ સહિત ફળ આપનારા થાય છે. (૫૧) આ પ્રકારે લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માનના જે દોષો અને તેના જયના ઉપાયો શ્રેષ્ઠપુરુષોએ માનેલા કહ્યા. (૫૨) (ક્રમશઃ)

પૂજારી શ્રી બિપીનચંદ્ર ગૌરીશંકર મહેતા - આખા

## સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના સાક્ષાત્ વિચરણથી

# આખા (પીપલાણા) ગામનો અલૌકિક મહિમા

સર્વોપરી, સર્વાવતારી, સર્વકારણના કારણ એવા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે આખા ગામની પાવનકારી ધરતી ઉપર વિચરણ કરીને અનેક જીવોનું કલ્યાણ કરેલું છે.

**અનુપમઆખા ગામછે, જેને પાદર આંબલીના ઝાડ,**
**ત્યાં બેઠા સભા કરી, પ્રભુ શ્રીહરિ મહારાજ.**

૧) સૌ પ્રથમવખત શ્રીજીમહારાજ લોજથી પીપલાણા દીક્ષા ગ્રહણ કરવા જતા હતા, ત્યારે લોજથી પંચાળા બાલાગામ, બામણાસા અને આખા થઈને મહારાજ પીપલાણા પધારેલા.

૨) બીજી વખત જ્યારે અગતરાયમાં પર્વતભાઈને ઘેર દેશ-દેશનાં હરિભક્તો અને સંતો સાથે બીરાજમાન થયેલ છે ત્યારે આખામાંથી નારણજી દવે, પીપલાણામાંથી નરશી મહેતા બન્ને ભક્તો દંડવત પ્રણામકરી મહારાજ ને કહેવા લાગ્યા અમારે ઘેર રસોઈ તૈયાર છે. તો આપ પધારો મહારાજે આજ્ઞા કરી તમો બન્ને ધુન-કીર્તન કરતા કરતા આગળ ચાલો, અમોને ઠીક લાગશે તેના ભેગા અમે જઈશુ. આખાના પાદરમાંથી પીપલાણાનો રસ્તો જુદો પડે છે. ત્યાંથી સંતો હરિભક્તો સહીત મહારાજ બંને ગામમાં બે સ્વરૂપે ૬ માસ સુધી રહ્યા અને ઘેર-ઘેર પધરામણી કરી.

૩) જે જગ્યાએ હાલ પીપળો, શિવલીંગનો ઓટો છે તે જગ્યાએ મહારાજે યજ્ઞ કરી શ્રોત્રિય કુટુંબનાં ત્રણ બાળકોને યજ્ઞોપવિત આપી ચોરાશી કરીને બ્રાહ્મણોને જમાડેલા અને તે પીપળે મહારાજે રોજો-ઘોડો બાંધેલો તે શિવલીંગ પણ પ્રસાદીનું છે.

૪) ઓગણોતેરો ભયંકર દુષ્કાળ ચાલતો હતો ત્યારે શ્રીજીમહારાજ લાડુબાને ત્યાં પધારેલા અને કહેવા લાગ્યા : 'આ દુષ્કાળ તો ભયંકર છે, મા-બાપ તેના બાળ-બચ્ચાને મારીને ખાઈ જાય તેવો કાળ છે.' ત્યારે લાડુબાએ મહારાજને કહ્યુ : 'કૃપાનાથ ઘરમાં જુવારની કોઠી ૧૨ મણની છે અને તેટલા જ ઘરમાં દાણા છે. આ કોઠીમાંથી દાણા ખુટે અને અમારું આયુષ્ય ખુટે, વહેલા તેડવા આવજો.' ભગવાન શ્રીહરિએ અમી દ્રષ્ટિ કરી અને કહેવા લાગ્યા : 'આ કોઠીનુ ઢાંકણુ ઉચકાવશો નહી, સાણેથી દાણા કાઢીને ખાજો.' આ પ્રમાણે ત્રણ વર્ષ સુધી દાણા તેમાંથી ખાધા અને વ્હાવહાર પણ તેમાંથી ચલાવ્યો. પરંતુ ત્યાર પછી એકવાર લાડુબાના દીકરા મકનજી દવેનાં ઘરનાંએ ઢાંકણુ ઉચકાવીને જોયું તેથી તેમાંથી દાણા ખલાસ થવા લાગ્યા.

૫) આ ગામની એક વાડીમાં હાલ ઓટો છે તે નારણદાસ સ્વામીનો બનાવેલ છે તે જગ્યાએ શ્રીજીમહારાજે મલ્લને રમાડેલા અને ખિસકોલીને પણ સમાધી કરાવેલી હતી.

૬) સ્વધામમાં ગયા પછી પણ શ્રીજીમહારાજ દિવ્ય સ્વરૂપે આખામાં લાડુબાને ત્યાં કાઠીઓના સ્વારો સહીત, પધારેલા ત્યારે લાડુબા કહેવા લાગ્યા : 'અરે, કૃપાનાથ ! અમે તો એમવાત સાંભળી કે મહારાજે ગઢપુરમાં મંદવાડ ગ્રહણ કર્યો છે !' ત્યારે પોતાની નાડ બતાવીને કહેવા લાગ્યા : 'જુઓ, અમારા નખમાંય રોગ છે ?' ત્યારે લાડુબા કહે : 'કૃપાનાથ ! આમાં કાંઈ તકલીફ દેખાતી નથી.' ત્યારે મહારાજ કહે : 'અમારે જમવુ છે.' ત્યારે લાડુબા કહેવા લાગ્યા : 'હે મહારાજ ! શું જમશો ?' ત્યારે મહારાજ પણ ભક્તને ત્યાં જે છે તે જ માંગે છે : 'અમારે તો અડદની દાળ, કાતરાની ચટણી અને જુવારના રોટલા જમવા છે.' લાડુબા રસોઈ બનાવે છે. અને અનંત કોટિ બ્રહ્માંડોના આધાર, જેને ઘેર અખૂટ અન્નના ભંડાર ભરેલા રહે છતાં આખાની અંદર લાડુબાને ત્યાં અડદની દાળ, કાતરાની ચટણી અને જુવારના રોટલા સામેથી માંગીને જમે છે. શ્રીજીમહારાજ કાઠીઓને કહેવા લાગ્યા : 'આ લાડુબા અમારા પરમભક્ત છે, તમે નિરાંતે જમજો.' જમીને તૃપ્ત થયેલા શ્રીજી મહારાજ કહેવા લાગ્યા : 'અમારે અહીંથી પંચાળે જવું છે.' ત્યારે લાડુબા પાદર સુધી વળાવવા માટે ગયા, ત્યાં લાડુબા આંખનું મટકુ ભરે ત્યાં તો ન જોવા મળે મહારાજ કે ન જોવા મળે સ્વારો સહિત કાઠીઓ ! એવામાં લાડુબા કહે કે, મારે સમજવું શું ? એક બાજુ અનંત બ્રહ્માંડનો ધણી મારા હાથના જુવારના ટૂકડા ખાય અને બીજું બાજુ વાત હું એમસાંભળુ છું કે મહારાજે ગઢપુરમાં મંદવાડ ગ્રહણ કરેલ છે. ઘરે આવીને સમાધીમાં જઈને જુએ છે તો ગઢપુરમાં શ્રીજીમહારાજના અંતર્ધાન થવાથી અતિશય શોકનું વાતાવરણ સર્જાયેલું છે. આ રીતે શ્રીજીમહારાજ આખા ગામમાં અનેકવાર પધારેલ છે અને પોતાના અવતરણનો મુખ્ય હેતુ જે એકાંતિક ભક્તોને દર્શનાદિના દાનથી તેમના મનોરથ પુરા કરવા, એ પ્રમાણે આ આખા ગામના ભક્તોને અનેકવિધ લીલાઓથી ઘણા પ્રકારે અતિ સુખ પમાડેલ છે.

અસ્તુ....જય શ્રી સ્વામિનારાયણ....

(નોંધ : આ લેખમાં લેખત દ્વારા શ્રીજીમહારાજે તેમના આખા ગામમાં કરેલી લીલાઓનું સંક્ષેપમાં વર્ણન કરાયેલું છે, પરંતુ સમયસંજોગાનુસાર આ સમગ્ર લીલાઓનું સવિસ્તર રસપાન આ અંકના માધ્યમથી કરાવવામાં આવશે.)

પાર્ષદ રાજુ ભગત તથા મયુર ભગત
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી વડતાલ
(હાલ- સરધાર)

# "સત્સંગ શબ્દજ્ઞાન મનોરંજન"

## આડી ચાવીઓ

૧. ૪૩૪ દિવસ મહારાજ ક્યા નામથી ઓળખાયા. (૪)
૩. વેદના અંગ કેટલા છે ? (૧)
૪. સ્વપ્નને ઉત્પત્તિ.........તે તુલ્ય છે. (૩)
૬. મુક્તાનંદ સ્વામીએ લખેલી ગીતા. (૨)
૭. પોતે પોતાના રૂપને નથી જોતો તે. (૩)
૮. શ્રીજી મહારાજ સમાધિ દ્વારા અક્ષરાદિક.......દેખાડતા હતા. (૨)
૧૦. સદાય સુખિયા રહેવાના સાધન કેટલા ? (૧)
૧૧. જેનો નાશ પામવાનો સ્વાભાવ છે તે. (૩)
૧૨. જીવની જ્ઞાતૃતાશક્તિ પરમાત્માની આગળ........છે. (૫)
૧૫. ભગવત્સ્વરૂપનું જ્ઞાન તથા માહાત્મ્ય જેના હેતુ છે તે. (૨)
૧૭. સત્સંગમાં ભગવાન અને સંતનું માહાત્મ્ય સમજવાથી જે અચળ થાય છે તે. (૨)
૧૯. જે મનને હરી લે છે તે. (૪)
૨૦. સૌથી કઠણ સાધનનું વચનામૃત. (૩)
૨૪. અમૂલ્ય અવસર. (૨)
૨૫. જંબુદ્વીપના ખંડ કેટલા ? (૨)
૨૭. જે પ્રાણના આધાર હોય તે. (૩)
૨૯. જેના વચનામૃતમાં હરિભક્તનો એકજ પ્રશ્ન છે તે ગામ. (૨)
૩૦. ગોધો જોડાણો જેમ........રે. (૨)
૩૧. વચનામૃતમાં જે નામનો ૧૦૮ વખત ઉલ્લેખ છે તે નામ. (૬)
૩૩. ભગવાનના ભક્તને અંતઃશત્રુ સાથે જે લેવાની હોય છે તે. (૩)
૩૪. નીલકંઠ વર્ણિએ ૨૬૧૨ દિવસ..........વિચરણ કર્યું. (૨)
૩૫. ત્રણ પ્રકારના અહંકારમાંથી એક અહંકાર. (૩)

## ઊભી ચાવીઓ

૧. મહારાજે સૌ પ્રથમસર્વોપરિ ઉપાસનાની વાત ક્યા ગામમાં કરી ? (૪)
૨. જે ભગવાનના..........થઈ રહ્યા તેને કાંઈ કરવું રહ્યું નથી. (૨)
૪. જેમાં ભગવાનનું પ્રતિપાદન ન હોય તે.........વાદ કહેવાય. (૪)
૫. ચાર વર્ણ અને આશ્રમતેને પોતપોતાનો જે ધર્મ તેને.......કહીએ. (૨)
૮. ત્રણ પ્રકારના હથિયારમાંથી એક. (૨)
૯. જેણે જેતલપત્તને.......કર્યો. (૨)
૧૨. જેનો ક્યારેય નાશ નથી એવું ભગવાનનું ધામ. (૩)
૧૩. જીવ દેહ ઈન્દ્રિયાદિકને ચેતન કરે છે તેથી તે.........કહેવાય છે. (૩)
૧૫. જે સૌના ચિત્તને મોહ પમાડે છે તે. (૩)
૧૬. પ્રકૃતિપુરૂષ સુધીની સુષ્ટિ.......કહેવાય છે. (૨)
૧૮. મનુષ્યાકૃતિ ભગવાનને વિષે બાળ-યુવા-વૃધ્ધપણું જેનાથી જણાય છે તે. (૪)
૧૯. જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને કોઈની ઉપર........કરવો નહિ. (૫)
૨૧. ભગવાન વિના બીજે જે...........કરવું તે મોટું પાપ છે. (૨)
૨૨. માણસના દેહમાં પેસે છે ત્યારે માણસ મરી જાય છે. (૨)
૨૩. નિલકંઠ વર્ણિને વનમાં જે મળ્યા હતા તે દેવ. (૩)
૨૬. ગોવર્ધન શેઠની જ્ઞાતિ. (૩)
૨૮. .......હું કરૂં વિશ્વપાળને. (૩)
૨૯. નીલકંઠ વર્ણીના વનવિચરણની સમાપ્તિનું ગામ. (૨)
૩૨. યમરાજાના પાર્ષદનું નામ.

સત્સંગ કોષ્ટક - ૧૦

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | ■ | ૭ | | | ■ | |
| ૮ | ૯ | ■ | ■ | ૧૦ | ■ | ૧૧ | | | ■ |
| | | ■ | ૧૨ | | ૧૩ | ૧૪ | | ■ | ■ |
| ■ | ■ | ૧૫ | ૧૬ | ■ | | ■ | ■ | ૧૭ | ૧૮ |
| ૧૯ | | | | ■ | ૨૦ | ૨૧ | ૨૨ | ■ | |
| | ■ | | ■ | ૨૩ | ■ | ૨૪ | | ■ | |
| ૨૫ | ૨૬ | ■ | ૨૭ | | ૨૮ | ■ | ■ | ૨૯ | |
| ૩૦ | | ■ | ૩૧ | | | | | ૩૨ | ■ |
| ૩૩ | | | ■ | ૩૪ | | ■ | ૩૫ | | |

સત્સંગ કોષ્ટક - ૯

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વે | ■ | ૨ જ | ■ | ૩ વ | હે | ૪ લા | લ | ■ | ૫ વા |
| ૬ દ | ૭ શ | મ | ■ | ચ | ■ | ડુ | ■ | ૮ દિ | વ |
| ■ | ય | ■ | ૯ બા | ના | ની | ■ | ૧૦ કો | ■ | ■ |
| ૧૧ મ | ન | ૧૨ સા | ■ | મૃ | ■ | ૧૩ ના | થ | ■ | ૧૪ સે |
| ન | ■ | ૧૫ વ | ૧૬ સં | ત | ૧૭ પં | ચ | મી | ■ | વ |
| ■ | ■ | ૧૮ ર | તો | ■ | ચા | ■ | ■ | ૧૯ વા | ક |
| ૨૦ શિ | ૨૧ યા | ણી | ■ | ૨૨ ક | ળા | ■ | ૨૩ અ | ■ | રા |
| ૨૪ વ | દ | ■ | ૨૫ પ | ળ | ■ | ૨૬ મ | ગ્નિ | ૨૭ રા | મ |
| રા | ■ | ૨૮ ધ | ■ | ૨૯ શ | ૩૦ ર | દ | ■ | મ | ■ |
| ૩૧ મ | યા | રા | મ | ■ | ૩૨ મ | ન | ન | ■ | ૩૩ ભુ |



# સત્સંગ સમાચાર પત્રિકા

## વડોદરાને આંગણે યોજાયેલ પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીની સાંનિધ્યમાં ભવ્ય સત્સંગ સભા

તા. ૨૪-૭-૦૬ના રોજ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વડોદરા શહેરના વાઘોડિયા વિસ્તારમાં ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્સંગ સભામાં વડતાલથી પ.પૂ. નાના લાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પૂ. સંતો પધારી સત્સંગ કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

## વસોને આંગણે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - વસો આયોજિત વસો ગામને આંગણે પવિત્ર શ્રાવણ માસમાં તા. ૨૭-૭-૦૬ થી તા. ૩૧-૭-૦૬ સુધી સરધાર નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શિષ્ય પૂ. સ્વામી નિષ્કામસ્વરૂપદાસજીના વક્તાપદે સંપ્રદાય મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગામના તેમજ આજુબાજુ વિસ્તારના ભક્તજનોએ કથા-પારાયણનો લાભ લઈ જીવન ધન્યભાગી બનાવ્યા હતા.

## સુણાવને આંગણે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સુણાવ આયોજિત સુણાવ ગામને આંગણે પવિત્ર શ્રાવણ માસમાં તા. ૨૭-૭-૦૬ થી તા. ૩૧-૭-૦૬ સુધી વરજાંગ જાળિયા નિવાસી પૂ. સ્વામી શ્રી શ્રીહરિદાસજીના વક્તાપદે સંપ્રદાય મહાન સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગામના તેમજ આજુબાજુ વિસ્તારના ભક્તજનોએ કથા-પારાયણનો લાભ લઈ જીવન ધન્યભાગી બનાવ્યા હતા.

આ પ્રસંગે કથા પૂર્ણાહુતિના દિવસે વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ પધારી દર્શન-અમૃતવાણીનો લાભ આપ્યો હતો. અંતે પુરુષો તેમજ મહિલાના નૂતન મંદિરોમાં આરતી ઉતારી હતી.

## શ્રી સ્વામિનારાયણ મંદિર - અમરેલી આંગણે યોજાયેલ શ્રી રઘુવીર આચાર્ય ભુવન તથા શ્રીહરિકૃષ્ણ ભક્ત ભુવનનું શુભ ઉદ્ઘાટન તેમજ નૂતન નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરનું ખાતમુહૂર્તવિધિ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજીના માર્ગદર્શન પ્રમાણે જે તીર્થભૂમિ ઉપર દિવ્યસ્વરૂપે ભગવાન શ્રીહરિ પધારેલ છે. તેમજ પૂર્વે તમામ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીઓ અને નંદસંતો પધારેલ છે તેવી પવિત્ર ધરતી પર શ્રીજીમહારાજના સમકાલીન સંત સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ જે જગ્યાએ મંદિર કર્યું હતું તે જ જગ્યા ઉપર નૂતન નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિર પૂર્ણતાને આરે છે ત્યારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા હરિભક્તો માટે શ્રી રઘુવીર આચાર્ય ભુવન તથા શ્રીહરિકૃષ્ણ ભક્ત ભુવનનું બાંધકામ કાર્ય પૂર્ણ થવાથી જેનું ઉદ્ઘાટન તા. ૭-૮-૦૬ના રોજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ વરદ્ હસ્તે રાખવામાં આવ્યું હતું. અને સાથે સાથે નૂતન નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરનું ખાતમુહૂર્તવિધિ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વડતાલથી પધારેલ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજે સહુ ભક્તજનોને પોતાની દિવ્ય અમૃતવાણી દ્વારા આશીર્વાદ આપ્યા હતા. તેમજ ખોપાળાથી પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી, સરધારથી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા ગઢપુરથી એસ.પી.સ્વામી, કોઠારી સ્વામી તથા વરજાંગ જાળિયાથી પૂ. સ્વામી શ્રી શ્રીહરિદાસજી તેમજ વડતાલથી પૂ. સ્વામી શ્રી ઘનશ્યામદાસજી આદિક મહાનુભાવો સંતો પધારી દર્શન-પ્રવચનનો લાભ આપ્યો હતો.

# વિદેશ સમાચાર

## અપસ્ટેટ ન્યુયોર્કમાં યોજાયેલ સત્સંગ સભા

તા. ૧૬-૭-૦૬ના રોજ અપસ્ટેટ ન્યુયોર્કના મોન્ટીસેલો વિસ્તારમાં પ.ભ. શ્રી પ્રફુલભાઈ પટેલ (ખાંધલી)ના નિવાસસ્થાને ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીએ કથા-વાર્તાનો લાભ આપી ભક્તજનોને આનંદિત કર્યા હતા. અંતે સહુ હરિભક્તો મહાપ્રસાદ લઈને છૂટા પડ્યા હતા.

## સીનસીનાટી (ઓહાયો)માં યોજાયેલ સત્સંગ સભા

તા. ૧૮-૭-૦૬ના રોજ ઓહાયો રાજ્યના સીનસીનાટી શહેરમાં પ.ભ. શ્રી રાહુલભાઈ એ. પટેલ(ડાંગરવા)ના નિવાસસ્થાને ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીએ સત્સંગ-કથા-વાર્તાનો લાભ આપી સહુ હરિભક્તોને પરમાત્મામાં ચરિત્રોમાં રસતળબોળ કર્યા હતા.

## કેલીફોનીયાના ફ્રેમાઉન્ટ શહેરમાં યોજાયેલ સત્સંગ સભા

તા. ૨૨-૭-૦૬ના કેલીફોનયાના રાજ્યના ફ્રેમાન્ટ વિસ્તારમાં પ.ભ.શ્રી રાજેશભાઈ તથા પરિમલભાઈ (ભાદરણ)ના સાથ સહકાર અને આયોજન પ્રમાણે સત્સંગ હોલમાં ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી દિવ્યસ્વરૂપદાસજીએ સત્સંગ-કથા-વાર્તાનો લાભ આપી સહુ હરિભક્તોને પરમાત્મામાં ચરિત્રોમાં રસતળબોળ કર્યા હતા.

## હ્યુસ્ટન(ટેક્ષાસ) વિસ્તારમાં યોજાયેલ સત્સંગ સભા

તા. ૨૯-૭-૦૬ના રોજ ટેક્ષાસ રાજ્યના હ્યુસ્ટન વિસ્તારમાં પ.ભ. શ્રી હર્ષદભાઈ, મદનમોહનભાઈ તથા ઘનશ્યામભાઈ પટેલના સાથ સહકાર અને આયોજન પ્રમાણે સત્સંગ હોલમાં ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી દિવ્યસ્વરૂપદાસજીએ સત્સંગ-કથા-વાર્તાનો લાભ આપી ભક્તજનોને આનંદિત કર્યા હતા. અંતે સહુ હરિભક્તો મહાપ્રસાદ લઈને છૂટા પડ્યા હતા.

## સ્ટ્રીમવુડ(શિકાગો)માં યોજાયેલ સત્સંગ સભા

તા. ૪-૮-૦૬ના રોજ સ્ટ્રીમવુડ(શિકાગો)માં પ.ભ. શ્રી ચંદુભાઈ પટેલ (ખાંધલી)ના નિવાસસ્થાને ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી દિવ્યસ્વરૂપદાસજીએ સત્સંગ-કથા-વાર્તાનો લાભ આપી ભક્તજનોને આનંદિત કર્યા હતા. અંતે સહુ હરિભક્તો મહાપ્રસાદ લઈને છૂટા પડ્યા હતા.

## મીલવોકી(વિસ્કોન્સી)માં યોજાયેલ સત્સંગ સભા

તા. ૬-૮-૦૬ના રોજ મીલવોકી(વિસ્કોન્સી)માં પ.ભ. શ્રી મહેશભાઈ પટેલ ()ના નિવાસસ્થાને સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી દિવ્યસ્વરૂપદાસજીએ સત્સંગ-કથા-વાર્તાનો લાભ આપી ભક્તજનોને આનંદિત કર્યા હતા. અંતે સહુ હરિભક્તો મહાપ્રસાદ લઈને છૂટા પડ્યા હતા.

## શ્રી સ્વામિનારાયણ મંદિર વ્હીલીંગ (શિકાગો)માં યોજાયેલ સત્સંગ સભા

તા. ૬-૮-૦૬ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર - વ્હીલીંગ (શિકાગો)માં ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી દિવ્યસ્વરૂપદાસજીએ સત્સંગ-કથા-વાર્તાનો લાભ આપી સહુ હરિભક્તોને પરમાત્મામાં ચરિત્રોમાં રસતળબોળ કર્યા હતા.

## પૂ. સંતોનું લંડન-લેસ્ટર-ઓલ્ડહામ(ઈંગલેન્ડ)માં સત્સંગ વિચરણ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારથી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી આદિક સંતો અમેરિકાની ધર્મયાત્રાએ પધારેલ. વિદેશની ધરતી ઉપર વસતા ભક્તજનોને કથા-વાર્તા-સત્સંગનો અનેરો લાભ આપી પૂ. સંતો તા. ૯-૮-૦૬ના રોજ ઈંગલેન્ડની ધરતીની ઉપર પધાર્યા હતા. ત્યાં વિલ્સડનમાં તા. ૧૦/૧૧-૮-૦૬ના રોજ પ.ભ. શ્રી વેલજીભાઈ વેકરીયા (મીરજાપુર)ના નિવાસસ્થાને સત્સંગનો લાભ આપ્યો હતો. ત્યારબાદ તા.૧૨/૧૩-૮-૦૬ના રોજ લેસ્ટરમાં પ.ભ. શ્રી રતિલાલભાઈના નિવાસસ્થાને કથા-વાર્તાનો લાભ આપી તા.૧૪/૧૫-૮-૦૬ના રોજ ઓલ્ડહામમાં પ.ભ.શ્રી દિનેશભાઈ ચોથાણીના નિવાસસ્થાને કથા-વાર્તાનો હરિભક્તોને અનેરો લાભ પૂ. સંતો તા.૧૭-૮-૦૬ના ભારત પધાર્યા હતા.

દર મહિના પહેલા રવિવારે સરધાર અને મહિના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

# :: અભયદાન સત્સંગ સભા ::

**સરધાર :-** તા. ૩-૯-૦૬, ભાદરવા સુદ - ૧૦, રવિવાર સવારે ૯ થી ૧૧

**રાજકોટ :-** તા. ૨૬-૮-૦૬, ભાદરવા સુદ - ૩, શનિવાર રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક :-** કરશનભાઈ ઢાંકેચા, મો. ૯૪૨૬૭ ૮૧૧૧૭૯. મહેન્દ્રભાઈ પાટડીયા, મો. ૯૪૨૬૨ ૨૯૫૫૮.

## મુંબઈ પરા વિસ્તારમાં વસતા હરિભક્તોને સત્સંગનો અલૌકિક દિવ્ય લાભ

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી માયાવી નગરી મુંબઈ પરા વિસ્તારમાં વસતા હરિભક્તોને સત્સંગનો અલૌકિક દિવ્ય લાભ મળે તેવા સહ હેતુસર શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલીમાં વિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની સાંનિધ્યમાં દર રવિવારે **'અભયદાન સત્સંગ સભા'**નું આયોજન કરવામાં આવેલ છે. તો દરેક ભક્તજનો સત્સંગ સભાનો લાભ લઈ જીવન ધન્ય બનાવે તેવી શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલી ટ્રસ્ટીમંડળની નમ્ર વિનંતી સહ... જય શ્રી સ્વામિનારાયણ.

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - રાજાજી રોડ, રેલ્વે બ્રીજની બાજુમાં, બેંક ઓફ ઈન્ડિયાની સામે, ડોંબીવલી (ઈસ્ટ)

ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫, ૨૪૨૦૬૮૦

નોંધ :- દરેક ભક્તજનોને માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવે છે. સમય :- સવારે ૯ થી ૧

દર સોમવારે અને એકાદશીએ

## શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રીજીનગર(સુરત)ને આંગણે યોજાતી ભવ્ય સત્સંગ સભા

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી દર સોમવારે અને એકાદશીએ શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રીજીનગર(સુરત)ને આંગણે ભવ્ય **'સત્સંગ સભા'**નું આયોજન કરવામાં આવે છે. તો દરેક સુરત વિસ્તારમાં વસતા ભક્તજનોને સત્સંગ સભામાં પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રીજીનગર, સાગર સોસાયટીની બાજુમાં, સ્પીનીંગ મીલની પાસે, વરાછા રોડ - સુરત.

ફો.નં. ૨૫૮૦૨૬૮, ૯૮૭૯૭ ૫૮૫૧૩ **સમય :-** રાત્રે ૯ થી ૧૧-૩૦

## કાનમ પ્રદેશમાં વસતા ભક્તજનોને વડોદરાને આંગણે યોજાતી દિવ્ય સત્સંગ સભાનો અલૌકિક લાભ

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી કાનમ પ્રદેશમાં વસતા ભક્તજનોને સત્સંગનો દિવ્ય લાભ મળે અને સંપ્રદાયના મૂળભુત સિદ્ધાંતો શુદ્ધ જ્ઞાન થાય તેમજ આજ્ઞા-ઉપાસના અતિ દ્રઢ બને તેવા શુભ હેતુસર વડોદરાને આંગણે મહિના દર રવિવારે **'અભયદાન સત્સંગ સભા'**નું આયોજન કરવામાં આવે છે. તો દરેક કાનમ પ્રદેશ વિસ્તારમાં વસતા ભક્તજનોને સત્સંગ સભામાં પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

**સંપર્ક સેતુ :-** પૂ. સ્વામી શ્રી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી (વડતાલ) મો. ૯૮૨૫૧ ૩૪૧૦૮

પૂ. સ્વામી શ્રી નિષ્કામસ્વરૂપદાસજી (સરધાર) મો. ૯૮૨૫૪ ૯૦૦૩૫ **સમય :-** રાત્રે ૯ થી ૧૧-૩૦

## સોરઠ પ્રદેશમાં વસતા ભક્તજનોને માણાવદરને આંગણે યોજાતી દિવ્ય સત્સંગ સભાનો અલૌકિક લાભ

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સોરઠ પ્રદેશમાં વસતા ભક્તજનોને સત્સંગનો દિવ્ય લાભ મળે અને સંપ્રદાયના મૂળભુત સિદ્ધાંતો શુદ્ધ જ્ઞાન થાય તેમજ આજ્ઞા-ઉપાસના અતિ દ્રઢ બને તેવા શુભ હેતુસ ાર માણાવદરને આંગણે મહિના દર રવિવારે **'અભયદાન સત્સંગ સભા'**નું આયોજન કરવામાં આવે છે. તો દરેક સોરઠ પ્રદેશ વિસ્તારમાં વસતા ભક્તજનોને સત્સંગ સભામાં પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

**સંપર્ક સેતુ :-** પ.ભ. શ્રી શાંતિભાઈ રતનપરા ફો.નં. ૯૪૨૬૧ ૬૭૭૦૮ **સમય :-** રાત્રે ૯ થી ૧૧-૩૦

# આગામી આવતા વ્રતો તથા ઉત્સવ-સમૈયાનો નિર્ણય

**સંવત ૨૦૬૨, વ્યયનામસંવત્સર, શાકે-૧૯૨૮,**
**શ્રી સ્વા.ના શક. ૨૨૫. સને ૨૦૦૬ ઓગષ્ટ-સપ્ટેમ્બર**

| તિથિ | વાર | તા. | | | વિગત |
|---|---|---|---|---|---|
| ૩૦ | બુધ | ૨૩ | આશ્લેષા | કર્ક | દર્શ-૩૦ અમાવાસ્યા, શ્રી શિવપૂજન સમાપ્ત. કુશ - ગ્રહણી. |
| ૩ | શનિ | ૨૬ | ઉ. ફા. | કન્યા | શ્રી વરાહ જયંતી. |
| ૩ | રવિ | ૨૭ | હસ્ત | કન્યા | શ્રીહરિ-તાલિકા વ્રત, કેવડા ત્રીજ, શ્રી ગણેશ ચતુર્થી, શ્રી ગણેશ સ્થાપન, શ્રી ગણેશ પૂજન, સવારે ૧૦. સામવેદી, બ્રાહ્મણોએ જનોઈ બદલવી. વિનાયક ચોથ. |
| ૪ | સોમ | ૨૮ | ચિત્રા | કન્યા | ઋષિપંચમી વ્રત. |
| ૮ | શુક્ર | ૧ | અનુરાધા | વૃશ્ચિક | **સપ્ટેમ્બર.** શ્રી રાધાષ્ટમી-વ્રત-ઉપવાસ, આરતિ બ.૧૨ ક. ધરો આઠમ, દુર્ગાષ્ટમી, આ. શ્રી. વિહારીલાલજી મહારાજશ્રીનો અ.વા. સં. ૧૯૫૫. |
| ૯ | શનિ | ૨ | જયેષ્ઠા | વૃશ્ચિક | શ્રી સ્વામિનારાયણ જયંતી ઉપવાસ શ્રીમદ્ ભાગવત સપ્તાહ આરંભ. |
| ૧૧ | સોમ | ૪ | પૂ. ષા. | ધન | પરિવર્તિની એકાદશી ઉપવાસ, જલઝીલણી એકાદશી, શ્રીહરિ બાલમુકુંદજીને જળ ઝીલાવવા. શ્રી ગણપતીજી વિસર્જન-વરઘોડો - અમદાવાદ, વડતાલ, ગઢપુર, મુળી સમૈયો. |
| ૧૨ | મંગળ | ૫ | શ્રવણ | મકર | શ્રી વામન જયંતી, મધ્યાહને ઉત્સવ-આરતી. ત્યારબાદ પારણાં, |
| ૧૫ | ગુરુ | ૭ | શતભિષા | કુંભ | મુકુટોત્સવ પુનમ, શ્રીમદ્ ભાગવત સપ્તાહ સમાપ્ત. પંચક ખંડગ્રાસ, ચંદ્રગ્રહણ. |
| ૧ | શુક્ર | ૮ | પૂ. ભાદ્ર | કુંભ | મહાલય શ્રાદ્ધ આરંભ, એકમનું શ્રાદ્ધ, પંચક આ. શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજનું શ્રાદ્ધ. આ. શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજનું શ્રાદ્ધ. |
| ૨ | શનિ | ૯ | ઉ. ભાદ્ર | મીન | બીજનું શ્રાદ્ધ, આ. શ્રી રઘુવીરજી મહારાજ તથા આ. શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજનું શ્રાદ્ધ, |
| ૩ | રવિ | ૧૦ | રેવતી | મીન | ત્રીજનું શ્રાદ્ધ, |
| ૪ | સોમ | ૧૧ | અશ્વિની | મેષ | ચોથનું શ્રાદ્ધ. શ્રી ધર્મદેવજી, આ. શ્રી કેશવપ્રસાદજી મહારાજનું શ્રાદ્ધ, આ. શ્રી આનંદપ્રસાદજી મહારાજનું શ્રાદ્ધ. |
| ૫/૬ | મંગળ | ૧૨ | ભરણી | મેષ | પાંચમ-છઠ્ઠ તથા ભરણી શ્રાદ્ધ, આ. શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજનું શ્રાદ્ધ. |
| ૭ | બુધ | ૧૩ | કૃતિકા | વૃષભ | સાતમનું શ્રાદ્ધ. આ. શ્રી. અયોધ્યાપ્રસાદજી મહારાજનું શ્રાદ્ધ, |
| ૮ | ગુરુ | ૧૪ | રોહિણી | વૃષભ | આઠમનું શ્રાદ્ધ, પાંડેશ્રી ઈચ્છારામજી મહારાજ, આ.શ્રી વિહારીલાલજી મહારાજનું શ્રાદ્ધ. |
| ૯ | શુક્ર | ૧૫ | મૃગશીર્ષ | મિથુન | શ્રી ભક્તિમાતાનું શ્રાદ્ધ. પાંડેશ્રી રામપ્રતાપજી મહારાજનું શ્રાદ્ધ. અવિધવાનવમી, સૌભાગ્યવલીનું શ્રાદ્ધ. |
| ૧૦ | શનિ | ૧૬ | આર્દ્રા | મિથુન | શ્રીજી મહારાજનું શ્રાદ્ધ, દશમીનું શ્રાદ્ધ. આ.શ્રી ભગવત્પ્રસાદજી મહારાજનું શ્રાદ્ધ. |
| ૧૧ | રવિ | ૧૭ | પુનર્વસુ | કર્ક | એકાદશીનું શ્રાદ્ધ. (બે એકાદશી છે જેથી બીજી એકાદશીએ ઉપવાસ કરવો.) |
| ૧૧ | સોમ | ૧૮ | પુષ્ય | કર્ક | ઈન્દિરા એકાદશી ઉપવાસ, બાળા ભોળાનું શ્રાદ્ધ. |
| ૧૨ | મંગળ | ૧૯ | આશ્લેષા | કર્ક | બારશનું શ્રાદ્ધ. |
| ૧૩ | બુધ | ૨૦ | મઘા | સિંહ | તેરશનું શ્રાદ્ધ, શસ્ત્રાદિક-અકસ્માતથી મરણ પામેલાંનું શ્રાદ્ધ. શિવરાત્રી. |
| ૧૪ | ગુરુ | ૨૧ | પૂ. ફા. | સિંહ | ચૌદશનું શ્રાદ્ધ. |
| ૩૦ | શુક્ર | ૨૨ | ઉ. ફા. | કન્યા | દર્શ-૩૦, અમાવાસ્યા, પુનમનું શ્રાદ્ધ, આ.શ્રી પુરૂષોત્તમપ્રસાદજી મહારાજનું શ્રાદ્ધ. સર્વોપિતૃ શ્રાદ્ધ, કંકણાકૃતિ સૂર્યગ્રહણ છે પરંતુ ભારતમાં દેખાશે નહિ જેથી પાળવાનું નથી. બાળલાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજનો જન્મસં. ૨૦૪૦ વડતાલ. |



લાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ.
જન્મસં. ૨૦૪૦ વડતાલ.



## સુરતમાં વિનાશકારી જલપ્રલય...
## તાપી નદીમાં પૂરનું તાંડવ...

*શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી સંસ્થાન વડતાલ પીઠાધિપતિ સનાતન પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી સુરત શહેરના વરાછારોડ, સીમાડા, પુણા-કુંભારીયા, વેડરોડ, કતારગામ, રાંદેર, અમરોલી અને અડાજણ વગેરે વિસ્તારોમાં સેવાની સરવાણી....*

# પૂરપીડિતોની સેવામાં
# શ્રી સ્વામિનારાયણ રાહત સેવા કેન્દ્ર.....

જેના પર કુદરતનો પ્રકોપ થાય ત્યારે તેને કોણ બચાવનાર ? પ્રત્યુત્તરમાં તેમને બચાવનાર પરમાત્મા પોતે જ છે. બીજો કોઈ નથી. ૨૦૦ વર્ષના ઈતિહાસના ન ઘટી હોય તેવી ઘટના ગુજરાતના સાચા હિરાસમાન ગણાતી રત્નનગરી સુરતમાં વિનાશકારી તાપી નદીના પૂરના તાંડવને લીધે ખૂબસુરત બદસુરત થઈ ગયું છે.

ગત તા. ૬ ઓગષ્ટે સુરતમાં ઉપરવાસના વરસાદના કારણે ઉકાઈ ડેમની સપાટી વધતા તંત્રને પાણી છોડવાની ફરજ પડી. ૯ થી ૧૧ લાખ ક્યુસેક સુધી પાણી છોડાતા સૂર્યપુત્રી તાપીમૈયાના આક્રોશમાં સુરત શહેરની ગલી ગલીમાં બે ફુટથી લઈને વીસ વીસ થી પચ્ચીસ પચ્ચીસ ફુટ સુધી એક માળ કે બે માળ સુધી પાણી ફરી વળ્યા. હજારો લોકો બેઘર બની ગયા, તો કેટલાય લોકો રોજગાર વિનાના થઈ ગયા છે, હજારો લોકો અન્ન-જળ, ઘરવખરી વગેરે સામાન વિનાના બની ગયા છે.

પૂરસંકટમાં જે તબાહી થયેલ છે તેમાં દરેક જીવપ્રાણી માટે ખૂબજ આફત અને દુઃખરૂપ બની છે. 'કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય; દયા આણી રે, અતિ આકળા થાય; અન્ન-ધન-વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે; કરુણા દૃષ્ટિ રે...'એવો સ્વભાવિક જેમનો સ્વભાવ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય ધર્મકુલ વંશપરંપરાગત આવતા વડતાલ પીઠાધિપતિ સનાતન પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વજીવહિતાવહ દિવ્યસંદેશને સાર્થક કરવા આ તાપીમાતા પૂરપ્રલયના દુર્ઘટનાના સમાચાર સાંભળતા જ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે પૂરપીડિતોની રાહત સેવામાં જોડાઈ જવાનો તમામ સંતો-ભક્તોને આદેશ આપી દીધો. અને પૂરતાંડવમાં શહેરમાંથી પાણીની સપાટી ઘટતાની સાથે જ તા. ૧૦ ઓગષ્ટથી સુરત શહેરના હિરાબાગ સર્કલ પાસેના વિઠલનગરની વાડીમાં 'શ્રી સ્વામિનારાયણ રાહત સેવા કેન્દ્ર' શરૂ કરી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્ય આરંભી દીધાં.

શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રીજીનગર (સુરત), ગઢપુર, સરધાર, અમરેલી, બગસરા વગેરે સંસ્થાઓ અને દાતાઓના સાથ સહકારથી હજારો પૂરપીડિતોની માટે પાંચસો કરતાંય વધારે સ્વયંસેવકો ખડેપગે ઊભા રહીને બહુવિધ સેવાઓ આરંભી દીધી. આ સેવાકાર્યમાં રાહત રસોડું શરૂ કરવામાં આવ્યું, જેમાં રોટલી, શાક, દાળ-ભાત વગેરે વાનગી બનાવી રોજના ૫,૦૦૦ ભાણાં પૂરા પાડવામાં આવ્યા. તદ્ઉપરાંત ૫૦,૦૦૦ હજાર ફૂડપેકેટ્સ, ૧,૦૦,૦૦૦ પાણીના પાઉસ, ૭૦૦ મણ ઘઉં, ૫૦૦ મણ ભાત, ૩૦૦ મણ તુવેરદાળ અને બટેટા આદિક શાકભાજીનું ફોરવ્હીલ ગાડી, ટેમ્પા, મેટાડોર આદિક ૫૦ વાહનો અને ૧૫ સંતો અને ૩૦૦ વધારે સ્વયંસેવકોની સાથે સુરત શહેરના વરાછારોડ, સીમાડા, પુણા-કુંભારીયા, વેડરોડ, કતારગામ, રાંદેર, અમરોલી અને અડાજણ વગેરે વિસ્તારોમાં આ તમામ સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સુરત શહેરના ઉપરોક્ત વિસ્તારોના લોકો રાજી થઈ શ્રી સ્વામિનારાયણ રાહત સેવા કેન્દ્રના સંતો-ભક્તોના સેવાકાર્યને બિરદાવ્યું હતું અને સંકટમાં સમયમાં સહકાર આપ્યો તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

સુરત શહેરમાં થયેલ તબાહીનું નિરક્ષણ અને દુઃખી થયેલા ભક્તજનોને પોતાના દિવ્ય દર્શનથી શાંતિનો અનુભવ થાય તેવા હેતુસર તા. ૧૫-૮-૦૬ના રોજ વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ પધારી અસરગ્રસ્ત વિસ્તારોની મૂલાકાત લીધી હતી. અને સહુ કોઈને આ સંકટમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ આવેલ આપતીને સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરી હતી. તેમજ શ્રીજીમંદિર અને રાંદેર શ્રી સ્વામિનારાયણ મંદિરમા પધારી આરતી ઉતારી ભક્તજનોને ધન્ય બનાવ્યા હતા.

**Shree Swaminarayan Chintan, Aug.2006 Reg. No. GRJ - 517/05 Reg. No. RNI No. GUJGUJ10785/06/1/03 - TC**

**11.The Format Of imprinline is reproduced as your imprint line does not contain complete details of....... (a) Printed By P.V. Dixit, Published by Viraktaswarup Swami on behalf of (or owned by) Shree Swaminarayan Mandir-Sardhar and printed at Sahjanand Press, 80 feet Road, Rajkot. (name of printing press with full address) and published from Sardhar (place of publication with full address). Editor Divyaswarup Swami. (only Editor word is accepted as per PRB Act in the imprint line.)**



## સુરતમાં થયેલ વિનાશકારી પૂર તાંડવમાં પૂરપીડિત વિસ્તારોની મુલાકાત લેવા વડતાલથી પધારેલ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ

૧. શ્રીજી મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. શ્રીજી મંદિરમાં ભક્તજનોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. અશ્વિનીકુમાર મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા પૂ.સંતો-ભક્તો. ૪. અશ્વિનીકુમાર મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. અશ્વિનીકુમાર મંદિરમાં નિવાસ કરતા પૂ. સંતો-ભક્તોની ખબરઅંતર પૂછતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. સુરત શહેરમાં થયેલ તબાહીનું નિરક્ષણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. રાંદેર મહિલા મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. રાંદેર હરિભક્ત સમુદાયને આશીર્વાદરૂપી અમૃતવચનોનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

છબીકલા : શ્રીહરિ ડીજીટલ ફોટોગ્રાફી - સરધાર-સુરત. મો. ૯૮૯૮૭ ૬૬૭૦૩, ૯૯૨૫૦ ૩૦૨૫૦



1



2



3



4



5



6



7



8

## સુરતમાં થયેલ વિનાશકારી પૂર તાંડવમાં પૂરપીડિતોની સેવામાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ રાહત સેવા કેન્દ્ર

ગત તા. ૬ ઓગષ્ટે સુરતમાં ઉપરવાસના વરસાદના કારણે ઉકાઈ ડેમની સપાટી વધતા તંત્રને પાણી છોડવાની ફરજ પડી. ૯ થી ૧૧ લાખ ક્યુસેક સુધી પાણી છોડાતા સૂર્યપુત્રી તાપીમૈયાના આક્રોશમાં સુરત શહેરની ગલી ગલીમાં બે ફુટથી લઈને વીસ વીસ થી પચ્ચીસ પચ્ચીસ ફુટ સુધી એક માળ કે બે માળ સુધી પાણી ફરી વળ્યા. હજારો લોકો બેઘર બની ગયા, તો કેટલાય લોકો રોજગાર વિનાના થઈ ગયા છે, હજારો લોકો અન્ન-જળ, ઘરવખરી વગેરે સામાન વિનાના બની ગયા છે. ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વજીવહિતાવહ દિવ્યસંદેશને સાર્થક કરવા આ તાપીમાતા પૂરપ્રલયના દુર્ઘટનાના સમાચાર સાંભળતા વડતાલ પીઠાધિપતિ સનાતન પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજે જ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે પૂરપીડિતોની રાહત સેવામાં જોડાઈ જવાનો તમામ સંતો-ભક્તોને આદેશ આપી દીધો. અને પૂરતાંડવમાં શહેરમાંથી પાણીની સપાટી ઘટતાની સાથે જ તા. ૧૦ ઓગષ્ટથી સુરત શહેરના હિરાબાગ સર્કલ પાસેના વિઠલનગરની વાડીમાં 'શ્રી સ્વામિનારાયણ રાહત સેવા કેન્દ્ર' શરૂ કરી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્ય આરંભી દીધાં.



## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧. વડોદરાના આંગણે યોજાયેલ સત્સંગ સભામાં પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના દર્શન-અમૃતવાણીનો લાભ લેતા ભક્તજનો. ૨. નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - સુણાવમાં ઠાકોરજીની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. સરધાર અભયદાન માસિક સભામાં કથા-વાર્તાનો લાભ લેતા ભક્તજનો. ૪. અમેરિકાના ટેક્ષાસ રાજ્યના હ્યુસ્ટન શહેરમાં પૂ. સંતોની સાંનિધ્યમાં સત્સંગ સભાનો લાભ લેતા વિશાળ ભક્ત સમુદાય. ૫. નવનિર્માણ મહિલા મંદિરનું ખાતમુહૂર્તપૂજનવિધિ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. શ્રી આચાર્ય ભુવન અને યાત્રિક ભુવનનું શુભ ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન અને અમૃતવાણીનો લાભ લેવા પધારેલ વિશાળ હરિભક્ત સમુદાય. ૮. અમરેલી મંદિર દ્વારા પ્રકાશિત મહામંત્ર લેખન નોટબુકનું વિમોચન કરી મંત્રલેખનનો પ્રારંભ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.